બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**જુલાઈ-૨૦૨૩**

ઝિલ હજ્જ - મુહર્રમુલ્ હરામ

હિજરી સન : ૧૪૪૫

વર્ષ : ૨૦, અંક : ૦૭, સળંગ અંક : ૨૩૪

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


**: માનદ તંત્રી :**

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | હુઝૂર મુફતીયે આ'ઝમ : નાઈબે ગૌષે આ'ઝમ رضی اللہ عنہ | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 15 |
| 04 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ علیہ | 16 |
| 05 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૧) | 19 |
| 06 | તઝકેરતુલ અવલિયા હઝરત અહમદ હર્બ رحمۃ اللہ علیہ | 22 |
| 07 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 24 |
| 08 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 27 |
| 09 | તા'ઝીમે નબી صلی اللہ علیہ وسلم | 30 |
| 10 | સૈયદ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہ ઈલ્મવાળાઓની દષ્ટિએ | 35 |
| 11 | નકારાત્મક વિચારધારાની બુરી અસરો | 38 |
| 12 | અહલે બયતથી મહોબ્બત અને તેનો બદલો | 42 |
| 13 | યુનિવર્સિટીની વાટ લેનારા મદ્રસાના તલબા માટે | 46 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 49 |


## ✤ આજ ભી ઝિન્દા હુસૈન હે ✤

ટૂટે હુવે દિલોં કા સહારા હુસૈન હય
ડૂબે ન જો ફલક પે વો તારા હુસૈન હય

એહલે ખિરદ સમઝ ન સકે કયા હુસૈન હય
નાના કે જિસ્મે પાક કા સાયા હુસૈન હય

હોકર શહીદ ઝિંદગી યે જાવિદા મિલી
ઝિંદા થા ઔર આજ ભી ઝિન્દા હુસૈન હય


જન્નત કે ફૂલ સૈયદે કવનેન કે લિયે
ઔર ફાતેમા કી આંખકા તારા હુસૈન હય

યે ભી ખયાલ તુમકો ન આયા યઝીદીઓ
સરકારે દો જહાં કા નવાસા હુસૈન હય

ઈમાન ઔર કુફ્ર મેં નિસ્બત નહીં કોઈ
દુન્યા હે રાત ઔર સવેરા હુસૈન હય

બઝમે રસૂલે પાક મેં દેખા હે ''રાઝ''ને
સરકાર હે ચરાગ ઔર ઉજાલા હુસૈન હય

ઉર્સ : ૧૪ મુહર્રમ



# હુઝૂર મુફ્તીયે આ'ઝમ : નાઈબે ગૌષે આ'ઝમ رضی اللہ عنہ

તંત્રી લેખ

શાહઝાદએ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ મુજદ્દિદ ઈબ્ને મુજદ્દિદ, હુઝૂર મુસ્તફા રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہની પાકીઝા જાતની ગણના સમયના મહાન ઉલમા તથા બુઝુર્ગો થકી (મુરીદો થકી નહીં !) ગૌષે ઝમાં, કુત્બે ઝમાં આરિફ બિલ્લાહમાં કરવામાં આવી છે. આપ તક્વા તથા પરહેઝગારી, ખૌફે ખુદા, ઈલ્મો ફઝ્લથી સજ્જ હતા. ફતાવા નવેશીમાં આપની શાન એ હતી કે આપને "મુફતીયે આ'ઝમે હિંદ"ના લકબથી નવાઝવામાં આવ્યા. આપની વિલાયત તથા આપની શરીઅત પર પાબંદી તથા આપના કમાલો, આપના ઈશ્કે રસૂલ તથા તાઝીમે રસૂલ તથા તા'ઝીમે આલે રસૂલ તથા કરામતો વિશે ઉલમા તથા બુઝુર્ગોએ કિતાબોમાં ઘણી વાતો લખેલી છે. અત્રે એ લખાણોમાંથી કેટલાક વાતો રજૂ કરીને એક મહાન વલીની બારગાહમાં ખિરાજે અક્દીદત પેશ કરીએ છીએ.

## ★ આપ નાઈબે ગૌષ આ'ઝમ છે ! ★

બક્રીયતુસ્સલફ હઝરત મૌલાના અશશાહ હાજી મુબીનુદ્દીન સાહબ ક્રિબ્લા રઝવી અમરોહવી رحمۃ اللہ علیہ લખે છે કે બરેલી શહેરમાં નવાબ રાહતજાન સાહબ રહે છે. એ બુઝુર્ગાને કિરામથી બેહદ અક્દીદત ધરાવે છે. એકવાર નવાબ સાહબે મને ખુદ વર્ણવ્યું, મારા દિલમાં એ આરઝૂ હતી કે હું કોઈ ખાસ ગૌષે આ'ઝમ رضی اللہ عنہના જાનશીનથી બયઅત થઈશ જે આ દૌરમાં ગૌષે આ'ઝમ رضی اللہ عنہની હરતી ફરતી તસ્વીર હોય. જેના તક્વા તથા તહારતથી ગૌષે આ'ઝમ رضی اللہ عنہની યાદ તાજી થતી હોય. જેના બયાનના અંદાઝથી ગૌષ પાક رضی اللہ عنہનો અંદાઝ મળતો હોય, જેની વઅઝ તથા નસીહતથી ગૌષે રબ્બાની મોહ્યુદ્દીન શયખ અબ્દુલ ક્રાદિર જીલાની رضی اللہ عنہ જેવી અસર પડતી હોય, જેના સીનામાં ગૌષે આ'ઝમ رضی اللہ عنہ જેવો ઈશ્કે રસૂલ તડપી રહ્યો હોય. એ વખતે મારી નજરમાં અમુક બુઝુર્ગ હસ્તીઓ હતી. સૌથી ઉપલા ક્રમમાં હુઝૂર મુફતીએ આ'ઝમ رضی اللہ عنہ હતા તથા અન્ય બુઝુર્ગ પણ હતા, પણ હું સંતુષ્ઠ ન થઈ શક્યો કે સાચા અર્થમાં જાનશીને ગૌષે આ'ઝમ કોણ છે. પણ મારા સીનામાં મચલી રહેલા જઝબાત હતા, ઉઠી રહેલી તમન્નાઓ હતી, હસરત તથા ઉદાસીનતામાં ડૂબેલુ દિલ ગૌષે આ'ઝમ رضی اللہ عنہના જાનશીનને શોધતુ રહેતુ હતું, એ જ અસમંજસ અને એ જ શોધખોળમાં લાગેલુ રહેતું કે મને નાઈબે ગૌષુલવરા મળી જાય. ત્યાં સુધી કે હું જાનશીને ગૌષે આ'ઝમની તલાશમાં બગદાદ શરીફ પહોંચ્યો. બગદાદની ગલીઓમાં દીવાનાવાર ચક્કર મારતો, બગદાદના વાતાવરણમાં મસ્તાના ચાલ ચાલતો કેવળ ગૌષે આ'ઝમ رضی اللہ عنہના જાનશીનને તલાશ કરવામાં ખોવાયેલો રહેતો. જ્યારે ખાનકાહે ગૌષમાં પહોંચ્યો તો દરગાહ શરીફના એક સજ્જાદાનશીન જે ખરેખર મારી નજરમાં જાનશીને ગૌષુલવરા લાગતા હતા. મેં ચાહ્યું કે તેમના દસ્તે હક્ક્ પરસ્ત પર બયઅતનો શરફ હાંસલ કરી લઉં. પણ પછી ન જાણે શાથી મારી અંદર એક ખટકો જાણે મેહસૂસ થયો અને દિલમાં એના પ્રતિ જે આરઝૂઓનો ચિરાગ રોશન થઈ ચૂક્યો હતો તે એકાએક ગુલ થઈ ગયો. મારા દિલની અંજુમનમાં મહોબ્બતનો ખૂણો ઠંડો પડી ગયો. મારી

www.barkatekhwaja.net

ઉલ્ફતના ઝખ્મોનું બંધન તૂટી ગયું. દિલની ખીલેલી કળી મુરઝાવા માંડી. પણ યાદ રાખશો કે ગમની ચોટ ઉભરાય છે તો આપોઆપ રહમતનુ વાદળ તેની હિફાઝત કરે છે. સારાંશ કે દિલની એ ખટકના કારણે મેં મારો બયઅતનો ઈરાદો ત્યજી દીધો.

છેવટે દિલની બેકરારી હદથી વધવા લાગી તો મારી આરઝૂઓની શમ્અને રોશન કરવાના માટે સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہનો રહમતનો દરિયો જોશમાં આવી જ ગયો અને અચાનક મારી ઉપર ઊંઘની તંદ્રાની કેફિયત છવાઈ ગઈ. ખ્વાબની હાલતમાં શું જોઉં છું કે સરકારે દો જહાં મહબૂબે ખુદા صلی اللہ علیہ وسلم આગળ આગળ ચાલી રહ્યા છે તેમની પાછળ પાછળ સૈયદના ગૌષ પાક رضی اللہ عنہ છે. તેમની પાછળ સૈયદના હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ છે. મારી જીભેથી અનાયાસે નીકળ્યું, પ્યારા ગૌષ ! અત્યારે દુનિયામાં આપનો જાનશીન કોણ છે ? હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું કે તારા જ શહેર બરેલીમાં તો મારો જાનશીન છે ! મારાથી છતાંય ન રહેવાયુ અને મેં અર્ઝ કરી કે હુઝૂર ! કોણ છે ?

સૈયદના ગૌષ પાક رضی اللہ عنہએ સરકાર મુફતીએ આ'ઝમ رضی اللہ عنہની તરફ ઈશારો કરીને ફર્માવ્યું કે જો ! આ જ તો છે મારો નાઈબ ! મેં મારી અજ્ઞાનતા પર બેહદ અફસોસ કર્યો, અને પછી મેં બરેલીનો જ સફર શરૂ કરી આપ્યો. બરેલીની ભૂમિ પર પહોંચીને આકાએ નેઅમત હુઝૂર મુફતીયે આ'ઝમે હિંદ رضی اللہ عنہની બારગાહે આલિયામાં હાજર થયો તો એ વખતે સરકાર મુફતીયે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ એકદમ ફર્માવ્યું, કહો મિયાં નવાબ સાહબ ! ક્યાં ક્યાં ઘુમીને આવ્યા ? શું શું જોયું ? હઝરતની આ થોડી વાતો સાંભળીને હું અચંબામાં પડી ગયો અને અચાનક મારી આંખોએથી આંસુઓ નીકળી આવ્યાં. તરત જ મેં સરકાર મુફતીયે આ'ઝમ رحمۃ اللہ علیہના દસ્તે હક્ક પરસ્ત પર બયઅતનો શરફ હાંસલ કર્યો. કદાચ આ જ પ્રસંગ માટે કોઈએ કહ્યું છે :

*દિલોંકી બાત નિગાહોંકે દરમિયાન પહોંચી – કહાં ચિરાગ જલા, રોશની કહાં પહોંચી*

*(મકાલાતે નઈમી, ૧/૨૦,૨૧)*

પ્યારી દીની ભાઈઓ ! આ નૂરાની બનાવ પરથી સ્પષ્ટપણે જાણવા મળ્યું કે હુઝૂર મુફતીયે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ નાઈબે ગૌષે આ'ઝમ છે.

## ★ મુફતીએ આ'ઝમ અને ઈશ્કે રસૂલ صلی اللہ علیہ وسلم ★

મશહૂર આલિમે દીન હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી رحمۃ اللہ علیہ લખે છે : ઈસ્લામી જગતની લોકપ્રિય તથા મહત્વની શખ્સિયતો પર નજર નાખશો તો ઈશ્કે રસૂલના પ્રકરણમાં મુફતીયે આ'ઝમ رحمۃ اللہ علیہનું નામ મુબારક તરી આવતુ રોશન જોવા મળશે. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ મહબ્બતે રસૂલની એક જીવતી જાગતી તસ્વીર છે. કેટલો ખુશનસીબ છે તે જેણે ઈશ્કે મુસ્તફાને મુસ્તફા રઝાના પયકરમાં ચાલતાં ફરતાં ઉઠતાં બેસતાં જોઈ લીધેલ છે.

રસૂલે બત્હા صلی اللہ علیہ وسلمના આશિકે ઝારનો હાલ નીચેના લખાણમાં જુઓ, અનોખા તથા નિરાળા અંદાઝમાં નિસ્બતના એહતેરામનો હસીન મંઝર પણ જુઓ : હજના સફરમાં જ્યારે આપ ગારે ષૌરની ઝિયારત બાદ હેરાની પાસે પહોંચ્યા તો પોતાનો અમામા મુબારક, જબ્બો, સદરી, કુર્તો સૌ ઉતારીને જમીન પર રાખી દીધાં. એ વખતે ઈશ્કની તપીશથી આપનું દિલ તપેલુ હતું અને આંખોથી આંસુ વહેતાં હતાં. ગુફામાં તશરીફ



www.barkatekhwaja.net

લઈ ગયા અને તેની પાક માટી શરીર પર ઘસવા લાગ્યા અને તેનાં રજકણોથી પોતાની પેશાનીને એ રીતે ચમકાવી કે આકાશ ગંગાનો જમાલ, સૂર્યનાં કિરણો અને ચંદ્રનું મોતીઓ લૂટાવવું પણ તેના જગમગાટ પર કુર્બાન થવા લાગ્યાં. અને જ્યારે આકા કરીમ મુસ્તફા રહીમ ﷺના મઝારે પુર અન્વાર પર મવાજહે અકદસમાં પેશ કરવાની સઆદત નસીબ થઈ તો હરમ શરીફના ખાદિમથી ઝાડુ લઈને દુરૂદ શરીફ પઢતાં પઢતાં એ મુબારક ભૂમિને વાળી. એ વખતે આપના શોખનો જઝબો, કૈફ તથા સુરૂર (ખુશી) બયાનથી બહાર છે. એક મુદ્દતથી સૂતેલી આરઝૂ આજે જાગી ઉઠી હતી, દિલમાં ખુશીની કળીઓ ખીલી ઉઠી હતી અને મુરાદો બર આવી હતી. જેને આપે પોતાની નઅતે પાકમાં નઝમ ફર્માવ્યું છે :

*ખુદા ખૈરસે લાએ વો દિન ભી નૂરી – મદીને કી ગલિયાં બુહારા કરું મૈં*
*તેરા ઝિક્ર લબ પર ખુદા દિલ કે અંદર – યૂં હી ઝિંદગાની ગુઝારા કરું મૈં*
*દમે વાપસી તક તેરે ગીત ગાઉં – મુહમ્મદ મુમજ્જદ પુકારા કરું મૈં*
*હબીબે ખુદાકા નઝારા કરું મૈં – દિલો જાન ઉન પર નિષારા કરું મૈં*

*(હિજાઝ જદીદ, મુફતીએ આ'ઝમ નંબર પંજ–૯૨)*

## ★ મુફતીએ આ'ઝમ અને સાદાતનું સન્માન ★

હૈદ્રાબાદનો બનાવ છે કે મક્કા મસ્જિદનો અઝીમુશ્શાન ઈજલાસ જેમાં લગભગ સાઈઠ હજાર મુસલમાનોનો ઈજતેમા હતો અને વળી દરેક દિલમાં મુફતીયે આ'ઝમ رحمۃ اللہ علیہની ઝિયારતની તમન્ના હતી અને એવામાં સાદાતે કિરામનું હુઝૂર મુફતીયે આ'ઝમ رحمۃ اللہ علیہને ગુઝારિશ કરવું કે આપ કમસે કમ ખુરશી પર બિરાજમાન થઈ જાવ જેથી દીદાર માટે આતુર લોકોની તમન્નાઓ પૂરી થઈ જાય. આ તે મન્ઝર છે જેને ભૂલાવી નથી શકાતો. પણ એ દશ્યોથી અધિક ભૂલાવી ન શકવાને પાત્ર હુઝૂર મુફતીયે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો એ જવાબ છે જે હુઝૂર મુફતીયે આઝમ رحمۃ اللہ علیہએ પોતાની ફયઝ વેરતી ઝબાનથી ફર્માવ્યો હતો કે, "આલે રસૂલ નીચે હોય અને હું ખુરશી પર બેસું એ મને કદી માન્ય નથી." અદબપૂર્ણ બાબતને અગ્રતા આપીને આપે એક અધિક દીવાનગીનો પાયો નાખ્યો, જેણે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ અને હઝરત મૌલા અલી શેરે ખુદા رضی اللہ عنہماના પાકીઝા જઝબાની યાદ તાજી કરી આપી.

હૈદ્રાબાદી આશ્ચર્યમાં ડૂબી ગયા, તેમના દિલોમાં ઈશ્કે રસૂલની શમ્અ ફરોઝાં થવા લાગી અને પૂરો મજમો મહોબ્બતના નશામાં સરશાર (ચૂર) દેખાવા લાગ્યો. *(હવાલો : ઉપર મુજબ, પેજ–૬૧, અન્વારે મુફતીએ આ'ઝમ, પેજ–૬૩)*

## ★ આલે રસૂલની તાઝીમનો અજીબો ગરીબ બનાવ ★

હુઝૂર બેહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મૌલાના મુફતી અબ્દુલ મન્નાન સાહબ કિબ્લા આઝમી رحمۃ اللہ علیہ (માજી શયખુલ હદીષ જામિઆ અશરફિયા–મુબારકપુર) લખે છે :

હુઝૂર હાફિઝે મિલ્લત علیہ الرحمۃ والرضوان નવા બાંધકામની સંગે બુન્યાદના પ્રસંગે એક ઓલ ઈન્ડિયા તાલીમી કોન્ફ્રન્સનું એલાન કરી ચૂક્યા હતા. કોન્ફ્રન્સ થઈ અને અજોડ થઈ. એમાં દીન પરવરીની રીતે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ તથા હઝરત મૌલાના સૈયદ આલે મુસ્તફા علیہ الرحمۃ والرضوان પણ શરીક થયા.

કેટલાક અકીદતમંદોએ કિછોછા શરીફમાં અશરફી ખાનદાનની બીજી શાખ (બસ્ખારીવાળા)ના સજ્જાદાનશીન બાબુ મિયાંને શરીક થવાની દાવત આપી તો તે પણ શરીક થયા.

દેવબંદી ઉલમાની વિરૂધ્ધ અરબ તથા અજમના ઉલમાના કુફ્રના ફતવાથી આખી દુનિયા વાકેફ છે, અને આ'લા હઝરત તથા તેમના ખાનદાનને આના બારામાં હક્કની હિમાયત અને સત્યની તરફદારીમાં જે અગ્રતા હાંસલ છે તે કોઈની નજરોએથી ઓજલ નથી. હવે પરિસ્થિતિ એ છે કે બાબુમિયાં જેમના બાપદાદા પર દેવબંદીઓની તરફદારીનો ઈલ્ઝામ હતો તે આ સંગે બુન્યાદના જલસામાં શરીક થવાના મોકા પર હુઝૂર મુફતીયે આ'ઝમ رحمۃ اللہ علیہથી મુલાકાતના માટે દારુલ ઉલૂમ અશરફિયાની નીચલી મંઝિલના પશ્ચિમી રૂમમાં આવ્યા. હઝરત મુફતીયે આ'ઝમ رحمۃ اللہ علیہને સલામ કરી, મુસાફા માટે હાથ લંબાવ્યો અને જાતે ઓળખ આપી હશે અથવા કોઈએ બતાવ્યું હશે અથવા પહેલેથી હુઝૂર મુફતીયે આ'ઝમ رحمۃ اللہ علیہને ખબર હતી. સારાંશ હુઝૂર મુફતીયે આ'ઝમે હિંદે ન સલામનો જવાબ આપ્યો ન મુસાફો કર્યો, બલ્કે ફર્માવ્યું, **"સાહબ ! આપના ખાનદાનના લોકો દેવબંદી ઉલમાના સમર્થક રહ્યા છે અને તેમના (દેવબંદી ઉલમા) પર અરબ તથા અજમના ઉલમાના કુફ્રના ફત્વા છે. જો આપ પણ એ રવિશમાં તેમની જ સાથે છો તો આપની સાથે કેવી રીતે સલામ કલામ કરી શકું છું ?! જ્યારે કે હદીષ શરીફમાં એવા લોકો સાથે સંબંધ કટ કરવાનો હુકમ આવેલો છે."**

બાબુ મિયાંએ કહ્યું, "હુઝૂર ! હું દેવબંદી મોટેરાઓની તકફીર (કાફિર કહેવા)માં આખી દુનિયાના મુસલમાનોની સાથે છું !" જેથી એ જ સમયે તેમણે એ વિશે પોતાની સહીવાળુ લખાણ હુઝૂર મુફતીયે આ'ઝમ رحمۃ اللہ علیہની સમક્ષ રજૂ કરી આપ્યું.

એ વખતે લોકોએ અજીબો ગરીબ દૃશ્ય જોયું. હુઝૂર મુફતીયે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ બાબુ મિયાંને કહ્યું, સાહબઝાદા ! આપ જરા ઉભા થઈ જાવ ! ન તો બાબુ મિયાં એ સમજ્યા કે શા માટે આ હુકમ થઈ રહ્યો છે, ન મજલિસમાં બેસવાવાળા પણ કાંઈ સમજ્યા, પણ આ હુકમ પામીને બાબુ મિયાં ઉભા થયા તો હુઝૂર મુફતીયે આ'ઝમ رحمۃ اللہ علیہએ આટલી શાન તથા જલાલવાળા હોવા છતાં, આટલી અઝમત તથા તકદુસવાળા, સફેદ દાઢી તથા વૃધ્ધાવસ્થામાં પહોંચેલા છતાં એક ભર જવાનીવાળા યુવાન (બાબુ મિયાં)ના પગો બંને હાથ વડે પકડી લીધા, અશ્રુમય આંખો તેમના ચહેરા તરફ ઉઠાવીને ફર્માવ્યું, **"સાહબઝાદા ! અમે તો તમારા ગુલામ તથા નોકર છીએ ! અમારી પાસે જે કાંઈ છે તે આપના જ નાના જાનનું આપેલું છે. અમે શરૂમાં જે વર્તાવ કર્યો તે આપના જ નાના જાનના હુકમનું પાલન અને તેમના જ દીનનો પરચમ બુલંદ કરવાના માટે કર્યું."** એવું લાગી રહ્યું હતું કે એક ચાકર પોતાના માલિકના પગો પકડીને તેનાથી માફી માગી રહ્યો છે ! એ વખતે પૂરા મજમા પર રિક્કત છવાયેલી હતી અને ઉઘાડી આંખે દુનિયા જોઈ રહી હતી કે નિઃશંક ! હક્ક તથા હિદાયત, શરીઅતની પાબંદી તથા સુન્નતનુ અનુસરણ એ જ બુઝુર્ગોના દમ કદમથી છે. દુરૂદ થજો મારા રસૂલ صلی اللہ علیہ وسلم પર જેમણે ફર્માવ્યું : "જે બુરાઈ જુએ તેને પોતાના હાથ વડે ઠીક કરે." અને સલામતી થાય હુઝૂર મુફતીએ આ'ઝમ પર કે સરકાર صلی اللہ علیہ وسلمના એ હુકમ પર પૂરી જિંદગી અમલ કરીને હક્કનો રાજમાર્ગ સ્થાપી આપ્યો. *(જહાંને મુફતીયે આ'ઝમ, પેજ–૨૫૦)* આ હતો હુઝૂર મુફતીએ આ'ઝમનો ઈસ્લાહનો અંદાઝ !



www.barkatekhwaja.net

## ★ ખુશ્બુથી બતાવી આપ્યું કે કોઈ સૈયદ સાહબ છે ! ★

અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી رحمۃ اللہ علیہ લખે છે કે હુઝૂર મુફ્તીયે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ઈન્તેકાલની રાતે જ્યારે લોકો સેવા ચાકરીમાં વ્યસ્ત હતા ત્યારે એક સૈયદ સાહબ પણ ત્યાં મૌજૂદ હતા અને તે પણ ખિદમતમાં લાગેલા હતા. એવામાં અચાનક હુઝૂર મુફતીયે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ આંખ ખોલી અને ફર્માવ્યું, "અહીં કોઈ સૈયદ સાહબ છે ? મને ખુશ્બુ મેહસૂસ થઈ રહી છે !" લોકોએ અર્ઝ કરી, જી હુઝૂર ! ફલાણા સૈયદ મુહમ્મદહુસૈન સાહબ છે. આપે કહ્યું કે, "ખિદમત કરીને મને ગુનેહગાર ન બનાવો ! તમો કેવળ મારા હક્કમાં ખૈરની દુઆ કરો અને બસ !" *(હિજાઝ જદીદ મુફતીયે આ'ઝમ નંબર, પેજ-૯ર, અન્વારે મુફતીયે આ'ઝમ, પેજ-૬૪)*

પ્યારા દીની ભાઈઓ ! આ બનાવો પરથી સારી રીતે જાણી શકાય છે કે જ્યારે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہને સાદાતે કિરામથી આટલા અંશે મહોબ્બત હતી તો મહબૂબે ખુદા ﷺથી ઈશ્કો મહબ્બતનો શું આલમ રહ્યો હશે ?!

*અય ઈશ્ક તેરે સદકે જલનેસે છૂટે સસ્તે – જો આગ બુઝા દેગી વો આગ લગાઈ હૈ*

*બે ઈજાઝત જિનકે ઘરમેં જિબ્રઈલ આતે નહીં – કદરવાલે જાનતે હૈં કદર શાને અહલે બયત*

આવા તો અનેક પ્રસંગો આલે રસૂલની તાઝીમ સંબંધી કિતાબોમાં નોંધ થયેલા છે. તેમજ આપના તકવા પરહેઝગારી, સફર કે મકામ પર નમાઝોની પાબંદીના બનાવોથી પણ કિતાબો ભરેલી પડી છે જેનો અત્રે ટૂંકા લેખમાં ઉલ્લેખ કરવો શક્ય નથી. અંતમાં આપની એકાદ બે કરામતો જોતા ચાલીએ.

## ★ અલ્હાબાદ સ્ટેશન પર એક વેળાનો બનાવ ★

એક વેળા હઝરત અલ્હાબાદ સ્ટેશન પર આવ્યા અને કહ્યું કે હું અસરની નમાઝ પઢીશ. પ્લેટફોર્મ પર જ જમાઅતની વ્યવસ્થા થવા માંડી. ગાડી ઉપડવાને ફક્ત દસ મિનિટ બાકી હતી. દસ મિનિટ તો હઝરતના વુઝૂ કરવામાં જ પૂરી થઈ હતી. મુસલ્લો પાથરવામાં આવ્યો. જમાઅતવાળાઓનો બધો સામાન ગાડીમાં મૂકેલો હતો. કોની મજાલ હતી કે હઝરતને કહે કે, હઝરત ! ગાડી જઈ રહી છે ! બધા નમાઝમાં હતા અને સિગ્નલ અપાઈ ચૂક્યો હતો. એન્જિન વ્હીસલ મારતુ હતું પરંતુ ગાડી ઉપડતી ન હતી, પાછળથી ખબર પડી કે ડબ્બો ખરાબ થઈ ગયો છે. હઝરતે નમાઝ પૂરી કરી, પછીથી વઝીફો પઢવા લાગ્યા. મુસાફરો ફાટી આંખે જોઈ રહ્યા હતા. ત્યારબાદ હઝરત નમાઝથી ફારિગ થઈ ડબ્બામાં બેઠા તો હાજતમંદોની ભીડ જામી ગઈ. એક સૈયદ સાહબે જેઓ ખૂબ ગરીબ હતા અને દરેક વખતે હઝરત પાસે તાવીઝ લખાવ્યા કરતા હતા. હાલમાં જ એમનો ઈન્તેકાલ થઈ ગયો છે ખુદા એમની મગફેરત ફર્માવે. તેમણે હઝરતને તાવીઝની ફર્માઈશ કરી, હઝરતે તરત જ ફર્માવ્યું કે, ભાઈ ! કલમ (ખડિયો) કાઢો, હું સૈયદ સાહબને તાવીઝ લખી આપું. એક વાત કહેતો ચાલું કે હઝરતને સાદાતે કિરામની જેટલી અદબ (એહતેરામ) કરતા જોયા છે તેટલી અદબ (એહતેરામ) કરતો આ યુગમાં મુશ્કેલથી બીજો કોઈ જોવા મળશે. હઝરતે કહ્યું કે, સૈયદ સાહબ ! એક ગાડી તો શું, ભલે દસ ગાડીઓ છોડવી પડે પણ હું આપનો હુકમ તરછોડવાનો નથી ! આમ કહેતા કહેતા સૈયદ સાહબના માટે તાવીઝ લખવા લાગ્યા. એમને તાવીઝ લખતા જોઈને હિંદુ-મુસલમાન બધા જ રજૂઆત કરવા લાગ્યા, ભીડ જામી ગઈ. હઝરતે બધાને એક એક તાવીઝ આપ્યું. એક બાજુ ડ્રાયવર તથા ગાર્ડ પરેશાન હતા કે ગાડી કેમ ઉપડતી નથી. છેવટે ગાર્ડ સાહબે જ્યારે હઝરતને જોયા તો ત્યાં જ ઉભા થઈ ગયા અને

કહેવા લાગ્યા કે, ભાઈઓ ! જ્યાં સુધી આ બાબા તાવીઝ આપવાનું બંધ નહીં કરે ત્યાં સુધી ગાડી ઉપડવાની નથી. છેલ્લે હઝરતે જેવો ખડિયો (કલમ) મૂકાવી દીધો કે અન્જિન પણ દુરુસ્ત અને ડબ્બો પણ ઠીકઠાક થઈ ગયો. મર્દે મો'મિનની નિગાહથી ન જાણે કેટલાયે ઈન્કિલાબ પેદા થાય છે. એમની નિગાહની જુંબિશથી જમાનાની રફતાર રોકાય જાય છે તો આ તો ફક્ત એક ગાડી હતી.

## ★ નમાઝને કારણે ગાડી છોડી દીધી ★

એક વખત અલ્હાબાદથી અકોલા જઈ રહ્યા હતા. રસ્તામાં મગરિબની નમાઝનો વખત થયો. એ ડબ્બામાં બીજા કેટલાક મુસલમાનો હઝરતની સાથે બેઠા હતા. જેઓ એમની સાથે જઈ રહ્યા હતા. એમાં બે બદ્અકીદા મુસલમાનો કોટ પાટલુન પહેરી બેઠા હતા. હઝરતે પૂછયું કે હવે ગાડી ક્યાં ઉભી રહેશે ? મગરિબની નમાઝનો વખત થઈ ગયો છે અને હું નમાઝ પઢીશ. એ સમયે ગાડી એક સ્ટેશન પર ઉભેલી જ હતી. લોકોએ (સાથેના મુસાફિરોએ) કહ્યું કે આ મેલગાડી છે, ઘણી વાર પછી થોભશે. હઝરતે કહ્યું કે તો પછી નમાઝ કઝા થઈ જશે, કેમ અહીંયા જ ન પઢી લેવામાં આવે ? એક સાહબે જેઓ મોર્ડન મુસલમાન હતા એમણે કહ્યું કે, ચાલુ ગાડીમાં જ નમાઝ પઢી લે જો, શા માટે ગાડીમાંથી નીચે પ્લેટફોર્મ પર ઉતરો છો ?! તમારી નમાઝની રાહ ગાડી જોવાની નથી. બસ ! તે ભાઈનું એટલું જ કહેવું હતું કે હઝરત જલાલમાં આવી ગયા. હઝરતે ફર્માવ્યું કે જો મારી નમાઝની રાહ ગાડી જોવાની નથી તો શું થઈ ગયું ! ખુદા હાફિઝ !

આમ કહેતા કહેતા ગુસ્સામાં આવીને હઝરત મુસલ્લો અને લોટો લઈને પ્લેટફોર્મ પર ઉતરી પડયા, હઝરતની સાથે જેઓ હતા તે બધા જ ઉતરી પડયા. હઝરતે વુઝૂ કર્યું, મગરિબની નમાઝની જેવી નિય્યત બાંધી કે ગાડી ઉપડી ગઈ. હઝરતનો બધો સામાન તેમજ સાથવાળાઓનો સામાન ગાડીમાં રહી ગયો હતો. જ્યારે ગાડી ઉપડવા લાગી તો કોઈએ જ ડબ્બામાંથી મજાક ઉડાવી બોલવા માંડયું કે, મિયાંની ગાડી ગઈ ! મિયાંની ગાડી ગઈ ! પરંતુ એ બદ્નસીબને ક્યાં ખબર હતી કે એ કોણ છે ? જમાઅતથી નમાઝ પઢવામાં આવી, નફ્લો પઢવામાં આવી તો જોયું કે પ્લેટફોર્મ ખાલી હતું. લોકો હઝરતને જોઈ રહ્યા હતા અને એકબીજા સાથે વાતો કરતા કહી રહ્યા હતા કે, જુઓ ! મૌલાના સાહબ નમાઝ માટે ગાડીમાંથી નીચે ઉતર્યા અને ગાડી ચાલી ગઈ ! પરંતુ હઝરત એટલા બધા સંતુષ્ઠ હતા કે જાણે કંઈ બન્યું જ નથી. પરંતુ લોકો પરેશાન હતા કેમ કે એમનો બધો સામાન ગાડીમાં હતો. હજુ આમ વિચારતા હતા એટલામાં જોયું તો સામેથી ગાર્ડ સાહબ હાથમાં બત્તી લઈને દોડતા આવી રહ્યા હતા, એમની સાથે ઘણા પેસેન્જરો પણ દોડતા આવતા હતા. ગાર્ડે આવીને કહ્યું કે, હઝરત ! ગાડી રોકાય ગઈ છે. હઝરતે પૂછયું કે ગાડી રોકાય ગઈ છે કે એન્જિન ખરાબ થઈ ગયું છે. ગાર્ડ કરગરી કહેવા લાગ્યો કે હઝરત એન્જિન જ ચાલતુ નથી, અમારાથી મોટી ગુસ્તાખી થઈ છે, અમને માફ કરી દો. આ મેલગાડી (એક્ષપ્રેસ) છે. અમે થોભાવી શક્તા ન હતા, અમે મજબૂર હતા. હઝરતે કહ્યું કે, નહીં ! મારા ડબ્બામાં એક નામનો મુસલમાન બેઠો છે તે કહેતો હતો કે શું નમાઝ માટે ગાડી રાહ જોવાની છે ? સ્ટેશન માસ્તરે કહ્યું કે હવે બીજું એન્જિન લગાડવું (જોડવું) પડશે. હઝરતે કહ્યું કે જો ગાડી પાછી લાવો તો એન્જિન ચાલશે. ત્યારબાદ એ પ્રમાણે કરવામાં આવ્યું, ગાડી પાછી લાવવામાં આવી એટલે એન્જિનની ખરાબી દૂર થઈ ગઈ. પરંતુ આ દરમ્યાન ગાડી ૪૫ મિનિટ લેટ પડી. ગાડીમાંના તમામ મુસાફરોને આ વાતથી હેરત થઈ. કંઈક નસીહત પણ મળી. પેલા બંને મોડર્ન મુસલમાનોની આંખો ઉઘડી ગઈ હતી, હઝરતને જોઈને માફી માગી. હઝરતે એમને માફ કર્યા. આ બનાવથી ઈસ્લામની હક્કાનિયતનો અંદાજો લગાડી એક શીખ ઈમાન લાવ્યો. *(કરામતે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, અઝ : રાઝ ઈલાહાબાદી)*



## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ માઈદાની તફસીર

આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

يَوْمَ يَجْمَعُ اللّٰهُ الرُّسُلَ فَيَقُوْلُ مَاذَآ اُجِبْتُمْ ؕ قَالُوْا لَا عِلْمَ
لَنَا ؕ اِنَّكَ اَنْتَ عَلَّامُ الْغُيُوْبِ ﴿۱۰۹﴾ اِذْ قَالَ اللّٰهُ يٰعِيْسَى ابْنَ
مَرْيَمَ اذْكُرْ نِعْمَتِيْ عَلَيْكَ وَ عَلٰى وَالِدَتِكَ ۘ اِذْ اَيَّدْتُّكَ بِرُوْحِ
الْقُدُسِ ۟ تُكَلِّمُ النَّاسَ فِي الْمَهْدِ وَ كَهْلًا ۚ وَ اِذْ عَلَّمْتُكَ
الْكِتٰبَ وَ الْحِكْمَةَ وَ التَّوْرٰىةَ وَ الْاِنْجِيْلَ ۚ وَ اِذْ تَخْلُقُ مِنَ
الطِّيْنِ كَهَيْـَٔةِ الطَّيْرِ بِاِذْنِيْ فَتَنْفُخُ فِيْهَا فَتَكُوْنُ طَيْرًۢا بِاِذْنِيْ
وَ تُبْرِئُ الْاَكْمَهَ وَ الْاَبْرَصَ بِاِذْنِيْ ۚ وَ اِذْ تُخْرِجُ الْمَوْتٰى بِاِذْنِيْ ۚ
وَ اِذْ كَفَفْتُ بَنِيْٓ اِسْرَآءِيْلَ عَنْكَ اِذْ جِئْتَهُمْ بِالْبَيِّنٰتِ فَقَالَ
الَّذِيْنَ كَفَرُوْا مِنْهُمْ اِنْ هٰذَآ اِلَّا سِحْرٌ مُّبِيْنٌ ﴿۱۱۰﴾ وَ اِذْ
اَوْحَيْتُ اِلَى الْحَوَارِيّٖنَ اَنْ اٰمِنُوْا بِيْ وَ بِرَسُوْلِيْ ۚ قَالُوْٓا اٰمَنَّا وَ
اشْهَدْ بِاَنَّنَا مُسْلِمُوْنَ ﴿۱۱۱﴾ اِذْ قَالَ الْحَوَارِيُّوْنَ يٰعِيْسَى ابْنَ
مَرْيَمَ هَلْ يَسْتَطِيْعُ رَبُّكَ اَنْ يُّنَزِّلَ عَلَيْنَا مَآئِدَةً مِّنَ
السَّمَآءِ ؕ قَالَ اتَّقُوا اللّٰهَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿۱۱۲﴾ قَالُوْا نُرِيْدُ
اَنْ نَّاْكُلَ مِنْهَا وَ تَطْمَئِنَّ قُلُوْبُنَا وَ نَعْلَمَ اَنْ قَدْ صَدَقْتَنَا وَ
نَكُوْنَ عَلَيْهَا مِنَ الشّٰهِدِيْنَ ﴿۱۱۳﴾ قَالَ عِيْسَى ابْنُ مَرْيَمَ
اللّٰهُمَّ رَبَّنَآ اَنْزِلْ عَلَيْنَا مَآئِدَةً مِّنَ السَّمَآءِ تَكُوْنُ لَنَا عِيْدًا

જે દિવસે અલ્લાહ રસૂલોને એકઠા કરશે,[૫૬] પછી ફર્માવશે, ''તમને શું જવાબ મળ્યો ?''[૫૭] વિનવશે, ''અમને કશી જાણ નથી, બેશક ! તું જ છે સર્વ ગૈબોનો જાણનાર''[૫૮] (૧૦૯) જ્યારે અલ્લાહ ફર્માવશે, ''હે મરયમના પુત્ર ઈસા ! તારા પર અને તારી મા પર[૫૯] મારો ઉપકાર યાદ કર જ્યારે મેં પવિત્ર રૂહથી તારી મદદ કરી,[૬૦] તું પારણામાં(થી જ) લોકો સાથે વાતો કરતો,[૬૧] અને પાકી વયે થઈને[૬૨] (પણ) અને જ્યારે મેં તને શિખવાડી કિતાબ અને હિકમત[૬૩] અને તવરાત અને ઈન્જીલ. અને જ્યારે તું મારા હુકમથી માટીમાંથી પક્ષી જેવો આકાર બનાવતો. પછી તેમાં ફૂંક મારતો તો તે ઉડવા માંડતુ.[૬૪] મારા હુકમથી. અને તું જન્મજાત આંધળાને અને સફેદ ડાઘ (કોઢ)વાળાને મારા હુકમથી સારૂં કરી દેતો. અને જ્યારે તું મરેલાઓને મારા હુકમથી જીવતાં કાઢતો.[૬૫] અને જ્યારે મેં બની ઈસરાઈલને તારાથી રોક્યા,[૬૬] જ્યારે તું તેમની પાસે સ્પષ્ટ નિશાની લઈને આવ્યો તો તેમનામાંના કાફિરો બોલ્યા, ''આ તો[૬૭] નથી પણ ખુલ્લો જાદુ'' (૧૧૦) અને જ્યારે મેં હવારીઓ[૬૮]ના હૃદયમાં નાખ્યું કે મારા પર અને

لِّاَوَّلِنَا وَ اٰخِرِنَا وَ اٰيَةً مِّنْكَ ۚ وَ ارْزُقْنَا وَ اَنْتَ خَيْرُ
الرّٰزِقِيْنَ﴿١١٤﴾ قَالَ اللّٰهُ اِنِّيْ مُنَزِّلُهَا عَلَيْكُمْ ۚ فَمَنْ يَّكْفُرْ بَعْدُ
مِنْكُمْ فَاِنِّيْۤ اُعَذِّبُهٗ عَذَابًا لَّاۤ اُعَذِّبُهٗۤ اَحَدًا مِّنَ الْعٰلَمِيْنَ﴿١١٥﴾ وَ
اِذْ قَالَ اللّٰهُ يٰعِيْسَى ابْنَ مَرْيَمَ ءَاَنْتَ قُلْتَ لِلنَّاسِ
اتَّخِذُوْنِيْ وَ اُمِّيَ اِلٰهَيْنِ مِنْ دُوْنِ اللّٰهِ ؕ قَالَ سُبْحٰنَكَ مَا
يَكُوْنُ لِيْۤ اَنْ اَقُوْلَ مَا لَيْسَ لِيْ ۗ بِحَقٍّ ؕ اِنْ كُنْتُ قُلْتُهٗ فَقَدْ
عَلِمْتَهٗ ؕ تَعْلَمُ مَا فِيْ نَفْسِيْ وَ لَاۤ اَعْلَمُ مَا فِيْ نَفْسِكَ ؕ اِنَّكَ
اَنْتَ عَلَّامُ الْغُيُوْبِ﴿١١٦﴾ مَا قُلْتُ لَهُمْ اِلَّا مَاۤ اَمَرْتَنِيْ بِهٖۤ اَنِ
اعْبُدُوا اللّٰهَ رَبِّيْ وَ رَبَّكُمْ ۚ وَ كُنْتُ عَلَيْهِمْ شَهِيْدًا مَّا دُمْتُ
فِيْهِمْ ۚ فَلَمَّا تَوَفَّيْتَنِيْ كُنْتَ اَنْتَ الرَّقِيْبَ عَلَيْهِمْ ؕ وَ اَنْتَ
عَلٰى كُلِّ شَيْءٍ شَهِيْدٌ﴿١١٧﴾ اِنْ تُعَذِّبْهُمْ فَاِنَّهُمْ عِبَادُكَ ۚ وَ اِنْ
تَغْفِرْ لَهُمْ فَاِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ﴿١١٨﴾ قَالَ اللّٰهُ هٰذَا يَوْمُ
يَنْفَعُ الصّٰدِقِيْنَ صِدْقُهُمْ ؕ لَهُمْ جَنّٰتٌ تَجْرِيْ مِنْ تَحْتِهَا
الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَاۤ اَبَدًا ؕ رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَ رَضُوْا عَنْهُ ؕ
ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ﴿١١٩﴾ لِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَ مَا
فِيْهِنَّ ؕ وَ هُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ﴿١٢٠﴾

મારા રસૂલ[૬૯] પર ઈમાન લાવો. બોલ્યા, ''અમે ઈમાન લાવ્યા અને સાક્ષી રહે કે અમે મુસલમાન છીએ[૭૦] (૧૧૧) અને જ્યારે હવારીઓએ કહ્યું, ''હે ઈસા ! મરયમના પુત્ર ! શું તમારો રબ એવું કરશે કે અમારા પર આકાશમાંથી એક ભરેલો થાળ ઉતારે ?[૭૧] કહ્યું, અલ્લાહથી ડરો જો ઈમાન ધરાવતા હોવ[૭૨] (૧૧૨) બોલ્યા, ''અમે ઈચ્છીએ છીએ[૭૩] કે તેમાંથી ખાઈએ અને અમારા હૃદયો સાંત્વન પકડે,[૭૪] અને અમે નજરે જોઈ લઈએ કે તમે અમને સાચું કહ્યું,[૭૫] અને અમે એના પર સાક્ષી બની જઈએ[૭૬] (૧૧૩) મરયમના પુત્ર ઈસાએ વિનંતી કરી, ''અય અલ્લાહ ! હે અમારા અબ ! અમારા પર આકાશમાંથી એક ભરેલો થાળ ઉતાર કે તે અમારા માટે ઈદ બને[૭૭] અમારા આગલા પાછલાઓની,[૭૮] અને તારા તરફથી નિશાની[૭૯] અને અમને રોજી આપ, અને તું સર્વોત્તમ રોજી દેનાર છે.'' (૧૧૪) અલ્લાહે ફર્માવ્યું કે, હું તે તમારા પર ઉતારું છું. પછી જે હવે તમારામાં કુફ્ર કરશે[૮૦] તો બેશક ! હું તેને તે અઝાબ આપીશ કે કોઈને પણ આખા જહાનમાં નહીં કરું[૮૧] (૧૧૫) અને જ્યારે અલ્લાહ ફર્માવશે,[૮૨] ''હે મરયમના પુત્ર ઈસા ! શું તેં લોકોને કહી રાખ્યું હતું કે અલ્લાહ સિવાય મને અને મારી માંને બે ખુદા બનાવી લો ?[૮૩] (ઈસા) વિનંતી કરશે, ''તને પવિત્રતા છે,[૮૪] મને યોગ્ય નથી કે તે વાત કહું જે (કહેવાનો અધિકાર) મને નથી પહોંચતો,[૮૫] જો મેં એવું કહ્યું હોય તો જરૂર તને ખબર હશે, તું જાણે છે જે મારા જીવમાં છે, અને હું નથી જાણતો જે તારી જાણમાં છે, બેશક ! તુ જ બધા ગૈબોને ખૂબ જાણનાર[૮૬] (૧૧૬) મેં તો તેમને નથી કહ્યું પણ તે જ જે તેં મને હુકમ

આપ્યો કે પૂજો (તેને) જે મારો પણ રબ અને તમારો પણ રબ. અને હું તેમના પર માહિતગાર હતો જ્યાં સુધી હું તેમનામાં રહ્યો, પછી જ્યારે તેં મને ઉઠાવી લીધો[૮૭] તો તું જ તેમના પર નજર રાખતો હતો, અને દરેક વસ્તુ તારી સામે પ્રત્યક્ષ છે[૮૮] (૧૧૭) જો તું તેમને અઝાબ (શિક્ષા) કરે તો તેઓ તારા બંદા છે, અને જો તું તેમને માફ કરી દે તો બેશક ! તું જ ગાલિબ હિકમતવાળો (છે)[૮૯] (૧૧૮) અલ્લાહે ફર્માવ્યું કે, "આ[૯૦] (છે) દિવસ જેમાં સાચાઓને[૯૧] તેમનું સત્ય કામ લાગશે, તેમના માટે બગીચાઓ છે જેમની નીચે નહેરો વહે, હમેશાં હમેશ તેમાં રહેશે, અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી, આ છે મહાન સફળતા (૧૧૯) અલ્લાહ માટે જ છે આકાશો અને જમીન અને જે કંઈ એમનામાં છે તે બધાનું રાજ્ય, અને તે દરેક વસ્તુ પર શક્તિમાન છે[૯૨] (૧૨૦)

## :: સમજૂતી ::

**૫૬** : એટલે કે કયામતના દિવસે.

**૫૭** : અર્થાત જ્યારે તમે પોતાની ઉમ્મતોને ઈમાનનું નિમંત્રણ આપ્યું ત્યારે તેમણે તમને શું જવાબ આપ્યો ? આવું પૂછવામાં નહીં માનનારાઓને ધમકી છે.

**૫૮** : નબીઓના આ જવાબ તેમના કમાલ દરજ્જાની અદબને જાહેર કરે છે કે તેઓ અલ્લાહના ઈલ્મ સમક્ષ પોતાની જાણકારીને જરા પણ દૃષ્ટિમાં નહીં લાવે અને ઉલ્લેખ પાત્ર નહીં સમજે, અને મામલો અલ્લાહના ઈલ્મ અને ન્યાય પર છોડી દેશે.

**૫૯** : કે મેં તને શુધ્ધ કરી અને સમગ્ર જગતની સ્ત્રીઓ પર તેણીને શ્રેષ્ઠતા આપી.

**૬૦** : એટલે કે હઝરત જિબ્રઈલ દ્વારા કે તેઓ હઝરત ઈસા علیہ السلام ની સાથે રહેતા અને કપરા સંજાગોમાં તેમની સહાય કરતા હતા.

**૬૧** : બાળપણમાં, અને એ મુઅજિઝો છે.

**૬૨** : આ આયતથી સાબિત થાય છે કે હઝરત ઈસા علیہ السلام કયામત પહેલાં (આસ્માનમાંથી) ઉતરશે. કારણ કે પાકી વય થતાં પહેલાં આપને ઉપાડી લેવામાં આવ્યા, ઉતરશે ત્યારે આપ ૩૩ વરસના યુવાનના રૂપમાં હશે, અને આયત અનુસાર વાત કરશે અને જે પારણામાં કહ્યું હતું કે "ઈન્ની અબ્દુલ્લાહ" (હું અલ્લાહનો બંદો છું) તે જ ફર્માવશે. *(જુમલ)*

**૬૩** : અર્થાત ઈલ્મના ગુઢાર્થો.

**૬૪** : એ પણ હઝરત ઈસા علیہ السلام નો મુઅજિઝો હતો.

**૬૫** : આંધળાને અને કોઢવાળાને દેખતો અને તંદુરસ્ત બનાવી દેવો, અને મુડદાંઓને કબરોમાંથી જીવતાં કરી કાઢવાં, એ બધા અલ્લાહના હુકમથી હઝરત ઈસા علیہ السلام ના મો'જિઝા હતા.

**૬૬** : આ એક વધુ નેઅમતનું બયાન છે કે **અલ્લાહ તઆલાએ હઝરત ઈસા علیہ السلام ની યહૂદીઓની શરારતથી રક્ષા કરી, જેમણે હઝરતના સ્પષ્ટ મુઅજિઝા જોઈને એમને મારી નાખવાનો ઈરાદો કર્યો. અલ્લાહ તઆલાએ આપને આસ્માન પર ઉઠાવી લીધા, અને યહૂદીઓ પોતાના આશયમાં અફળીભૂત થયા.**

**૬૭** : એટલે કે હઝરત ઈસા علیہ السلام ના મો'જિઝા.

**૬૮** : હવારી હઝરત ઈસા علیہ السلام ના અસ્હાબ આપના ખાસ લોકો છે.

**૬૯** : હઝરત ઈસા علیہ السلام પર.

**૭૦** : અંતર અને બાહયમાં નિખાલસ અને આજ્ઞાંકિત.

**૭૧** : અર્થ એ છે કે શું અલ્લાહ તઆલા એ બાબત આપની દુઆ કબૂલ કરશે ?

www.barkatekhwaja.net

૭૨ : અને પરહેઝગારી ધારણ કરો જેથી એ મુરાદ પૂરી થાય. અમુક તફસીરકારોએ કહ્યું, અર્થ એ છે કે બધી ઉમ્મતોમાં નિરાલો સવાલ કરવાથી અલ્લાહનો ડર રાખો અથવા અર્થ એ છે કે તેની કમાલની કુદરત પર શ્રદ્ધા રાખતા હોય તો એમાં શંકા ન રાખો. હવારીઓ મોમિન અને આરિફ તેમજ અલ્લાહની કુદરતને માનનાર હતા, તેમણે ઈસા علیہ السلامને કહ્યું.

૭૩ : બરકત પ્રાપ્ત કરવા માટે.

૭૪ : અને શ્રદ્ધા પાકી થાય, અને જે રીતે અમે અલ્લાહની કુદરતને દલીલ દ્વારા જાણી છે તેવી જ રીતે નજરે નિહાળીને પણ તેને પાકી કરી લઈએ.

૭૫ : બેશક ! તમે અલ્લાહના રસૂલ છો.

૭૬ : અમારી પાછળવાળાઓ માટે, હવારીઓની એ માંગણી પછી હઝરત ઈસા علیہ السلامએ તેમને ત્રીસ રોઝા રાખવાનો હુકમ આપ્યો, અને કહ્યું કે, જ્યારે તમે એ રોઝાઓથી પરવારશો ત્યારે જે દુઆ અલ્લાહ પાસે માગશો તે કૃબૂલ થશે. તેમણે રોઝા પૂરા કરીને થાળ ઉતારવાની દુઆ કરી. ત્યારે હઝરત ઈસા علیہ السلامએ ગુસ્લ કર્યું, અને જાડા કપડાં પહેર્યાં, અને બે રકઅત નમાઝ પઢયા, અને મુબારક માથુ નમાવ્યું, અને રડી રડીને તે દુઆ માગી જેનું વર્ણન આગળની આયતમાં છે.

૭૭ : એટલે કે અમે તેને ઉતરવાના દિવસને ઈદ બનાવીએ, તેની તાઝીમ કરીએ, ખુશીઓ મનાવીએ તારી ઈબાદત કરીએ, આભાર (શુક્ર) માનીએ.

**મસ્અલો : એથી એ જણાયું કે જે દિવસે અલ્લાહની ખાસ રહમત ઉતરે તે દિવસને ઈદ બનાવવી. અને જરા પણ શંકા નથી કે સૈયદે આલમ صلی اللہ علیہ وسلمની પધરામણીના દિવસે ખુશીઓ મનાવવી અને ઈબાદત કરવી તથા શુક્ર બજાવવો એ સાલિહીન (નેક લોકો)નો તરીકો છે.** અને મહાનતર નેઅમત અને શ્રેષ્ઠતમ રહમત છે. એટલે **હુઝૂર صلی اللہ علیہ وسلمના મુબારક જન્મના દિવસને ઈદ બનાવવો (ઈદે મીલાદ) અને મીલાદ શરીફ પઢીને અલ્લાહનો શુક્ર બજાવી લાવવો, અને હર્ષ ઉલલાસ જાહેર કરવો ઈચ્છનીય, ગમ્ય (ગમી જાય તેવું) અને અલ્લાહના મકબૂલ બંદાઓનો તરીકો છે.**

૭૮ : જે દીનદાર લોકો અમારા સમયમાં છે તેમની અને જે અમારા પછી આવે તેમની.

૭૯ : તારી કુદરતની અને મારી નબુવ્વતની.

૮૦ : એટલે કે થાળ ઉતર્યા પછી.

૮૧ : જેમ કે આકાશમાંથી થાળ ઉતર્યો. ત્યાર પછી **જેમણે એમનામાંથી કુફ્ર કર્યું તેઓની મુખાકૃતિ બદલીને સુવ્વરો બનાવી દેવામાં આવ્યા, અને ત્રણ દિવસમાં બધા નાશ પામ્યા.**

૮૨ : કયામતના દિવસે ઈસાઈઓને ધમકાવવા માટે.

૮૩ : આ સંબોધન સાંભળીને હઝરત ઈસા علیہ السلام ધ્રુજી ઉઠશે, અને.

૮૪ : તમામ ઐબો અને ખોટથી, અને એનાથી કે કોઈ તારો ભાગીદાર બની શકે.

૮૫ : અર્થાત જ્યારે કોઈ તારો ભાગીદાર બની શકતો નથી તો પછી હું લોકોને એવું કઈ રીતે કહી શકતો હતો.

૮૬ : ઈલ્મનો સંબંધ અલ્લાહ તઆલા સાથે જોડવો અને પરિસ્થિતિ તેને હવાલે કરી દેવી અને અલ્લાહની મહાનતા સામે પોતાની જાતને કમતર સમજવી એ હઝરત ઈસા علیہ السلامનો અદબ છે.

૮૭ : "તવફફયતની"ના શબ્દથી હઝરત ઈસા علیہ السلامના મૃત્યુ પર દલીલ કરવી ખરી નથી, કારણ કે પ્રથમ તો "તવફફા"નો શબ્દ મૃત્યુ માટે જ ચોક્કસ નથી, કોઈ વસ્તુને પૂરે પૂરી રીતે લેવાને પણ કહે છે, ભલે પછી એ મૃત્યુ વગર હોય, જેવું કે કુર્આન મજીદમાં ફર્માવ્યું છે, (અલ્લાહ પ્રાણોને પૂરી રીતે લઈ

લે છે કે તેમના મૃત્યુ સમયે, અને જે મર્યા નથી તેમને ઊંઘવામાં).

બીજું આ સવાલ જવાબ કયામતના દિવસના છે તેથી જો તવવાફનો શબ્દ મૃત્યુના અર્થમાં પણ માની લેવામાં આવે તો પણ હઝરત ઈસા علیہ السلام નું મૃત્યુ એમના પુનરાગમન પહેલાં સાબિત થઈ શકશે નહીં.

**૮૮ :** અને મારી કે તેમની, કોઈની પણ હાલત તારાથી છુપી નથી.

**૮૯ :** હઝરત ઈસા علیہ السلام ને ખબર છે કે કોમમાં અમુક માણસો કુફ્ર પર અડેલા રહ્યા, અને અમુક ઈમાનની દોલતથી માલમાલ થયા, તેથી બારગાહે ઈલાહીમાં તેમની વિનંતી છે કે તેમનામાં જે કુફ્ર પર અડેલા રહ્યા તેમના પર તું અઝાબ કરે તો તદન ખરૂં યોગ્ય અને ન્યાય તથા ઈન્સાફ છે, કારણ કે તેમણે (ખુદાઈ) દલીલ પરીપૂર્ણ થયા પછી કુફ્ર ધારણ કર્યું. અને જેઓ ઈમાન લાવ્યા તેને તું માફ કરે તો તારી કૃપા અને મહેરબાની છે. અને તારા દરેક કામમાં રહસ્યો હોય છે.

**૯૦ :** કયામતના દિવસે.

**૯૧ :** જેઓ દુનિયામાં સચ્ચાઈ પર રહ્યા, જેમ કે હઝરત ઈસા علیہ السلام.

**૯૨ :** સાચાને સવાબ આપવા પર પણ અને જૂઠાને અઝાબ કરવા પર પણ.

**મસ્અલો :** કુદરત (શક્તિ) શક્ય બાબતો સાથે સંબંધિત હોય છે, નહીં કે અનિવાર્ય આવશ્યક અને અશક્ય બાબતો સાથે. તેથી આયતનો અર્થ એ છે કે અલ્લાહ દરેક મુમકિનુલ વજૂદ (જેનું અસ્તિત્વમાં આવવું શક્ય હોય એવી બાબત પર) શક્તિમાન છે. *(જુમલ)*

**મસ્અલો :** જૂઠ વગેરે એબો અને કુબાબતો અલ્લાહ માટે અશક્ય છે, તેને શક્તિ હેઠળ બતાવવી અને આયતને આધાર બનાવવો ખોટું અને બિન પાયેદાર છે. *(ક્રમશઃ)*

પેજ નં.**૪૧** નું ચાલુ.. નેગેટિવ સોચવાળા લોકો સામાન્યતઃ ઉદાસપણુ, ગમ, ગુસ્સો, ડર, દબાવ અને તણાવ જેવી કૈફિયતોમાં સપડાય જાય છે જે દિલ તથા પેટની ખતરનાક બીમારીઓનો સબબ છે. માનસિક પ્રેશરવાળા મોટાભાગના લોકો માનસિક તણાવમાં સપડાયેલા હોય છે.

**UK**ના એક નિષ્ણાત સાયકલોજિસ્ટ (માનસ શાસ્ત્રી) ડોક્ટરનું કહેવું છે કે જે લોકો પણ મેન્ટલ હેલ્થ પ્રોમ્બલેમ્સના શિકાર થાય છે તેમનામાંથી મોટાભાગનાનું કારણ નકારાત્મક વિચારધારા (નેગેટિવ થિંકિંગ) હોય છે, તેમનો સૌથી મોટો પ્રોબ્લેમ એ જ હોય છે કે તેઓ પોતાની સાથે થનારા કેવળ નકારાત્મક રવૈયાઓને જ યાદ રાખે છે અને તે ચીજોને વિચાર્યા કરે છે પછી છેવટે આવી વ્યક્તિઓ માનસિક રીતે પ્રેશર, સ્ટ્રેસ, ડિપ્રેશન, ગભરાહટ, પઠ્ઠા (નસો)ની બીમારીઓ તથા પાગલપનના શિકાર થઈ જાય છે.

એક કામયાબ ઈન્સાનના માટે તેના ખયાલોનુ પોઝિટિવ તથા પાકીઝા હોવું અત્યંત જરૂરી છે. સારુ ગુમાન રાખવાની અને દિલો દિમાગમાં નકારાત્મક ખયાલો પેદા કરવાની મનાઈ આવેલી છે : હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે, મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું કે તમારામાંથી કદાપિ કદાપિ કોઈનું મૃત્યુ ન થાય પણ તે અલ્લાહની સાથે સારુ ગુમાન ધરાવતો હોય." *(મુત્તફિક્ અલૈહ)*

આપણે જોઈએ કે હમેશાં સકારાત્મક (પોઝિટિવ) ચિંતન તથા ખયાલોવાળા રહીએ. નેગેટિવ વિચાર તથા નેગેટિવ વિચારોવાળાથી દૂર રહીએ, નહીં તો તેમનાં નેગેટિવ વલણોથી આપણા કામો પણ પ્રભાવિત થઈ શકે છે અને તેમની નહૂસતથી આપણા હોસલા (ઉમંગો) પણ મંદ પડી શકે છે. આપણે હમેશાં એવું સમજવું જોઈએ કે સોચ ચુંબક પથ્થરની જેમ છે કે સારી સોચથી સારાં પરિણામો અને બુરી સોચથી બુરાં પરિણામો જાહેર થાય છે. *(અશ્રફિયા માહનામા–મુબારકપુર, માર્ચ/એપ્રિલ–૨૦૨૩)*

www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ્ મસાબીહ
## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત આમિર બિન રબીઆ رضی اللہ عنہ થી રિવાયત છે[૧] ફર્માવે છે કે અમે હઝરત ઉમર બિન ખત્તાબની પાછળ ફજર પઢી તો આપે એ બે રકાતોમાં ખૂબ જ આહિસ્તાથી સૂરએ યૂસુફ અને સૂરએ હજ પઢી.[૨] તેમને કહેવામાં આવ્યું કે ત્યારે તો તમો ફજર ચમકતાં જ ઉભા થઈ જતા હશો. ફર્માવ્યું, હા ![૩]" (માલિક)*

**૧.** આપ મશહૂર સહાબી છે. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ની પહેલાં ઈમાન લાવ્યા. બે હિજરતોના મુહાજિર છે. બદર તથા સર્વ ગઝવાતમાં હુઝૂર ﷺ ની સાથે રહ્યા. હિ.સ. ૩૩ અથવા ૩૫માં વફાત પામ્યા.

**૨.** એટલે કે પ્રથમ રકાતમાં પૂરી સૂરએ યૂસુફ અને બીજીમાં પૂરી સૂરએ હજ્જ, જેવું આગલા કલામથી માલૂમ પડી રહ્યું છે. અને યકીનન ! આપે સૂરએ હજનો સિજદો પણ કર્યો હશે. એની તેહકીક પહેલાં કરવામાં આવી ચૂકી છે કે હવે તરાવીહના સિવાય અન્ય નમાઝોમાં અવામની સાથે આયતે સજદા ન પઢવી જોઈએ.

**૩.** કેમ કે આટલી લાંબી સૂરતો પૂરી ત્યારે પઢી શકાય છે કે જ્યારે વધારે સમય મળે. યાદ રાખશો કે અમુક ઈમામોને ત્યાં મુસ્તહબ એ છે કે ફજર અંધારામાં શરૂ કરે અને અજવાળામાં ખત્મ કરે. આ હદીષ એમની દલીલ છે. આપણે ત્યાં શરૂ પણ અજવાળામાં કરે અને ખત્મ પણ અજવાળામાં કરે. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નું આ કૃત્ય આકસ્મિક છે અને જાઈઝ હોવાના બયાનના માટે છે.

www.barkatekhwaja.net

*"હઝરત ઉમર ઈબ્ને શોઐબ رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રિવાયત કરે છે. ફર્માવે છે કે મુફસ્સલની કોઈ નાની મોટી સૂરત એવી નથી જે મેં નબી ﷺ થી પઢતાં ન સાંભળી હોય, જેના વડે આપ ફર્ઝ નમાઝમાં લોકોની ઈમામત કરતા હતા.[૧]" (માલિક)*

**૧.** સૂરએ હુજુરાતથી સૂરએ વન્નાસ સુધી મુફસ્સલ કહેવાય છે. એટલે કે નબી કરીમ ﷺ મુફસ્સલની સર્વ સૂરતો સર્વ નમાઝોમાં પઢતા હતા, કોઈ નમાઝમાં તવાલે મુફસ્સલ, કોઈમાં અવસાત, કોઈમાં કસાર.

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉત્બા ઈબ્ને મસ્ઊદથી રિવાયત છે[૧] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ મગરિબની નમાઝમાં હા-મીમ દુખાન પઢી.[૨]" (નિસાઈ ઈર્સાલન્)*

**૧.** આપ હઝલી છે, મદની છે. અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદના ભત્રીજા છે. સામાન્યતઃ કૂફામાં રહેતા હતા. હુઝૂર ﷺ નો જમાનો પામ્યો પણ ઝિયારત ન કરી શક્યા એટલા માટે તાબઈનમાંથી છે. અને આ હદીષ મુરસલ છે, કેમ કે એમાં સહાબીનો ઉલ્લેખ નથી. **૨.** અમુકનું અથવા કુલ, બીજો અર્થ અધિક જાહેર છે. એટલે કે હુઝૂર ﷺ એ મગરિબની નમાઝમાં પૂરી સૂરએ દુખાન પઢી. અમુક પહેલી રકાતમાં અમુક બીજામાં.

★★★

# અસ્રારુલ અવલિયા

## હશ્ત બહિશ્ત

### મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અલ્ફિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ઉલમા તથા મશાઈખની ખિદમત

શયખ બદરુદ્દીન ગઝનવી, મૌલાના નિઝામુદ્દીન બદાયૂની, શયખ જમાલ હાંસવી તથા અન્ય હઝરાત ખિદમતમાં હાજર હતા. વિષય ઉલમા તથા મશાઈખ (પીરો)ની તા'ઝીમનો હતો. ફર્માવ્યું : હે દુરવેશ ! રસૂલુલ્લાહ ﷺથી રિવાયત છે અને હદીષ શરીફમાં આવેલું છે. من احب العلم والعلماء لم یکتب خطیئتہ એટલે "જેને ઈલ્મ તથા ઉલમાથી મહોબ્બત હોય તેના ગુનાહ લખવામાં નહીં આવે." મહોબ્બતની સચ્ચાઈ તેમની પયરવી (અનુસરણ) છે. જેને તેમનાથી મહોબ્બત હશે તે તેમનું અનુસરણ કરશે. અને જે એમનું અનુસરણ કરશે તેના ગુનાહ લખવામાં આવશે નહીં.

### ★ બુઝુર્ગે સ્ત્રીના ફિત્નામાં પડવાથી બચાવ્યો ★

એકવાર એક માણસ ઘરેથી એ નિય્યત સાથે રવાના થયો કે દિલ્હી જઈને ખ્વાજા કુત્બુદ્દીન અવશી رحمۃ اللہ علیہની સમક્ષ પોતાના ગુનાહોની તૌબા કરશે અને તેમના દસ્તે હક્ક઼ પરસ્ત પર બયઅત કરશે. સફર દરમિયાન એક ગાનારી સ્ત્રી પણ તેમની સાથે થઈ ગઈ. તે ગાવાવાળી એ નિય્યતે સાથે સાથે જઈ રહી હતી કે એ પુરૂષથી સંબંધ પેદા કરે. કેમ કે પુરૂષની નિય્યત સાચી હતી જેથી તેમણે તે સ્ત્રી તરફ કોઈ ધ્યાન આપ્યું, ત્યાં સુધી કે એક મંઝિલ પર પહોંચ્યા. સંજોગોવસાત એવું બન્યું કે તે મંઝિલથી તે પુરૂષ તથા ગાનારી સ્ત્રી એક જ ગાડીમાં સવાર થઈ ગયાં. તે સ્ત્રી આવીને પુરૂષની બાજુમાં બેસી ગઈ તે એ રીતે કે તેમની વચ્ચે કોઈ પર્દો કે આડ ન હતી. આ હાલતમાં પુરૂષના દિલમાં પણ તેણી પ્રતિ આકર્ષણ પેદા થઈ ગયું. તેણી સાથે વાતચીત કરી અથવા હાથ લંબાવ્યો તો તરત જ એક બુઝુર્ગને જોયા કે જે તશરીફ લાવ્યા અને એક તમાચો તેના મોઢા પર ઠોકી દીધો અને ફર્માવ્યું, તું ફલાણા પીરની ખિદમતમાં તોબાની નિય્યતથી જઈ રહ્યો છે અને આવી હરકત કરી રહ્યો છે ?! પુરૂષે તરત જ તોબા કરી અને પછી તે સ્ત્રી તરફ આંખ ઉઠાવીને ન જોયું. જ્યારે હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી قُدِّسَ سِرُّہُ الْعَزِیْز ની બારગાહમાં હાજર થયો તો પ્રથમ વાત આપે એ ફર્માવી કે અલ્લાહ કરીમ એ દિવસે તમારી ઘણી હિફાઝત ફર્માવી.

ફર્માવ્યું એકવાર એવો જ એક શખ્સ અજોધનથી તૌબાની નિય્યતે મારી પાસે આવી રહ્યો હતો. રસ્તામાં એવો સંજોગ બન્યો કે એક ફાહિશા સ્ત્રી તેની પાછળ લાગી ગઈ. તેણે પણ હાથ લંબાવવાની નિય્યત કરી લીધી. એક તમાચો એવો પડયો કે નિય્યતની ખરાબી જતી રહી. જ્યારે મારી પાસે આવ્યો તો મેં તેને કહ્યું કે અલ્લાહે તને મુસીબતથી બચાવી લીધો.

### ★ ઉલમા તથા મશાઈખથી મહોબ્બતની બરકતો ★

હે દુરવેશ ! ઉલમા તથા મશાઈખથી મહોબ્બત

એ અલ્લાહ ﷻ તથા તેના મહબૂબ ﷺથી મહોબ્બત હોય છે. જે શખ્સ સાત દિવસ ઉલમા તથા મશાઈખની ખિદમતમાં વીતાવે છે તો સાત હજાર સાલની મહોબ્બત તેના આમાલનામામાં લખી દેવામાં આવે છે.

ઈબ્લીસ લઈન દરેકને ધોકો આપી શકે છે પણ ઉલમા તથા મશાઈખના નિયાઝમંદ તેની બુરાઈથી મહેફૂઝ રહે છે. એટલા માટે ઉલમા તથા મશાઈખની મહોબ્બતથી વધીને કોઈ ફઝીલત નથી. ઉલમા તથા મશાઈખની મહોબ્બતનો એક રજકણ ગુનાહોના મોટા મોટા ઢગલાઓ સળગાવીને રાખ કરી આપે છે. પરંતુ દિલ ઉલમા તથા મશાઈખની મહોબ્બતમાં ડૂબેલ હોવું જરૂરી છે.

આ ઉલમા, અંબિયાએ કિરામ علیہم السلامના વારસદારો છે. ખુદાએ કરીમ عزوجل تعالیٰના ચહીતા બંદાઓ છે. જો એ ઉલમા તથા મશાઈખની બરકત આ દુનિયામાં ન હોત તો હજારો મુસીબતો ઈન્સાનોની નાફર્માનીઓ અને બદ્‌બખ્તીઓના કારણે આસ્માનથી નાઝિલ થાત.

સૈયુદુલ અંબિયા ﷺએ પોતાની ઉમ્મતમાંથી આ બે જમાઅતો પર ફખ્ર ફર્માવ્યો : પ્રથમ ઉલમા, બીજા મશાઈખ. કેમ કે આ હઝરત દીનના સ્તંભો છે, તો જેણે એમના દામનને પકડી લીધો તે ક્યામતના સર્વ અઝાબોથી નજાત પામશે. (દામન પકડવો એટલે એમના થકી કહેવામાં આવતી શરીઅતની વાતો પર અમલ કરવો.)

## ★ ફક઼ીહ તથા આબિદની ઈબાદત વિશે ★

હદીષ શરીફમાં આવ્યું છે કે જગતના ફક઼ીહો એવા આબિદ કરતાં બેહતર છે જે આખી રાત નમાઝ પઢે અને આખો દિવસ રોઝો રાખે. આલિમની એક દિવસની ઈબાદત આબિદની ચાલીસ વરસોની ઈબાદતના બરાબર છે કે જે આલિમ ન હોય.

ફર્માવ્યું, **જે વખતે દુનિયાથી કોઈ આલિમ અને મશાઈખ ઈન્તેક઼ાલ કરે છે તો જમીન તથા આસ્માનની દરેક ચીજ તેના પર રડે છે.** કેમ કે દુનિયાવાળાઓની જિંદગીનો આધાર ઉલમા તથા મશાઈખની મુબારક હયાત પર જ છે.

તો હજાર અફસોસ ! એ શહેર પર જ્યાં ઉલમા તથા મશાઈખનુ વજૂદે મસ્ઊદ નથી. જ્યારે આસ્માનથી બલાઓ નાઝિલ થાય છે તો એ શહેરમાં ઓછી ઉતરે છે જ્યાં ઉલમા તથા મશાઈખ મૌજૂદ હોય છે.

હઝરત શયખુલ ઈસ્લામે આ વિષયની ચર્ચા ખત્મ કરીને હુજર મુબારકમાં તશરીફ લઈ જઈને તિલાવતે કલામે પાકમાં વ્યસ્ત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

## ★ વરસાદની ઉણપનું કારણ અને તેનો ઈલાજ ★

હઝરતેવાલાની બારગાહમાં હાજરીનો શરફ હાંસલ થયો તો મૌલાના બદરુદ્દીન ગઝનવી, મૌલાના નિઝામુદ્દીન બદાયૂની, શયખ જમાલુદ્દીન હાંસવી તથા અન્ય હઝરાત મૌજૂદ હતા. હઝરતે ફર્માવ્યું : હે દુરવેશ ! હઝરત રિસાલત મઆબ ﷺએ ફર્માવ્યું, **દુનિયામાં જ્યારે કદી વરસાદની કમી થઈ તો લોકોના અમલોની બુરાઈના કારણે થઈ.** એટલા માટે વરસાદની ઉણપના જમાનામાં દુઆ તથા સદક઼ા તથા ઈબાદતમાં મશગૂલ થવું જોઈએ. અલ્લાહ તઆલા આ નેક અમલોની બરકતથી વરસાદ વરસાવી આપે છે.

## ★ અલ્લાહવાળાના ક઼દમોની બરકતથી વર્ષા વરસી ★

એકવાર એક જગાએ વરસાદ ન વરસ્યો જેથી હર્યી ભર્યી ખેતીઓ સૂકાઈ ગઈ. અને જાનદાર પાણીના એક એક ટીપા માટે તરસવા લાગ્યાં. લોકો ભેગા થઈને ખ્વાજા ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયા અને દુઆની દરખાસ્ત કરી. આપે કહ્યું, લોકો મસ્જિદમાં ભેગા થઈ જાય. હઝરત ખ્વાજાના હુકમથી સર્વ લોકો ભેગા થઈ ગયા. હઝરત મિમ્બર પર તશરીફ લાવ્યા અને વરસાદની દુઆ

www.barkatekhwaja.net

માગતાં આસ્માનની તરફ ચહેરો મુબારક કર્યો અને અર્ઝ કરી, જો આ ઈજતેમામાં કોઈ સાહિબે દિલ (અલ્લાહવાળો) બુઝુર્ગ છે તો એના કદમોની બરકતથી રહમતનો વરસાદ વરસાવી દે ! જેવી આ વાત આપે કહી કે સાત દિવસ સુધી પાણી ઓછુ ન થયું.

એકવાર દિલ્હીમાં વરસાદ ન થયો. એ વખતે દિલ્હીમાં એક બુઝુર્ગ હતા જેમનું નામ શયખ નિઝામુદ્દીન અબૂ મુઅય્યદ હતું. લોકોએ તેમની તરફ ચહેરો કર્યો. દુઆ માટે અરજ કરી. આપ મિમ્બર પર તશરીફ લાવ્યા અને દુઆ કરી, હે અલ્લાહ ! જો તેં વરસાદ ન વરસાવ્યો તો હું ક્યા મોઢે જીવતો રહીશ ! આટલું કહ્યું અને મિમ્બરથી નીચે ઉતરી પડયા. અલ્લાહે એટલો વરસાદ વરસાવ્યો કે પાણી જ પાણી ચોતરફ થઈ ગયું. હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہની તેમની સાથે મુલાકાત થઈ તો આ બાબતે પૂછયું, મને તો આપનાથી ઘણી અક઼ીદત હતી અને જાણતો હતો કે હઝરતે હક્ક઼માં આપને મક઼ામે નિયાઝ હાંસલ છે. પરંતુ આપે એવું શું કહ્યું કે, હે ખુદા ! જો તેં વરસાદ ન વરસાવ્યો તો હું કેવી રીતે જીવતો રહીશ ?! ખુદા ન ખ્વાસ્તા જો તે વરસાદ ન વરસાવત તો તમે શું કરતા. શયખ નિઝામુદ્દીન મુઅય્યદ رحمۃ اللہ علیہએ કહ્યું, હું જાણતો હતો એ જરૂર વરસાદ વરસાવશે. ખ્વાજા બખ્તિયાર رحمۃ اللہ علیہએ પૂછયું, આપ કેવી રીતે જાણતા હતા ?! શયખ નિઝામે કહ્યું, એકવાર સુલ્તાન શમ્સુદ્દીનના દરબારમાં મારી સૈયદ નૂરુદ્દીન મુબારકથી કોઈ મસ્અલા પર તકરાર થઈ ગઈ. મેં કેટલીક વાતો કહી અને તેમણે પણ કહી. વાત આવી ગઈ થઈ ગઈ. તેમણે મને વરસાદ માટેની દુઆની ઈજાઝત અર્પણ કરી. હું સૈયદ નૂરુદ્દીનના રોઝા (મઝાર) પર હાજર થયો અને અર્ઝ કરી, આપે મને વરસાદ વરસાવવા માટેની દુઆ અર્પણ કરી હતી, જો આપ મારાથી સુલહ કરી લો તો હું વરસાદ માટેની દુઆની દરખાસ્ત કરીશ. રોઝાએ અન્વરથી અવાજ આવ્યો, અમે તમારાથી સુલહ કરી લીધી, વરસાદની દુઆ કરો. જેથી મેં દુઆ કરી અને વરસાદ વરસ્યો.

## જબ્બા મુબારકના સદક઼ામાં વરસાદ પડયો !

એકવાર બસરામાં દુકાળ પડી ગયો. વરસાદ ન પડયો. લોકોએ ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہને રજૂઆત કરતાં કહ્યું કે, આપ ખુદા કરીમની બારગાહમાં વરસાદ વરસવા માટેની દુઆ કરો, ઉમ્મીદ છે કે તે બારાને રહમત (રહમતની વર્ષા) મોકલી દે. જ્યારે લોકોનો આગ્રહ ખૂબ વધી ગયો તો આપે ફર્માવ્યું કે, કાલે જામેઅ મસ્જિદમાં લોકો ભેગા થાય હું વરસાદની દુઆ કરીશ. જેથી ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہએ નમાઝે જુમ્આ અદા કરી અને મિમ્બર પર તશરીફ લાવ્યા અને વરસાદની દુઆ કરી. દસ્તાર તથા જબ્બો બગલ મુબારકથી કાઢયો અને કહ્યું, ઈલાહી ! આ જબ્બા મુબારકનો સદક઼ો જેને તારા મહબૂબ رحمۃ اللہ علیہના સ્પર્શનો શરફ હાંસલ છે, રહમતની વર્ષા મોકલ ! હજી એ વાત પૂરી કરી ન હતી એટલામાં વરસાદ વરસ્યો અને એટલો વરસ્યો કે સાત દિવસ સુધી બસરામાં પાણી ઓછું ન થયું.

એકવાર દિલ્હીમાં સખત દુકાળ પડયો. સર્વ મશાઈખ તથા લોકો શહેરની બહાર આવેલા હતા અને વરસાદની દુઆ કરી રહ્યા હતા. શયખ નિઝામુદ્દીન મુઅય્યદ મિમ્બર પર આવ્યા અને એક જામા (જબ્બા) મુબારક બાંયમાંથી કાઢયો અને આસ્માનની તરફ ચહેરો કરીને તેને લહેરાવ્યો. વરસાદના ટીપાં પડવાનું શરૂ થઈ અને પછી મૂસળધાર વરસાદ વરસ્યો. જ્યારે શયખ ઘરે તશરીફ લાવ્યા તો લોકોએ પૂછયું, હઝરત ! આ જામા મુબારક (જબ્બો) કેવો હતો ? ફર્માવ્યું, એ મારી વાલિદા સાહિબાનો દામાને મુક઼દ્દસ (પવિત્ર દામન) હતો.

હઝરત શયખુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, **જે શહેરમાં વરસાદ ન પડે ત્યાં રાતે સૂરએ દુખાનનો ખત્મ ખૂબ જ અધિક પ્રમાણમાં કરવામાં આવે.** ત્યારે બાદ હઝરત શુગ્લ (વઝીફાઓ)માં લાગી ગયા અને મજલિસવાળા ઉઠીને ચાલ્યા ગયા.

# શરહે હ઼દાઈકે઼ બખ્શિશ ભાગ-૧

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

## દર મુનાક઼્હતે અઅ્દા વ ઈસ્તિઆનત અઝ આક઼ા એટલે દુશ્મનોથી બચાવ અને આક઼ા હુઝૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہથી મદદ માગવાના બયાનમાં

**અલ અમાં કહર હૈ અય ગ઼ૌષ વો તીખા તેરા**
**મરકે ભી ચૈન સે સોતા નહીં મારા તેરા**

*(અલઅમાં = ખુદાની પનાહ, કહર = નારાઝગી,*
*ગ઼ૌષ = મદદ કરનાર, મુરાદ ગ઼ૌષે આ'ઝમ શૈખ અબ્દુલ ક઼ાદિર જિલાની رضی اللہ عنہ, તીખા = તેજ, અસરકારક)*

**અર્થાત :** અલ્લાહની પનાહ ! હે ગ઼ૌષે પાક ! رضی اللہ عنہ આપના ગઝબનો જે શિકાર બની જાય તે મૃત્યુ પછી પણ શાંતિ પ્રાપ્ત નથી કરી શકતો, કારણ કે તે હમેશાંના અઝાબમાં સપડાયેલો થઈ જાય છે.

શૈખ અબ્દુલ ક઼ાદિર ઈરબુલી رضی اللہ عنہ પોતાની કિતાબ "તફરીહુલ ખાતિર"ના પેજ નં. ૩૪, ૩૫ પર લખે છેઃ ગ઼ૌષે પાક હિઝરે મુર્તઝવીનો વઝીફો પઢતા હતા તેના અધિક વિર્દના કારણે આપ પર પ્રારંભિક હાલતમાં જલાલનો ગલ્બો એવો હતો કે જેવી કે મુન્કિરોની ગરદન કાંપનાર તલ્વાર અને દુશ્મનોના જિગરમાં પહોંચનાર તીર, એટલા માટે મુન્કિરીનમાંથી જેણે પણ આપનુ નામ મુબારક વગર વુઝૂએ લીધુ તેની ગરદન સૈફુલ્લાહથી કાપી નાખવામાં આવી. પછી મુકાશફામાં હુઝૂર નબીએ કરીમ صلی اللہ علیہ وسلمની ઝિયારત થઈ તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "તમે ખૂદ સૈફ (તલ્વાર) બની ગયા છો હવે તે વઝીફાને પઢવાની જરૂરત નથી." *(તફરીહુલ ખાતિર, પેજ : ૩૪, ૩૫)*

**બાદલોં સે કહીં રુકતી કળકતી બિજલી**
**ઢાલેં છંટ જાતી હૈં ઉઠતા હૈ જો તેગા તેરા**

*(બાદલો = વાદળો, કળકતી = કડકતી, બિજલી = વીજળી, ઢાલેં = લોખંડનું તે સાધન જેનાથી દુશ્મનના વાર રોકવામાં આવે છે, છંટ જાતી હૈ = કપાઈ જાય છે, તેગા = નાની તલ્વાર, ખંજર)*

**અર્થાત :** જેવી રીતે વાદળો વીજળીની કડકને નથી રોકી શકતા એવી રીતે આપના ગઝબના વારને દુશ્મનોની ઢાલો નથી રોકી શકતી, જો આપનો તેગો (નાની તલ્વાર) પણ ચાલે તો તો ઢાલોના ટુકડે ટુકડા થઈ જાય છે.

**અકસ કા દેખ કે મુંહ ઔર બિફર જાતા હૈ**
**ચાર આઈના કે બલ કા નહીં નેઝા તેરા**

*(અકસ = પડછાયો, બિફર જાતા હૈ = વિફરી જાય છે, ચાર આઈના = બખ્તર, બલ = બળ, નેઝા = ભાલો)*

**અર્થાત :** હે ગ઼ૌષે પાક ! رضی اللہ عنہ આપના દુશ્મનના પડછાયાને જોતાં જ આપનો નેઝો જલાલમાં આવી

જાય છે અને દુશ્મનના બખ્તરમાં એટલી તાક઼ત ક્યાં છે કે આપના નેઝાના વારને રોકી શકે !

**કોહ સરમુખ હો તો એક વાર મેં દો પર કાલે**
**હાથ પળતા હી નહીં ભૂલ કે ઓછા તેરા**

*(કોહ = પહાડ મુરાદ પહાડ જેવો પહેલવાન, સરમુખ = (હિંદી શબ્દ) મુક઼ાબલો, દો પર કાલે = બે ટુકડા, ભૂલ કે = ભૂલથી, ઓછા = હળવુ, 'ઓછા હાથ પળના !' ઉર્દૂ મુહાવરો છે જેનો અર્થ વાર હલ્કો નથી પડતો)*

**અર્થાત :** હે ગૌષે પાક ! رضی اللہ عنہ આપના મુક઼ાબલામાં જો પહાડ જેવો મજબૂત પહેલવાન પણ આવી જાય તો આપના એક જ વારમાં બે ટુકડા થઈ જાય. કારણ કે આપનો વાર કદી ભૂલથી પણ હળવો હોતો નથી !

**ઈસ પે ક઼હર કે અબ ચંદ મુખાલિફ તેરે**
**ચાહતે હૈં કે ઘટા દેં કહીં પાયા તેરા**

*(ઈસ પે = એવી પરિસ્થિતિમાં, કહર = ગજબ, ચંદ = અમુક, મુખાલિફ = વિરોધી, ઘટા દેં, ઘટાડી દે, કહીં = કોઈપણ રીતે, પાયા = મર્તબો)*

**અર્થાત :** અલ્લાહ પાકે આપને મહાન મર્તબો અતા કર્યો છે, મુન્કિરો પર આપનો કોઈ વાર ખાલી જતો નથી. આવી સ્થિતિમાં પણ અમુક આપના વિરોધીઓ ઈચ્છે છે કે ગમે તે રીતે આપના મર્તબાને ઘટાડી દઈએ.

**અક઼લ હોતી તો ખુદા સે ન લળાઈ લેતે**
**યે ઘટાએં, ઉસે મન્ઝૂર બળ્હના તેરા**

*(અક઼લ = બુદ્ધિ, લડાઈ : જંગ, ઘટાએં = ઘટાડે)*

**અર્થાત :** હદીષે કુદ્‌ષી છે કે અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, ''જેણે મારા કોઈ પણ વલીથી દુશ્મની કરી હું તેનાથી એલાને જંગ કરું છું.'' *(બુખારી શરીફ, બયહકી)*

અવલિયાએ કિરામના ગુસ્તાખોમાં બુદ્ધિ હોત તો તે વલીઓથી દુશ્મની કરીને ખુદાની સાથે જંગની દા'વત ન લેત, ગુસ્તાખો તો આપની શાનને ઘટાડવાની કોશિશ કરી રહ્યા છે જ્યારે કે અલ્લાહ તબારક વ તઆલા આપના મર્તબાને બુલંદ ફર્માવી રહ્યો છે.

બેશક ! જે લોકો અવલિયાએ કિરામના દુશ્મનો છે તે દુનિયા અને આખિતરમાં ઝલીલ થવાના છે. એવા ઘણા વાકિ઼આ છે જેનાથી આ વાત સાબિત થાય છે. વધારે વિગત માટે અલ્લામા ફયઝ અહમદ ઉવૈસીની કિતાબ ''ગુસ્તાખોં કા બુરા અંજામ''નો અભ્યાસ કરો.

**وَرَفَعْنَالَكَ ذِكْرَكَ કા હૈ સાયા તુઝ પર**
**બોલ બાલા હૈ તેરા ઝિક્ર કે ઊંચા તેરા**

*(وَرَفَعْنَالَكَ ذِكْرَكَ = કુર્આને પાકની આયત છે. અર્થાત : ''હે મહબૂબ ! (ﷺ) અમોએ તમારા ઝિક્રને બુલંદ કરી દીધું'', સાયા = પડછાયો)*

**અર્થાત :** હે ગૌષે પાક ! رضی اللہ عنہ આપના નાના નબીએ પાક ﷺની શાન એ છે કે અલ્લાહે આપના ઝિક્રને બુલંદ કરી દીધું છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના નામની ચર્ચા થયા જ કરશે અને આપ હુઝૂર ﷺના નાયબ છો અને હુઝૂર ﷺના ક઼દમ પર છો તો આપ પર وَرَفَعْنَالَكَ ذِكْرَكَનો સાયો છે અને આપની ચર્ચા પણ થયા જ કરશે, આપની બોલબાલા છે અને આપનું ઝિક્ર પર બુલંદ છે.



www.barkatekhwaja.net

હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ ફર્માવે છે : ''દરેક વલી કોઈ ન કોઈ નબીના કદમ પર હોય છે અને હું તે નબીના કદમ પર છું જે કમાલાતમાં ચૌદમીનો ચાંદ છે.'' *(કસીદએ ગૌષિયહ)*

**મિટ ગએ, મિટતે હૈં, મિટ જાએંગે અઅ્દા તેરે**
**ન મિટા હૈ ન મિટેગા કભી ચર્ચા તેરા**

*(મિટ ગએ = ખતમ થઈ ગયા, અઅ્દા = દુશ્મનો)*

**અર્થાત :** મારા ગૌષે પાક ! رضی اللہ عنہ આપની શાન ઘટાડનાર દુશ્મનો ખતમ થઈ રહ્યા છે અને ભવિષ્યમાં જે થશે તે પણ ખતમ થઈ જશે. (ઈન્શાઅલ્લાહ !) પરંતુ આપની ચર્ચા કાલે પણ હતી અને આજે પણ છે અને કયામત સુધી રહેશે તે કદી ખતમ નહીં થાય.

હદીષે પાકમાં છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે : ''મારા ચહીતા અને અવલિયા તે લોકો છે કે મારા ઝિક્રથી તેમની યાદ આવે છે અને તેમના ઝિક્રથી મારી યાદ આવે છે. સારાંશ કે તેમનો ઝિક્ર મારો ઝિક્ર છે અને મારો ઝિક્ર તેમનો ઝિક્ર છે.'' *(તિબ્રાની મોઅજમુલ કબીર, ૧/૨૦૩, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૪૩૦)*

**તૂ ઘટાએ સે કિસી કે ન ઘટા હૈ ન ઘટે**
**જબ બઢ઼ાએ અલ્લાહ તઆલા તેરા**

**અર્થાત :** હે મારા પ્યારા ગૌષે આ'ઝમ ! رضی اللہ عنہ આપની શાન કોઈના ઘટાડવાથી ઘટી છે ન કદી ઘટશે જ્યારે કે અલ્લાહ તબારક વ તઆલાએ આપની શાન ઊંચી ફર્માવી દીધી છે, આપ તો વલીઓના સરદાર છો ! જ્યારે કે એક અદના વલીની શાનમાં હદીષે કુદ્સી છે કે અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : જ્યારે હું મારા બંદા (વલી)થી મહોબ્બત કરવા લાગુ છું તો તેના કાન બની જાઉં છું જેનાથી તે સાંભળે છે અને તેની આંખો બની જાઉં છું જેનાથી તે જુએ છે, અને તેના હાથ બની જાઉં છું જેનાથી તે પકડે છે અને તેના પગ બની જાઉં છું, જેનાથી તે ચાલે છે. જો મારાથી સવાલ કરે છે તો હું તેને અતા કરું છું. *(બુખારી શરીફ, સહીહ ઈબ્ને હિબ્બાન, બયહકી)*

બીજી હદીષોમાં છે જેનો ખુલાસો એ છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે કે, મારી ઉમ્મતના વલીઓ જમીન પર હમેશાં રહેશે જેમના સદકામાં જમીન (પૃથ્વી) કાયમ (અસ્તિત્વમાં) રહેશે અને જેમના સદકામાં તમારા પર વરસાદ થશે જેમના સદકામાં પૃથ્વીવાસીઓથી અઝાબ અને બલાઓ દૂર કરવામાં આવશે અને જેમના સદકામાં તમને રોજી આપવામાં આવશે જેમના સદકામાં જમીન અનાજ ઉગાડશે અને જેમના સદકામાં તમારી મદદ કરવામાં આવશે.

*–(તફસીરે ઈબ્ને કષીર, અબૂ દાઊદ ફીલ મરાસીલ, મુસ્નદે ઈમામ અહમદ, તિબ્રાની, હિલયતુલ અવલિયા, મજમઉઝ્ ઝવાઈદ)*

**ષુમ્મે કાતિલ હૈ ખુદા કી કસમ ઉન કા ઈન્કાર**
**મુન્કિરે ફઝ્લે હુઝૂર આહ યે લિખા તેરા**

*(ષુમ્મ, ષિમ્મ, ષમ્મ = ઝેર (મિસ્બાહુલ્લુગાત) કાતિલ = મારી નાખનાર, ઈન્કાર = ન માનવું, મુન્કિર = ન માનનાર, ફઝ્લે હુઝૂર = હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ ની અઝમત, આહ = અફસોસ, લિખા = લખાણ, તકદીર)*

**અર્થાત :** હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની અઝમત અને બુઝુર્ગીનું ઈન્કાર કરવું ખુદાની કસમ કાતિલ ઝેર છે, આપની અઝમતોના મુન્કિરની તકદીર પર અફસોસ કે ગૌષે પાકની દુશ્મનીના કારણે તેની તકદીરમાં બરબાદી લખાઈ છે.

હુઝૂર ગૌષે رضی اللہ عنہ પાક ફર્માવે છે : ''મારી ફઝીલતનો ઈન્કાર કરવો તમારા માટે કાતિલ ઝેર છે અને તમારી દુનિયા તથા આખિરતની બરબાદીનું કારણ છે.'' *(ક્રમશઃ)*



www.barkatekhwaja.net

## તઝકેરતુલ અવલિયા

# હઝરત અહમદ હર્બ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

### હપ્તો પર

**ઓળખ :** આપ ખૂબ તક્વાવાળા બુઝુર્ગોમાંથી હતા. અને એક ઘણી જ મોટી જમાઅત આપે આપના મુરીદોની છોડી. અને હઝરત યહયા ઈબ્ને મઆઝે એ વાત કહી હતી કે મારા મૃત્યુ બાદ મારુ માથુ અહમદ હર્બના કદમોમાં રાખી દેજો. એકવાર આપનાં માએ પાલતુ મરઘી પકાવીને આપને ખાવા માટે કહ્યું તો આપે ફર્માવ્યું કે એ મરઘીએ એકવાર પડોશીની છત પર જઈને અમુક દાણા ખાઈ લીધા હતા, જેથી હું તેનો ગોશ્ત નથી ખાય શકતો !

**હાલાત :** કેટલાય દોસ્તોએ આપને પત્રો લખ્યા તો આપ ઝિક્રે ઈલાહીની મશગૂલિયતના કારણે જવાબ ન આપી શક્યા. અને કેટલાક દિવસો બાદ પોતાના મુરીદ થકી એ જવાબ લખાવી આપ્યો કે, મને જવાબ આપવાની ફુરસદ નથી મળતી, અને તમારે ઝિક્રે ઈલાહીથી કદી ગાફેલ ન રહેવું જોઈએ.

એકવાર હજામ આપનો ખત બનાવી રહ્યો હતો અને આપ ઝિક્રે ઈલાહીમાં મશગૂલ હતા. જેથી તેણે અર્ઝ કરી કે થોડીવાર માટે ઝિક્રે ઈલાહીથી રોકાઈ જાવ. આપે ફર્માવ્યું કે તમે તમારું કામ કરો, હું મારું કામ કરી રહ્યો છું અને એ હાલતમાં કેટલીય જગાએથી આપનો હોઠ કપાઈ ગયો છતાં આપ યાદે ઈલાહીમાં વ્યસ્ત રહ્યા.

આપે આપના સાહબઝાદાને તવક્કુલની એ પ્રમાણે તા'લીમ આપી કે એક દીવાલમાં કાણુ કરીને તેમને કહી આપ્યું હતું કે જે ચીજ ખ્વાહિશ થયા કરે તે કાણાથી લઈ લીધા કરજો. અને પત્નીને એવું કહી આપ્યું કે તમે કાણાની બીજી બાજુથી તે ચીજ રાખી દીધા કરજો. જેથી ઘણા સમય સુધી એવું જ થતું રહ્યું. પરંતુ સંજોગોવસાત એક દિવસ પત્ની ક્યાંક ચાલી ગઈ અને સાહબઝાદાએ કાણામાં જઈને ખાવા તલબ કર્યું અને અલ્લાહ તઆલાએ આપને ખાવા આપી દીધું. અને જ્યારે આપ ખાવા ખાઈ રહ્યા હતા તો આપ આવી ગયાં અને પૂછયું કે તમને ખાવા ક્યાંથી મળ્યું ? તેમણે કહ્યું, જ્યાંથી દરરોજ મળતુ હતું ! એ વખતે અહમદ હર્બે પત્નીને કહ્યું કે હવેથી તમે કોઈ ચીજ કાણામાં ન રાખશો, કેમ કે હવે મક્સદ હાંસલ થઈ ચૂક્યો છે અને હવે અલ્લાહ તઆલા વિના વાસ્તાથી પહોંચાડતો રહેશે.

એક બુઝુર્ગથી રિવાયત છે કે, મેં એકવાર આપનાથી એક કૌલ સાંભળ્યો જેના પછીથી આજે ચાલીસ વરસો થઈ ગયાં અને મારા દિલમાં દિન પ્રતિદિન નૂરનો વધારો જ થતો રહ્યો, અને એ કૌલની લિજ્જત આજે પણ એ જ પ્રમાણે કાયમ છે.

**નુત્ફાની અસર :** એકવાર કેટલાક સૈયદ હઝરાત આપની મુલાકાતે આપની પાસે આવ્યા તો આપ તેમની સાથે બેહદ એહતેરામ તથા તા'ઝીમની સાથે વર્ત્યા. પરંતુ આપનો એક તોફાની બાળક બેઅદબીની રીતે રુબાબ (વાજિંત્ર) વગાડતો બહાર નીકળ્યો અને તેની આ હરકત સાદાત હઝરાતને ઘણી નાપસંદ પડી. તો આપે ફર્માવ્યું કે એના પ્રતિ ધ્યાન ન ધરશો, કેમ કે બાળકનો નુત્ફો (વિર્ય) એ રાતે કાયમ થયો હતો જ્યારે મારા પડોશીને ત્યાં બાદશાહ પાસેથી ખાણુ આવ્યું હતું અને તેણે મને પણ ખવડાવ્યું હતું જેના કારણે આ બાળક ગુસ્તાખ પેદા થયું !

www.barkatekhwaja.net

❒ **અઝ :** *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક :** *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

**બનાવ** : આપનો એક પડોશી અગ્નિપૂજક હતો અને સફર દરમ્યાન તેને ડાકૂઓએ લૂટી લીધો હતો. જેથી આપ આશ્વાસન આપવાના હેતુથી તેને ત્યાં ગયા હતા, અને તે પણ આપની સાથે ખૂબ જ સન્માનપૂર્વક વર્ત્યો. પણ તે સમય દુકાળનો હતો એટલા માટે અગ્નિપૂજકને ખયાલ આવ્યો કે કદાચ આપ ખાણુ ખાવા માટે આવ્યા હોય. જેથી જ્યારે તેણે ખાવાની વ્યવસ્થા કરવા ચાહ્યું તો આપે ફર્માવ્યું કે હું ખાવાના ઈરાદે નહીં પણ આપના આશ્વાસન માટે આવ્યો છું. પછી તેણે જવાબ આપ્યો કે મારો માલ લૂટાઈ ગયો પરંતુ ત્રણ ચીજો શુક્ર કરવાને લાયક છે : એક એ કે બીજા લોકોએ મારો માલ લૂટયો પણ મેં કદી કોઈનો માલ પડાવી નથી લીધો. બીજુ એ કે હજુ પણ મારી પાસે અડધી દોલત બાકી છે. ત્રીજુ એ કે મારો મઝહબ સુરક્ષિત રહી ગયો. એ સાંભળીને આપે પૂછયું કે તમે આગ શા માટે પૂજો છો ? તેણે કહ્યું કે કયામતના દિવસે જહન્નમની આગથી મહેફૂઝ રહું અને ખુદાનો કુર્બ પણ હાંસલ થઈ જાય. આપે ફર્માવ્યું કે આગની હકીકત તો એટલી જ છે કે જો એક બાળક તેના પર પાણી રેડી દે તો ઓલવાય જશે. તદ્ઉપરાંત તમે સિત્તેર વરસોથી આગને પૂજો છો પરંતુ આજ સુધી તેણ તમારી સાથે શું ભલો વર્તાવ કર્યો જેના આધાર પર તમે કયામતમાં કોઈ બેહતરીની અપેક્ષા રાખો છો ? આપની વાતથી પ્રભાવિત થઈને તેણે અર્ઝ કર્યું, કે જો તમો મારા ચાર સવાલોના જવાબો આપી દો તો હું ઈમાન લાવી શકુ છું. પ્રથમ : ખુદાએ મખ્લૂકને શા માટે પેદા કરી ? બીજુ : પેદા કર્યા બાદ રોજી કેમ આપી ? ત્રીજુ : રોજી આપ્યા બાદ મૌતથી શા માટે ભેટો કરાવ્યો ? ચોથુ : માર્યા બાદ ઝિંદા કરવાની જરૂરત શાથી પડી ? આપે જવાબ આપ્યો કે મખ્લૂકને પેદા કરવાનો મકસદ એ છે કે ખાલિક (પેદા કરનાર)ની ઓળખ થઈ શકે. રોજી આપવાનો મકસદ એ છે કે તેની રઝ્ઝાકીનો અંદાજો કરવામાં આવી શકે. અને મૌત આપવાનો મકસદ તેની કહ્હારી તથા જબ્બારીનો અંદાજો કરાવવું છે. અને મૌત પછી જિંદગી આપવાનો મકસદ એ છે કે તેના કાદિર (શક્તિમાન) હોવાને સ્વીકારવામાં આવી શકે. આવું કહીને આપ ઘણી જ વાર સુધી આગમાં હાથ નાખીને બેસી રહ્યા પણ આપના હાથને આગની અસર ન થઈ. આ જોઈને તે અગ્નિપૂજક તરત જ મુસલમાન થઈ ગયો અને ચીસ પાડીને બેહોશ થઈ ગયો. અને હોશમાં આવ્યા બાદ જયારે કારણ પૂછવામાં આવ્યું તો કહ્યું કે મેં એ ગયબી પોકાર સાંભળ્યો કે બેહરામ તો સિત્તેર વરસ બાદ મુસલમાન થઈ ગયો, પરંતુ તું જે હમેશાંથી મુસલમાન છે, શું લઈને આવ્યો છે ?

**સોનેરી કથનો** : આપ જીવનભર શબબેદાર રહ્યા. અને કદીક લોકો આરામ કરવાના માટે આગ્રહ કરતા તો ફર્માવતા કે જેના માટે જહન્નમ ભડકાવવામાં આવી રહી હોય અને જન્નતને શણગારવામાં આવી રહી હોય, પરંતુ તેને એ જાણ ન હોય કે આ બંનેવમાં તેનું ઠેકાણુ ક્યાં છે, તેને ભલા ઊંઘ કેવી રીતે આવી શકે છે ? ફર્માવ્યું કે જો મને એ ઈલ્મ થઈ જાય કે ફલાણો માણસ મારી ગીબત કરે છે તો હું તેને સોના ઝવેરાતથી માલમાલ કરી આપત, કેમ કે જેની ગીબત કરવામાં આવે છે તેને બેહદ સવાબ મળે છે. ફર્માવ્યું કે ખુદાથી ડરતા રહીને ઈબાદત કરતા રહો અને દુનિયાના ધોકા પ્રપંચથી બચતા રહો, કેમ કે એમાં ફસાઈને મુસીબતોનો સામનો કરવો પડે છે.

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

www.barkatekhwaja.net

**૦૯. કમર દર અકરબ (વિછુડો) જિસ દિન હો ક્યા ઉસ દિન નિકાહ નહીં કર સકતે ?**

હમારે યહાં યે બહોત મશહૂર હૈ કે જિસ દિન કમર દર અકરબ હો ઉસ દિન નિકાહ નહીં કર સકતે ઔર અગર કરેંગે તો ઉસમેં કુછ ન કુછ નુકસાન પૈદા હોગા, યે બિલ્કુલ ગલત સોચ હૈ, શરીઅત મેં ઐસા કુછ ભી નહીં હૈ.

**અવામી ગલતફહેમિયાં ઔર ઉનકા શરઈ હલ**

(નજમી દારુલ ઈફતા-આમોદ)

હપ્તો : ૨૪

કમર કા મતલબ હૈ "ચાંદ" ઔર "અકરબ" ચાંદ કી મંઝિલો મેંસે એક મંઝિલ કા નામ હૈ લિહાઝા કમર દર અકરબ કા મતલબ સિર્ફ ઈતના હૈ. કે ચાંદ ચલતે ચલતે અપની મંઝિલોં મેં સે એક મંઝિલ અકરબ પર પહોંચા હૈ. લિહાઝા ઈસે મન્હૂસ સમજના ઔર શાદી બિયાહ વગૈરે અચ્છે કામોં કે લિયે ઈસે બુરા વકત સમજના બિલ્કુલ ગલત હૈ, જૈસા કે "બહારે શરીઅત" મેં હૈ :

"કમર દર અકરબ યા'ની ચાંદ જબ બુર્જે અકરબ મેં હોતા હૈ તો સફર કરને કો બુરા જાનતે હૈં ઔર નુજૂમી (સિતારોં કા ઈલ્મ રખનેવાલે) ઉસે મન્હૂસ બતાતે હૈં ઔર જબ બુર્જે અસદ (સિંહ રાશી) મેં હોતા હૈ તો કપળે કતઅ કરાને (કરવાને) ઔર સિલ્વાને કો બુરા જાનતે હૈં, ઐસી બાતોં કો હરગિઝ ન માના જાએ, યેં બાતેં ખિલાફે શરઅ ઔર નુજૂમિયોં કે ઢકોસ્લે હૈં." *(બહારે શરીઅત, જિલ્દ : ૩, હિસ્સા : ૧૬, સફહા : ૬૫૯)*

"હદીષે પાક"મેં હૈ :–

"જો શખ્સ હૈઝવાલી ઔરત સે યા ઔરત કે પાખાના કી જગહ મેં જિમાઅ (હમબિસ્તરી) કરે યા જો કાહિન ઔર નુજૂમી કે પાસ આએ ઉસને અલ્લાહ عزوجل تعالیٰ કે આખરી નબી મુસ્તફા કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء પર ઉતરે હૂએકા ઈન્કાર કિયા."

*(મિશ્કાતુલ્મસાબીહ, હદીષ : ૫૫૧)*

"મિર્અતુલ મનાજીહ"મેં ઈસ હદીષ કી શરહ યહ બયાન કી ગઈ હૈ :–

"યે તીનોં શખ્સ કુર્આનો હદીષ કે મુન્કિર હોકર કાફિર હો ગએ. ખયાલ રહે કે યહાં સે (યા તો) શરઈ કુફ્ર હી મુરાદ હૈ ઈસ્લામ કા મુકાબિલ, ઔર ઈનસે વોહ લોગ મુરાદ હૈં જો ઔરત સે પીછે કે મકામ મેં યા બહાલતે હૈઝ સોહબત કો જાઈઝ સમજ કર સોહબત કરેં, ઔર કાહિન નજૂમી કો "આલિમુલ ગૈબ" જાન કર ઉસસે ફાલ ખુલ્વાએં યા ગૈબકી ખબરેં પૂછેં. ઔર અગર ગુનાહ સમજકર યે કામ કરેં તો ફિસ્ક હૈ, કુફ્ર નહીં. યા યહાં કુફ્ર સે મુરાદ લોગવી મ'અના હૈ ના શુક્રી." *(મિર્અતુલ મનાજીહ, જિલ્દ : ૧, હદીષ : ૫૫૧)*

**૧૦. ક્યા હામિલા (પ્રેગ્નન્ટ) ઔરત સે હમબિસ્તરી કરના મના હૈ ?**

મુઆશરે કે બા'ઝ અફરાદ મેં ઈસ તરહ કી ગલતફહમી ભી પાઈ જાતી હૈ કે હામિલા બીવીસે હમબિસ્તરી નહીં કર સકતે, શરીઅત કે એઅ્તબાર સે યે મના હૈ, હાંલા કે ઐસા કુછ ભી નહીં હૈ. હામિલા બીવી સે હમ્બિસ્તરી કરના બિલા શુબ્હા જાઈઝ હૈ. હાં ! અગર ડૉકટર મના કરેં યા નુકસાન કા અંદેશા હો તો ફિર ઉસ સે બચના ચાહિયે.

"મુફતી મુહમ્મદ ખલીલ ખાન કાદરી બરકાતી નૂરી મારેહરવી" عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان તેહરીર ફર્માતે હૈં :

"દૌરાને હમલ સે વઝએ હમલ તક (યા'ની

અઝ : હઝરત મુફતી સાબિર નજમી મિસ્બાહી (સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)



www.barkatekhwaja.net

પ્રેગનેન્સી ખત્મ હોને તક) હમબિસ્તરી શરઅન્ જાઈઝ હે લેકિન અગર ડાકટર મના કર દેં યા તકલીફ કા ખતરા હો તો પરહેઝ કરના ચાહિયે.'' *(ફતાવા ખલીલિયા, જિલ્દ : ૧, સફહા : ૫૬૪)*

**૧૧. ક્યા શાદી કે મોક઼े પર લોહે કી કોઈ ચીઝ દુલ્હે કા હાથ મેં રખના ઝરૂરી હે ?**

યે ગલત સોચ હે કે શાદી કે મોક઼े પર દુલ્હે કા લોહે કી કોઈ ચીઝ હાથ મેં રખના ઝરૂરી હે. ગાલિબન ઈસ કે પીછે કા રાઝ યે હે કે સમજા જાતા હે કે લોહે કે ઝરિઆ દુલ્હા શરીર જિન ઔર બુરી નઝર સે મહેફૂઝ રહેગા. હાલાં કે ઐસા કુછ ભી નહીં હે. અગર શરીર જિન ઔર બુરી નઝ઼ર સે મહેફૂઝ રહના હે તો ઉસકા બેહતરીન તરીક઼ા યહ હે કે :–

اَعُوْذُ بِاللّٰہِ مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ

યા لَا حَوْلَ وَلَا قُوَّۃَ اِلَّا بِاللّٰہِ الْعَلِیِّ الْعَظِیْمِ

યા 'આયતુલ કુર્સી'' વગૈરા વઝાઈફ પઢ કર અપને ઉપર દમ કર દિયા કરે.

**૧૨. ક્યા દુલ્હા, દુલ્હન કો હલ્દી લગાના ઝરૂરી હે ?**

અવામ મેં બહોત ઝયાદા મશહૂર હે કે શાદી કે વક઼્ત દુલ્હા, દુલ્હન કો હલ્દી લગાના ઝરૂરી હે, ચુંના ચે કેહનેવાલે યહાં તક કહેતે હૂએ નઝર આતે હેં કે બગેર હલ્દી કી રસમ કે શાદી કેસી ?! હાલાં કે શરઈ તોર પર દુલ્હા, દુલ્હન કો હલ્દી લગાના ઝરૂરી નહીં. અબ રહા યે સવાલ કે ક્યા હલ્દી લગાના જાઈઝ હે ? તો ઈસ કે બારે મેં શરીઅત કા હુકમ યે હે કે દુલ્હન કો તો હલ્દી લગાને કી ઈજાઝત દી જા સકતી હે, જબ કે શરીઅત કે ખિલાફ કોઈ કામ ન કિયા જાએ. અલ્બત્તા દુલ્હે કો હલ્દી લગાને કા જો તરીક઼ા હમારે યહાં રાઈઝ હે કે રિશ્તેદાર ઔર મહલ્લે કી અજનબી ઔરતેં જમા હોતી હેં ફિર દુલ્હા ઉનકે સામને બેઠતા હે ઉસકે બા'દ રિશ્તેદાર ઔર દીગર અજનબી ઔરતેં યકે બા'દ દીગરે આકર દુલ્હે કો હલ્દી લગાતી હે, શરઅન ઈસ તરહ દુલ્હે કો હલ્દી લગાને કી બિલ્કુલ ઈજાઝત નહીં, ક્યૂં કે ઈસ મેં બેપર્દગી, બેહયાઈ, નાજાઈઝ હંસી મઝાક઼ વગૈરા બહોત સે ગુનાહ કે કામ પાએ જાતે હેં લિહાઝા ઈસસે બચના લાઝિમ હે.

''આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાન رحمۃ اللہ علیہ સે પૂછા ગયા કે :–

''શાદી સે ક઼બ્લ દુલ્હા ઔર દુલ્હન કો ઉબ્ટન (હલ્દી) મલા જાતા હે ઉસ કે લિયે અપને ખ્વેશ વ અક઼ારિબ બિરાદરી કી ઔરતેં બુલાઈ જાતી હેં, દુલ્હા ખૂદ બાલિગ હો યા નાબાલિગ ઉનકો અકષર વોહ ઔરતેં જિન સે રિશ્તા મઝાક કા હોતા હે વહી બદન વગૈરા સારે બદન મેં ઉબ્ટન લગાતી હે ઔર ઉસકે બા'દ સબકો ગુળ તક઼સીમ કિયા જાતા હે યે ઈસ્રાફ હે યા નહીં ?''

ઈસકે જવાબ મેં આપને તેહરીર ફર્માયા :–

''ઉબ્ટન મલના જાઈઝ હે ઔર કિસી ખુશી પર ગુળ કી તક઼સીમ ઈસ્રાફ (ફુઝૂલખર્ચી) નહીં ઔર દુલ્હા કી ઉમર નવ દસ સાલ કી હો તો અજનબી ઔરતોં કા ઉસકે બદન મેં ઉબ્ટન મલના ભી ગુનાહ વ મમ્નૂઅ નહીં. હાં, બાલિગ કે બદન મેં નામહરમ ઔરતોં કા મલના નાજાઈઝ હે ઔર બદન કો હાથ તો મા ભી નહીં લગા સકતી, યૈ હરામ ઔર સખ્ત હરામ હે ઔર ઔરત વ મર્દ કે મઝાક કા રિશ્તા શરીઅતને કોઈ નહીં રખા યે શૈતાની વ હિંદુવાની રસ્મ હે.'' *(ફતાવા રઝવિય્યા, જિલ્દ : ૨૨, સફહા : ૨૪૫)*

**૧૩. ક્યા પૈસોં કા હાર પેહન સકતે હેં ?**

બા'ઝ જગહ યે રિવાજ હે કે શાદી કે મોક઼े પર દુલ્હે કો પૈસોં કા હાર પહનાયા જાતા હે, **શરઈ એઅ્તેબાર સે યે રિવાજ વ તરીક઼ા ગલત વ નાજાઈઝ હે, ક્યૂં કે ઈસ મેં ફખ્ર, રિયાકારી,**

www.barkatekhwaja.net

**માલો દોલત સે દિલી મહબ્બત કા ઈઝહાર વગૈરા બહોત સી ખરાબિયાં પાઈ જાતી હૈં. લિહાઝા ઈસ કી ઈજાઝત નહીં.** હાં ! ફૂલો કા હાર પેહનના જાઈઝ હૈ.

"ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા" મેં હૈ : "નોટોં કા હાર નાજાઈઝ હૈ કે હાર સિર્ફ ફૂલ હી કા જાઈઝ હૈ." *(ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા, જિલ્દ : ૨, સૂફહા : ૩૭૯)*

ઔર "ફતાવા ફકીહે મિલ્લત"મેં હૈ : "રૂપિયે કા માલા પેહનના હરામ હૈ." *(ફતાવા ફકીહે મિલ્લત, જિલ્દ : ૨, સફહા : ૩૪૧)*

**૧૪. ક્યા દુલ્હા યા દુલ્હન શાદી કે મોકે પર કાલે રંગ કી કોઈ ચીઝ જૈસે કપળા વગૈરા ખરીદેંગે તો શાદી મેં કુછ નુકસાન હોગા ?**

અવામ મેં યે ગલતફેહમી પાઈ જાતી હૈ કે અગર દુલ્હા યા દુલ્હન શાદી કે મોકે પર કાલે રંગ કી કોઈ ચીઝ મષલન્ કપળા વગૈરા ખરીદેંગે તો શાદી મેં કુછ ન કુછ નુકસાન હોગા ઔર અચ્છી તરહ શાદી મુકમ્મલ નહીં હો પાએગી, ચુનાંચે દેખા જાતા હૈ કે ઘરવાલોં ઔર રિશ્તેદારોં કી તરફસે દુલ્હા દુલ્હન કો કાલે રંગ કી કોઈ ભી ચીઝ ખરીદને સે સખ્તીસે મના કિયા જાતા હૈ, હાલાં કે યે સોચ બિલ્કુલ ગલત ઔર શરીઅત કે ખિલાફ હૈ. કોઈ ભી રંગ શરઅન મન્હૂસ નહીં. બિલ્ખુસૂસ કાલે રંગ કો મન્હૂસ સમજના સરાસર ગલત હૈ, ક્યૂં કે હુઝૂર ﷺસે કાલે રંગ કી ચાદર ઔર ઈમામા પેહનના ષાબિત હૈ, જૈસા કે "મુસ્લિમ શરીફ" કી હદીષ મેં હૈ :–

عن عائشة أنها قالت خرج النبيُّ صلى الله عليه وسلم ذاتَ غداةٍ وعليه مِرطٌ مُرَحَّلٌ من شعرٍ أسودَ.

(صحیح مسلم، حدیث نمبر:۲۰۸۱)

**તર્જુમા** : હઝરતે આઈશા સિદ્દીકા رضی اللہ عنہاસે રિવાયત હૈ, ઉન્હોંને ફર્માયા : એક રોઝ નબિયે કરીમ ﷺ બાહર તશરીફ લાએ ઈસ હાલ મેં કે આપ કે જિસ્મે મુબારક પર સિયાહ બાલ કી નક્શવાલી ચાદર થી. એક ઔર હદીષમેં હૈ :–

عن جابر بن عبد الله قال إن النبي صلى الله عليه وسلم دَخَلَ يومَ فَتْحِ مكةَ وعليه عِمامةٌ سوداءُ.

(صحیح مسلم، حدیث نمبر:۱۳۵۸)

**તર્જુમા** : હઝરતે જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہસે રિવાયત હૈ કે નબીયે કરીમ ﷺ ફતહે મક્કા કે દિન તશરીફ લાએ ઈસ હાલ મેં કે આપ સિયાહ ઈમામા શરીફ પેહને હૂએ થે.

**૧૫. જો ઔરત ઝિના કી વજહસે હામિલા (પ્રેગનેન્ટ) હો ક્યા ઉસસે નિકાહ નહીં હો સકતા ?**

યે ગલતફેહમી ભી બહોત આમ હૈ કે જો ઔરત ઝિના કી વજહસે હામિલા હો ઉસ સે નિકાહ નહીં હો સકતા, ચુંના ચે કભી કભાર યે મુઆમલા પેશ આતા હૈ કે અજનબી લળકા લળકીને નાજાઈઝ તઅલ્લુકાત કાઈમ કિયે જિન કી વજહ સે લળકી પ્રેગ્નેન્ટ હો ગઈ. અબ દોનોં કે ઘરવાલે યે ચાહતે હૈ કે આપસ મેં દોનોં કા નિકાહ કર દિયા જાએ, લેકિન કુછ લોગ ઉન્હેં યે કેહ કર મના કરતે હૂએ નઝર આતે હૈં કે હામિલા ઔરત કા નિકાહ નહીં હો સકતા, હાલાં કે ઈસ કે બારે મેં શરીઅત કા હુકમ હૈ જિસે "બહારે શરીઅત"મેં તોર પર બયાન કિયા ગયા હૈ :–

જિસ ઔરત કો ઝિના કા હમલ હૈ ઉસ સે નિકાહ હો સકતા હૈ, ફિર અગર ઉસી કા વોહ હમલ હૈ તો વતી (હમબિસ્તરી) ભી કર સકતા હૈ ઔર અગર દૂસરે કા હૈ તો જબ તક બચ્ચા ન પેદા હો લે, વતી જાઈઝ નહીં.

જિસ ઔરત કા હમલ ષાબિતુન્નસબ હૈ (જૈસે કિસી સે નિકાહ કરને કે બાદ હમલ કરાર પાયા) ઉસ સે નિકાહ નહીં હો સકતા."*(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૭, સફહા : ૩૪)*

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય ✧✧✧✧✧✧✧✧ હપ્તો : ૦૯

"બહારે શરીઅત" (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **"ઈસ્લામી અખ્લાક઼ો આદાબ"** એ "બહારે શરીઅત"નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

## પગરખા પહેરવાનું બયાન

**હદીષ–૧** : સહીહ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યા કે જોડાનો ઉપયોગ વધારે કરો કે આદમી જ્યાં સુધી જોડા પહેરી રાખે છે તો સમજો કે તે સફરમાં છે એટલે કે ઓછો થાકી જાય છે.

**હદીષ–૨** : સહીહ બુખારીમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને એવી નાલૈન પહેરતાં જોયા જેમાં વાળ ન હતા.

**હદીષ–૩** : સહીહ બુખારીમાં હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمના નાલૈનમાં બે કબાલ હતા એટલે આંગળીઓ જેટલી બે દોરીઓ.

**હદીષ–૪** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે જોડા પહેરો તો પહેલા જમણા પગમાં અને ઉતારો તો ડાબા પગના ઉતારો કે જમણો પહેરવામાં પહેલો હોય અને ઉતારવામાં પછી.

**હદીષ–૫** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, એક ચંપલ પહેરીને ન ચાલે, બંનેવ ઉતારી દે અથવા બંને પહેરી લે !

**હદીષ–૬** : સહીહ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ચંપલનો તસ્મો (બૂટની દોરી) તૂટી જાય તો ફક્ત એક ચંપલ પહેરીને ન ચાલે બલ્કે બૂટની દોરી ઠીક કરાવી દે અને એક મોજો પહેરીને ન ચાલે.

**હદીષ–૭** : તિર્મિઝીએ હઝરત જાબિર رضی اللہ عنہથી અને ઈબ્ને માજાએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ઊભા રહીને ચંપલ પહેરવાનું મના ફર્માવ્યું છે. આ હુકમ તે ચંપલનો છે જેને ઊભા રહીને પહેરવામાં તકલીફ થાય છે જેમાં દોરી બાંધવાની જરૂરત હોય છે. આ જ રીતે બૂટને પણ બેસીને જ પહેરે કે તેમાં પણ દોરી બાંધવી પડે છે અને ઊભા રહીને બાંધવામાં તકલીફ થાય છે અને જો આ જાતના ન હોય દા.ત. સલીમ શાહી (એક ખૂબસૂરત જાતના ચંપલ), પંપ (એક જાતના ચંપલ) અથવા તે ચંપલ જેમાં દોરડી બાંધવામાં આવતી નથી તેમને ઊભા રહીને પહેરવામાં વાંધો નથી.

**હદીષ–૮** : તિર્મિઝીએ હઝરત આઈશા رضی اللہ عنہاથી

રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ક્યારેક એક નાલૈન પહેરીને પણ ચાલ્યા છે. આ બયાન જવાઝ માટે હશે અથવા એક બે કદમ ચાલ્યા હશે. દા.ત. કમરાનો દરવાજો ખોલવા માટે.

**હદીષ-૯** : અબૂ દાઊદે હઝરત ઈબ્ને અબી મુલયકાથી રિવાયત કરી કે કોઈએ હઝરત આઈશા رضی اللہ عنہا થી કહ્યું કે એક સ્ત્રી (પુરૂષની જેમ) ચંપલ પહેરે છે. તેમણે ફર્માવ્યું, **રસૂલુલ્લાહ ﷺ એ મર્દાની સ્ત્રીઓ પર લાનત ફર્માવી.**

એટલે કે સ્ત્રીઓએ પુરૂષવાળા ચંપલ ન પહેરવા જોઈએ. બલ્કે તે તમામ વાતોમાં જેમાં પુરૂષો અને સ્ત્રીઓમાં ફર્ક થાય છે તેમાંથી દરેકને એકબીજાના માટે બનાવેલી વસ્તુને ઈખ્તિયાર કરવાની મનાઈ છે. ન સ્ત્રી પુરૂષની વસ્તુને પસંદ કરે, ન પુરૂષ સ્ત્રીની વસ્તુને પસંદ કરે.

**હદીષ-૧૦** : અબૂ દાઊદે હઝરત અબ્દુલ્લાહ બિન બુરૈદહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે કોઈએ ફોઝાલા બિન ઉબૈદ رضی اللہ عنہ થી કહ્યું કે શું વાત છે તમારા માથા પર ચિંતા દેખાય રહી છે ?! તેમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺ અમને બનવા શણગારવા મના ફર્માવતા. તેમણે કહ્યું, શું વાત છે તમને હું નગ્ન પગે જોઈ રહ્યો છું ?! તેમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺ અમને હુકમ ફર્માવતા કે ક્યારેક ક્યારેક અમે ઉઘાડા પગે રહ્યા હતા.

**મસ્અલા-૧** : વાળના ચામડાની ચંપલ પહેરવી જાઈઝ છે. બલ્કે હુઝૂરે અક્દસ ﷺ અમુકવાર આ જાતની નાલૈનનો ઉપયોગ ફર્માવતા હતા. લોખંડની ખીલીવાળા જૂતા પહેરવા જાઈઝ છે. બલ્કે આ જમાનામાં આવા ઘણા જૂતા બને છે જેની સિલાઈ ખીલીઓથી થાય છે. *(આલમગીરી)*

## ★ વીંટી અને ઘરેણાંનું બયાન ★

**હદીષ-૧** : સહીહ મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ જ્યારે ઈરાદો ફર્માવ્યો કે કિસરા, કૈસર અને નજ્જાશીને પત્રો લખવામાં આવે તો કોઈએ અર્ઝ કરી કે તે લોકો મોહર વિના પત્ર કબૂલ નથી કરતા. હુઝૂર ﷺ એ ચાંદીની વીંટી બનાવડાવી જેમાં "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" કોતરેલુ હતું. ઈમામ બુખારીની રિવાયતમાં છે કે વીંટીનો નક્શ ત્રણ લાઈનમાં હતો, એક લીટીમાં મુહમ્મદ બીજુ લીટીમાં રસૂલ અને ત્રીજી લીટીમાં અલ્લાહ.

**હદીષ-૨** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ સોનાની વીંટી બનાવડાવી અને એક રિવાયતમાં છે કે તેને જમણા હાથમાં પહેરી પછી તેને ફેંકી દીધી અને ચાંદીની અંગૂઠી બનાવડાવી જેમાં આ નક્શ હતું "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" અને ફર્માવ્યું કે કોઈ શખ્સ મારી વીંટી પ્રમાણે પોતાની વીંટીમાં નક્શ ન કોતરાવે અને હુઝૂર ﷺ જ્યારે વીંટી પહેરતા તો નગીનો હથેળી બાજુ હોતો.

**હદીષ-૩** : સહીહ બુખારીમાં હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ ની વીંટી ચાંદીની હતી અને તેનો નગીનો પણ હતો.

**હદીષ-૪** : સહીહ બુખારી વ મુસ્લિમમાં એમનાથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ જમણા હાથમાં ચાંદીની વીંટી પહેરી અને તેનો નગીનો હબ્શીઘાટનો હતો અને નગીનો હથેળીની તરફ રાખતા.

**હદીષ-૫** : મુસ્લિમની રિવાયતમાં તેમનાથી છે કે રસૂલુલ્લાહ ﷺ ની વીંટી તે આંગળીમાં હતી એટલે કે ડાબા હાથની ટચલી આંગળીમાં.

**હદીષ-૬** : સહીહ મુસ્લિમમાં હઝરત અલી رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ આમાં અથવા તેમાં એટલે કે વચ્ચેવાળીમાં અથવા કલમાવાળી આંગળીઓમાં અંગૂઠી પહેરવાથી મને મના ફર્માવ્યું.

www.barkatekhwaja.net

**હદીષ–૭ :** ઈબ્ને માજાએ હઝરત અબ્દુલ્લાહ બિન જાઅફર رضی اللہ عنہથી અને અબૂ દાઊદ વ નિસાઈએ હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત કરી કે નબીએ કરીમ ﷺ જમણા હાથમાં વીંટી પહેરતા હતાં. અને અબૂ દાઊદે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે ડાબા હાથમાં પહેરતા હતા. આ બંનેવ હદીષોથી માલૂમ થાય છે કે ક્યારેક જમણા હાથમાં પહેરતા અને ક્યારેક ડાબા હાથમાં. પરંતુ બયહક઼ીએ કહ્યું કે જમણા હાથમાં વીંટી પહેરવી મન્સૂખ છે.

**હદીષ–૮ :** હઝરત અબૂ દાઊદ વ નિસાઈએ હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત કરી કે **રસૂલુલ્લાહ ﷺએ જમણા હાથમાં રેશમ લીધુ અને ડાબા હાથમાં સોનુ, પછી ફર્માવ્યું કે આ બંનેવ વસ્તુઓ મારી ઉમ્મતના પુરૂષો માટે હરામ છે.**

**હદીષ–૯ :** સહીહ મુસ્લિમમાં હઝરત અલી رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ કસી (એક જાતનું રેશમી કાપડ) અને કુસૂમનું રંગેલું કપડું અને સોનાની વીંટી પહેરવાથી અને રુકૂઅમાં કુર્આન મજીદ પઢવાથી મના ફર્માવ્યું.

**હદીષ–૧૦ :** સહીહ મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ એક શખ્સના હાથમાં સોનાની વીંટી જોઈ તો તેને ઉતારીને ફેંકી દીધી અને ફર્માવ્યું, શું કોઈ પોતાના હાથમાં આગનો અંગારો રાખે છે ?! જ્યારે હૂઝૂર તશરીફ લઈ ગયા તો કોઈએ તેમને કહ્યું કે પોતાની વીંટી ઉઠાવી લો, એને કોઈ કામમાં લાવજો. એમણે કહ્યું, ના ! ખુદાની ક઼સમ ! હું તેને ક્યારેય નહીં લઉં જ્યારે કે રસૂલુલ્લાહ ﷺએ તેને ફેંકી દીધી.

**હદીષ–૧૧ :** અબૂ દાઊદ વ નિસાઈએ હઝરત મુઆવિયહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ચિત્તાના ચામડા પર સવાર થવાથી અને સોનું પહેરવાથી મના ફર્માવ્યું. પરંતુ ભૂકો કરીને એટલે જો કપડામાં ઝીણા ઝીણા રેઝાઓ લગાડવામાં આવે તો મનાઈ નથી.

**હદીષ–૧૨ :** હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ મોઅત્તામાં ફર્માવે છે, બાળકોને સોનું પહેરાવવું ખરાબ જાણું છું, કારણ કે મને આ હદીષની ખબર પડી છે કે રસૂલુલ્લાહ ﷺએ સોનાની વીંટીની મનાઈ ફર્માવી જેથી પુરૂષો માટે ખરાબ છે અને નાના મોટા બંનેવ માટે છે.

**હદીષ–૧૩ :** તિર્મિઝી વ અબૂ દાઊદ વ નિસાઈએ હઝરત અબૂ બુરૈદા رضی اللہ عنہથી રિવાયત કરી કે એક શખ્સ પિત્તળની અંગૂઠી પહેરેલા હતા. હુઝૂર ﷺએ ફર્માવ્યું, શું વાત છે કે તમારામાંથી મૂર્તિની ગંધ આવે છે ! તેમણે એ વીંટીને ફેંકી દીધી. પછી લોખંડની પહેરીને આવ્યા. ફર્માવ્યું, શું વાત છે કે તમે જહન્નમનુ ઘરેણુ પહેરેલા છો ! તેને પણ ફેંકી દીધી અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કઈ વસ્તુની વીંટી બનાવડાવું ? ફર્માવ્યું, ચાંદીની બનાવો અને એક મિષ્કાલ પૂરૂ ન કરો. એટલે કે સાડા ચાર માશાથી ઓછુ હોય. તિર્મિઝીની રિવાયતમાં છે કે લોખંડના પછી સોનાની અંગૂઠી પહેરીને આવ્યા. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે શું વાત છે કે તમને જન્નતવાળાનું ઘરેણુ પહેરલા જોવું છે ! એટલે કે સોનું તો જન્નતવાળા જન્નતમાં પહેરશે.

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧



મસ્અલો ૪

# તા'ઝીમે નબી ﷺ

હપ્તો પહેલો

**અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી**
*(સદર દારુલ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

એ બાબત પર ઉમ્મતનો ઈજમાઅ છે કે હુઝૂર સૈયદે કાઈનાત અફઝલુલ અંબિયા ﷺની તા'ઝીમ તથા તૌકીર ફર્ઝ છે, બલ્કે એનો દરજો ઘણા બધા ફર્ઝોથી ઉચ્ચ તથા આ'લા છે. વળી એ તા'ઝીમ મા, બાપ, ઔલાદ તથા સગા સંબંધીઓ સૌના કરતાં વધુ હોવી જોઈએ. એટલે સુધી કે નમાઝમાં પણ આપની તા'ઝીમ તથા તૌકીરનો હુકમ છે.

પરંતુ એનાથી **ઉલ્ટુ વહાબી ગૈર મુકલ્લિદો** આપની આ પ્રમાણેની તા'ઝીમને માનનારા નથી. **તેઓ આપના માટે કેવળ મોટાભાઈનો મર્તબો માને છે અને બસ મોટાભાઈના જેટલી તા'ઝીમની ઈજાઝત આપે છે.** ★અને નમાઝની હાલતમાં તો એની પણ ઈજાઝત નથી આપતા ! બલ્કે ત્યાં સુધી સ્પષ્ટતા કરે છે કે **નમાઝમાં આપનો ખયાલ પણ તા'ઝીમની સાથે આવી જાય તો એ નમાઝીને શિર્કની તરફ ખેંચીને લઈ જશે !**

*(વહાબી દેવબંદી ગૈર મુકલ્લિદોનો અકીદો)*

## ★ અહલે સુન્નતની દલીલો ★

અહલે સુન્નત વ જમાઅતે તા'ઝીમે રસૂલના પ્રકરણમાં જે મૌકૂફ અપનાવ્યો છે તે કિતાબ તથા સુન્નતથી સાબિત છે, જ્યારે કે વહાબીઓનો મૌકૂફ કેવળ તેમનો પોતાનો ખયાલ છે. જેમ કે નીચેની નુસૂસ (કુર્આની આયતો)થી સાબિત થાય છે.

તા'ઝીમે રસૂલની કુર્આની દલીલો (નસો) બે પ્રકારની છે : અમે સરળતા માટે આ ચર્ચાની નસો (કુર્આની દલીલો)ને બે પ્રકારમાં વર્ણવીએ છીએ.

**પ્રથમ પ્રકાર** : નમાઝ તથા નમાઝ બહાર દરેક સ્થિતિમાં તા'ઝીમે રસૂલ વિશે નુસૂસ (કુર્આની દલીલો).

**બીજો પ્રકાર** : નમાઝની બહાર સામાન્ય સ્થિતિઓમાં તા'ઝીમે રસૂલ વિશે કુર્આની દલીલો.

## ★ પ્રથમ પ્રકારની કુર્આની દલીલ ★

(જેમાં નમાઝ તથા નમાઝ બહાર દરેક સ્થિતિમાં તાઝીમે રસૂલનું મુત્લક ફર્માન છે)

**પ્રથમ મુત્લક (બિનશર્તી) ફર્માન** : અલ્લાહ ﷻનો ઈર્શાદ છે :–

اِنَّاۤ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّ مُبَشِّرًا وَّ نَذِیْرًا ۙ لِّتُؤْمِنُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ وَ تُعَزِّرُوْهُ وَ تُوَقِّرُوْهُ ؕ وَ تُسَبِّحُوْهُ بُكْرَةً وَّ اَصِیْلًا ۝

(હે નબી !) બેશક ! અમે તમને મોકલ્યા હાઝિર તથા નાઝિર અને ખુશખબરી સંભળાવનાર અને ડરાવનાર, જેથી હે લોકો ! તમે અલ્લાહ તથા રસૂલ પર ઈમાન લાવો અને રસૂલની તા'ઝીમ તથા તૌકીર

★*જેમ કે ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ તકવિયતુલ ઈમાનમાં છે કે, (અંબિયા, અવલિયા વગેરે) સઘળા માનવીઓ આપસમાં ભાઈ ભાઈ છે. જે મોટો બુઝુર્ગ હોય એ મોટો ભાઈ છે, એ કારણે મોટા ભાઈ જેવું એમનું સન્માન કરવું જોઈએ...(તકવિયતુલ ઈમાન)*

www.barkatekhwaja.net

કરો અને સવાર સાંજ અલ્લાહની પાકી વર્ણવો.

*(સૂ. ફતહ, ૪૮/૮,૯)*

ઈમામ કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ આ આયતના હેઠળ લખે છે : ''અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ ﷺના એહતેરામ તથા તૌકીર (માન મર્તબા)ને વાજિબ અને તેમની તાઝીમ તથા તૌકીરને લાઝિમ (અનિવાર્ય) કરી આપી.

આ આયતે કરીમામાં : ★ સૌ પ્રથમ અલ્લાહ વ રસૂલ પર ઈમાનનો હુકમ છે ★ પછી રસૂલની તાઝીમ તથા તૌકીર (રિસ્પેકટ)નો ★ અને તેના પછી અલ્લાહ ﷻની તસ્બીહ તથા ઈબાદતનો. *(અશ્શિફા બતારીફે હુકૂકિલ મુસ્તફા, ૨/૫૮૭૭)*

એનો તકાઝો એ છે કે આ હુકમોનું મહત્વ આ ક્રમસર થાય. જેથી અલ્લાહ ﷻની તસ્બીહ તથા ઈબાદતો કામ આવશે નહીં જ્યાં સુધી કે એની સાથે તા'ઝીમ તથા તૌકીરે રસૂલ ન હોય, અને એ તા'ઝીમ તથા તૌકીર કામ નહીં આવે જ્યાં સુધી અલ્લાહ તથા તેના રસૂલ ﷺ પર ઈમાન ન હોય.

અહીંથી જાણવા મળ્યું કે રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ તથા તૌકીર ખુદાના હુકમથી ફર્ઝ છે અને એ ફર્ઝ તસ્બીહ તથા ઈબાદતોથી આ'લા તથા બુલંદતર છે જેવું કે સહીહ બુખારી જામેઅ તિર્મિઝીની હદીષોથી પણ સ્પષ્ટ છે, આ હદીષો ત્રીજી આયતના હેઠળ આવી રહી છે.

**બીજુ મુત્લક્ ફર્માન** : અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ وَ رَسُوْلِهٖ وَ اتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ۝ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْٓا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ وَ لَا تَجْهَرُوْا لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَ اَنْتُمْ لَا تَشْعُرُوْنَ ۝٢

★ હે ઈમાનવાળાઓ ! ★ અલ્લાહ વ રસૂલથી આગળ ન વધો, અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહ સાંભળનાર જોનાર છે. હે ઈમાનવાળાઓ ! ★ તમારા અવાજો ગયબ બતાવનાર (નબી)ના અવાજથી ઊંચા અવાજ ન કરો. ★ અને તેમની સમક્ષ ચિલ્લાઈને વાત ન કરો, જેવી રીતે આપસમાં એકબીજા સામે ચિલ્લાવ છો કે ક્યાંક તમારા અમલો બર્બાદ ન થઈ જાય, અને તમને ખબર ન પડે.''

*(સૂ. હુજુરાત, ૪૯/૧,૨)*

આ મુકદસ આયતોમાં અલ્લાહ ﷻએ પોતાના નબીએ રહમત ﷺની તાઝીમ તથા તૌકીર (સન્માન) માટે ત્રણ હુકમો બહાર પાડયા છે.

★ વાણી હોય કે વર્તન કોઈ પણ ચીજમાં રસૂલુલ્લાહ ﷺની આગળ ન વધો.

★ પોતાના અવાજો રસૂલુલ્લાહ ﷺના અવાજથી ઊંચા ન કરો.

★ રસૂલુલ્લાહ ﷺની સમક્ષ ચિલ્લાઈને વાત ન કરો જેવી રીતે આપસમાં ચિલ્લાઈને (બૂમો પાડીને) વાતો કરો છો.

આ આદાબ (નિયમો) અનિવાર્ય ફરજોમાંથી છે, અને તેની વિરૂધ્ધ વર્તન સખત હરામ તથા ગુનોહ છે કે તેના કારણે તમારા નેક અમલો બર્બાદ થઈ શકે છે.

આમાલે સાલેહા (નેક અમલો)માં તસ્બીહ તથા ઈબાદતો પણ સામેલ છે. એટલા માટે જાણવા મળ્યું કે **તા'ઝીમે રસૂલનો દરજો તસ્બીહ તથા ઈબાદતોથી વધીને છે.**

અને ''મોટાભાઈ'' કદાપિ આ તાઝીમે રસૂલમાં ભાગીદાર અથવા આપના જેવા નથી, કેમ કે ''મોટાભાઈ''ની એવી બેઅદબી પર અમલોના બર્બાદ થવાનો હુકમ નથી આપવામાં આવ્યો.

**ત્રીજુ મુત્લક્ ફર્માન** : રબ તઆલા ફર્માવે છે :–

www.barkatekhwaja.net

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَجِيْبُوْا لِلّٰهِ وَ لِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيْكُمْ

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તથા રસૂલના બોલાવવા પર હાજર થાવ, જ્યારે તમને રસૂલ એ ચીજના માટે બોલાવે જે તમને જિંદગી બખ્શે.

*(સૂ. અન્ફાલ, ૮/૨૪)*

આ આયત મુબારકથી એ સાબિત થયું કે રસૂલ જ્યારે પણ પોકારે તો આપની બારગાહમાં હાજરી જરૂરી છે. આ મુત્લક઼ (બિનશર્તી) હુકમ છે, જેનો તક઼ાઝો એ છે કે જો રસૂલ નમાઝની હાલતમાં કોઈ મુસલમાનને પુકારે તો એના પર ફર્ઝ છે કે નમાઝ છોડીને બારગાહે રિસાલતમાં હાજર થઈ જાય.

## ★ ચાલુ નમાઝની હાલતમાં તાઝીમે રસૂલના ચમકતાં દષ્ટાંતો ★

જેમ કે નીચેની હદીષોથી એ સાબિત થાય છે :

**પ્રથમ હદીષ** : હઝરત અબૂ સઈદ ઈબ્ને મુઅલ્લા રિવાયત કરે છે કે હું એકવાર નમાઝ પઢી રહ્યો હતો. હુઝૂરે અક઼દસ ﷺએ મને બોલાવ્યો તો હું તરત હાજર ન થયો. નમાઝ બાદ મેં અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! હું નમાઝ પઢી રહ્યો હતો. તો આપે ફર્માવ્યું, શું અલ્લાહ ﷻએ એવું નથી ફર્માવ્યું કે, "અલ્લાહ તથા રસૂલના બોલાવવા પર હાજર થઈ જાવ." *(સહીહ બુખારી ૨/૬૪૨, મજલિસે બરકાત)*

**બીજી શહાદત** : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ઉબય ઈબ્ને કઅબની પાસે આવ્યા અને ફર્માવ્યું : હે ઉબય ! તે નમાઝ પઢી રહ્યા હતા એટલા માટે હુઝૂરની તરફ થોડા વળ્યા પણ બારગાહમાં હાજર ન થઈ શકયા. ઉબયે ટૂંકમાં નમાઝ પઢી. પછી રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરી, اَلسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللهِ તો રસૂલુલ્લાહ ﷺએ જવાબ આપ્યો : وعليك السلام, આપે પૂછયું, હે ઉબય ! જ્યારે મેં તને બોલાવ્યો હતો તો જવાબ આપવા તથા હાજર થવાથી કઈ ચીજે રોકયો ? તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું નમાઝ પઢી રહ્યો હતો. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું : કુર્આની વહીમાં શું તમે આ આયત નથી પઢી : "અલ્લાહ અને રસૂલના બોલાવવા પર હાજર થઈ જાવ જ્યારે તે તમને એ ચીજના માટે બોલાવે જે તમને જિંદગી બખ્શે છે." તેમણે અર્ઝ કરી, હુઝૂર ! મેં એ વહી પઢી છે, અને હવે ઈન્શા અલ્લાહ ! એવું કરીશ નહીં. *(જામેઅ તિર્મિઝી, ૨/૧૧૧, મજલિસે બરકાત)*

હઝરત અબૂ સઈદ ઈબ્ને મુઅ્લ્લા અને હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہماને અલ્લાહના રસૂલે આ'ઝમ ﷺએ એવા સમયે યાદ કર્યા હતા જ્યારે તેઓ અલ્લાહ ﷻની સૌથી અફઝલ ઈબાદત નમાઝમાં મશગૂલ હતા. એટલા માટે એ હઝરાતે ફેંસલો કર્યો કે પ્રથમ નમાઝ સંપૂર્ણ કરીને ખુદાએ કુદુસની ઈતાઅત (ફર્માબરદારી) પૂર્ણ કરીએ, પછી બારગાહે રિસાલતમાં હાજર થઈને નબી પાક ﷺની આજ્ઞા પાલનનો ફરીઝો અદા કરીએ.

એક તરફ નમાઝ પૂરી કરવાનો મામલો હતો અને બીજી તરફ નબી પાક ﷺના ફર્માનના પાલનનો. તે હઝરાતે પોતાની રીતે أهم فالأهمનો ફેંસલો કરીને વારા ફરતી બંનેવ આજ્ઞાઓનું પાલન કર્યુ.

## ★ ફર્માને ઈલાહી મુજબ દલીલો ★

પણ મુસ્તફા જાને રહમત ﷺએ એ હઝરાતના એ ફેંસલા પર ચેતવણીના અંદાઝમાં ઈર્શાદ ફર્માવ્યો કે શું અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં આ ફર્માન જારી નથી કર્યુ ?! : اسْتَجِيْبُوْا لِلّٰهِ وَ لِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ "જ્યારે અલ્લાહ વ રસૂલ તમને બોલાવે તો હાજર થઈ જાવ."

**(અ)** મતલબ એ છે કે "હાજર થઈ જાવ" હુકમ

મુત્લક્ (બિનશર્તી) છે એટલા માટે તે પોતાના ઈત્લાક્ (લાગુ થવા)ના કારણે નમાઝની હાલતને પણ સામેલ છે અને નમાઝ સિવાયની હાલતને પણ સમાવે છે. જેથી દરેક હાલતમાં રસૂલુલ્લાહ ﷺનો પુકાર સાંભળીને હાજર થઈ જવું ફર્ઝ છે અને એમાં કાંઈ પણ મોડુ રસૂલ ﷺની ચેતવણી તથા નારાઝગીનો સબબ છે.

## ★ નમાઝ છોડીને રસૂલના દરબારમાં હાજર થવાથી નમાઝ તૂટતી નથી ★

જેથી નમાઝી પર ફર્ઝ છે કે રસૂલુલ્લાહ ﷺના બોલાવવા પર નમાઝ છોડીને દરબારે મુસ્તફામાં હાજર થઈ જાય. આ બાબત નબવી હદીસો થકી બે વત્તા બે બરાબર ચારની જેમ જાહેર તથા રોશન છે. તેમજ આના બારામાં કેટલાક ઉલમાના ઈર્શાદો પણ અધિક સમર્થન માટે રજૂ કરીએ છીએ.

ઉમ્દતુલ કારીમાં છે : "તવઝીહના કર્તા ફર્માવે છે કે આપણા અસ્હાબે સ્પષ્ટતા કરી છે કે નબી કરીમ ﷺની વિશિષ્ટતાઓમાંથી એ વાત છે કે હુઝૂર જો કોઈ માણસને બોલાવે અને **તે નમાઝ પછી રહ્યો હોય તો પણ તેણે હાજર થઈ જવું વાજિબ છે અને તેની નમાઝ બાતિલ થશે નહીં."** *(ઉમ્દતુલ કારી શરહે સહીહ બુખારી, ૭/૪૧૨)*

**ફત્હુલ બારીમાં છે :** "ચેતવણી : અલ્લામા ઈબ્ને તયન ફર્માવે છે કે કાઝી અબ્દુલ વહહાબ (માલિકી) અને કાઝી અબુલ વલીદ (માલિકી)એ ફર્માને ઈલાહી "હાજર થઈ જાવ"નો મતલબ એ વર્ણન કર્યો છે કે નમાઝની હાલતમાં પણ નબી કરીમ ﷺની બારગાહમાં હાજર થઈ જવું ફર્ઝ છે, તેની વિરૂધ્ધ વર્તનાર ગુનેહગાર થશે. આ હુકમ નબીયે ઉમ્મી ﷺની સાથે ખાસ છે.

(હાફિઝ અબુલ ફઝ્લ શહાબુદ્દીન અહમદ બિન હજર અસ્કલાની શાફઈ (ફર્માવે છે :) હું કહું છું કે બંનેવ માલિકી કાઝીઓએ જે અપનાવ્યું તે જ શાફઈ ઈમામોનો પણ કૌલ છે. તેઓ પણ એ વાતના માનનારા છે કે નમાઝી પર બારગાહે રિસાલતની હાજરી વાજિબ છે. હા ! એમાં મતભેદ છે કે નમાઝ છોડીને જવામાં નમાઝ બાતિલ થશે કે નહીં.

આ લખાણોથી એ બાબત ધોળા દિવસની જેમ જાહેર છે કે **કોઈ નમાઝીને રસૂલુલ્લાહ ﷺ ચાલુ નમાઝની હાલતમાં બોલાવે તો એના પર ફર્ઝ થઈ જાય છે કે જવાબ આપે અને નમાઝ છોડીને તરત આપની બારગાહમાં હાજર થઈ જાય.** આટલે સુધી એકમતી છે.

અને નમાઝ છોડીને બારગાહે રિસાલતમાં જવા અથવા જવાબ આપવાથી નમાઝ ફાસિદ થશે નહીં, મોટાભાગનાનો મૌકૂફ એ જ છે. આપણા વર્તમાન ઉલમાએ એહલે સુન્નત પણ એને જ માનનારા છે. અમુક શાફઈઓ નમાઝને ફાસિદ માને છે.

મોટાભાગનાનો મૌકૂફ કવી (મજબૂત) તથા સહીહ છે કે અલ્લાહનો હુકમ اِسْتَجِيْبُوْا એ اَجِيْبُوْا ના અર્થમાં છે. એટલે "જવાબ આપો, હુકમનું પાલન કરો." અને રસૂલુલ્લાહ ﷺની ઈજાબત તથા ઈતાઅત (સ્વીકૃતિ તથા આજ્ઞાપાલન) એ ખરેખર અલ્લાહના હુકમની સ્વીકૃતિ તથા આજ્ઞાપાલન છે. જેમ કે પોતે નમાઝ પઢવું પણ ખુદ અલ્લાહના હુકમની સ્વીકૃતિ તથા આજ્ઞાપાલન છે. એટલા માટે કુર્આને ફર્માવ્યું : اِسْتَجِيْبُوْا لِلّٰهِ وَ لِلرَّسُوْلِ "અલ્લાહ વ રસૂલનો જવાબ આપો, આજ્ઞા પાલન કરો." જયારે કે બોલાવનાર કેવળ રસૂલુલ્લાહ છે.

## ★ કેટલીક ખાસ હાલતોમાં સલામ કલામથી નમાઝ ન તૂટવાના સામાન્ય નઝારા ★

★ ઈમામને લુકમો આપવો એ વિના શંકાએ ઈમામથી કલામ (વાતચીત) છે, પણ તેનાથી નમાઝ ફાસિદ નથી થતી કે એ અલ્લાહના હુકમ તથા રસૂલના હુકમ પર અમલ છે.

★ નમાઝમાં રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં



www.barkatekhwaja.net

સલામ પેશ કરવી જરૂરી છે : સલામ એ વિના શંકાએ હુઝૂરથી વાતચીત જ છે પણ તેનાથી નમાઝ ફાસિદ નથી થતી, કેમ કે એ અલ્લાહના હુકમ તથા રસૂલના હુકમ પર અમલ છે.

★ હદીષે ઝુલયદૈન (સહીહ મુસ્લિમ, ૧/૨૧૩, મજલિસે બરકાત)માં સરવરે કાઈનાત ﷺએ સહાબાથી અને સહાબાએ સરકાર ﷺથી ઝોહર અથવા અસ્રની બે જ રકાત પર ભૂલથી સલામ ફેરવ્યા બાદ વાત કરી. પછી સરકાર ﷺએ સહ્વ થયાની તેહકીક થયા બાદ બાકી બે રકાતો પઢીને નમાઝ સંપૂર્ણ કરી. અહીં નમાઝ દરમ્યાન વાતચીતનું નમાઝ તોડનાર ન હોવાની એક સ્પષ્ટતા એ જ છે કે રસૂલુલ્લાહ ﷺ સાથે વાત કરવાથી નમાઝ તૂટતી નથી, જેમ કે ઈમામ નવવી رحمۃ اللہ علیہએ શરહે સહીહ મુસ્લિમમાં સ્પટતા કરી. તેમના શબ્દો આ પ્રમાણે છે : ''બીજો જવાબ એ છે કે આ સંબોધન તથા જવાબ નબી કરીમ ﷺ સાથે હતું અને આ આપણા શાફઈ ઈમામો અને બીજા મઝહબના નજીક નમાઝ તોડનાર નથી. અને આ મસ્અલો મશહૂર છે.'' *(મિન્હાજે શરહે સહીહ મુસ્લિમ, ૧/૨૧૪, મજલિસે બરકાત)*

સારાંશ આયતે કરીમા અને નબવી હદીષોથી જે હુકમો જાહેર છે, તેની ઉલમાએ એહલે સુન્નતે નિશાનદેહી (નિર્દેશ) કર્યો છે. અને સૌનો સાર એ છે કે રસૂલે મોઅઝ્ઝઝ ﷺ કોઈ માણસને ચાલુ નમાઝની હાલતમાં યાદ કરે (બોલાવે) તો તેના પર તરત જ બારગાહે નબવીમાં હાજર થવું ફર્ઝ થઈ જાય છે. આટલે સુધી તો ઉલમા વચ્ચે મતભેદ જોવા નથી મળતો. ત્યાં સુધી કે અમુક ગૈર મુકલ્લિદો આલિમો પણ એને સ્વીકારનારા છે.(અઝ : વહાબી શયખ ઓબેદુલ્લાહ ઈબ્ને અબ્દુસ્સલામ મુબારકપુરી, કિતાબ : મિર્આતુલ મફાતીહ શરહે મિશ્કાતુલ મસાબીહ, ૭/૧૫૮) અને એની સાથે અમારી ચર્ચાને સંબંધ છે.

**(બ)** રસૂલુલ્લાહ ﷺના ફર્માનનું પાલન એ વિના શંકાએ તાઝીમે રસૂલ છે. તો રસૂલના બોલાવવા પર નમાઝ છોડીને ચાલ્યા જવાની ફર્ઝિયત જરૂર એ વાતની દલીલ છે કે રસૂલની તાઝીમ તસ્બીહ તથા ઈબાદતથી મહત્વની છે.

**(ક)** અને ઉમ્મતના ઉલમાના મજબૂત તથા રાજેહ (પસંદીદા) કથનો પ્રમાણે આ નમાઝમાં રસૂલુલ્લાહ ﷺની તાઝીમ પણ છે કેમ કે નમાઝી જ્યારે નમાઝ છોડીને બારગાહે રિસાલતમાં હાજર થાય છે તો એ વખતે પણ તે હુકમની રીતે નમાઝની હાલતમાં હોય છે, જેથી આ અયન નમાઝની હાલતમાં તાઝીમે નબીનું શાનદાર પ્રદર્શન છે. જો નમાઝમાં ગૈરુલ્લાહની આ તાઝીમ શિર્ક હોત★ અથવા શિર્કની તરફ ખેંચીને લઈ જાત તો શું આ મહાન ઈસ્લામના ઉલમા એની ઈજાઝત આપત ? શું આ દલીલ એ વાતનો તકાઝો નથી કરતી કે વહાબીઓ પોતાના તથા પોતાના ઈમામના મૌકૂફ પર ફેર વિચારણા કરે.

www.barkatekhwaja.net

*★જેમ કે વહાબી પેશવા ઈસ્માઈલ દહેલ્વીએ ''સિરાતે મુસ્તકીમ''માં (નમાઝમાં રસૂલના ખયાલ વિશે) લખ્યું છે : ઝિનાના વસવસા કરતાં પોતાની પત્ની સાથે સંભોગનો ખયાલ બેહતર છે. અને શયખ (પીર) તથા એના જેવા અન્ય બુઝુર્ગોની તરફ ભલે જનાબ રિસાલત મઆબ જ હોય પોતાના ધ્યાનને લગાડવું પોતાના બળદ તથા ગધેડાની સૂરતમાં (ખયાલમાં) ડૂબી જવા કરતાં બુરુ છે કેમ કે શયખનો ખયાલ તો તાઝીમ અને બુઝુર્ગી સાથે ઈન્સાનના દિલમાં ચોંટી જાય છે અને બળદ તથા ગધેડાના ખયાલને ન તો આ પ્રમાણે આર્કષણ હોય છે ન તા'ઝીમ, બલ્કે તુચ્છ તથા ઝલીલ હોય છે. અને ગૈરની આ તાઝીમ અને બુઝુર્ગીને નમાઝમાં રાખવામાં આવે તો તે શિર્કની તરફ ખેંચીને લઈ જાય છે. (દેવબંદી કિતાબ સિરાતે મુસ્તકીમ, પેજ–૧૩૬, અઝ : મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી) બતાવો ! હવે તમે કુર્આનને માનશો કે આ વહાબી મોલ્વીને ?!*

# સૈયદ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہ ઈલ્મવાળાઓની દૃષ્ટિએ

કાર્યાલય

એ હક઼ીક઼ત ચમકતા સૂરજની જેમ છે કે દુનિયા કદી પણ નેક, સાલેહ, મુત્તક઼ી, ઈબાદતગુઝાર, શબ ઝિંદાદાર (રાત્રિ જાગરણ કરી ઈબાદત કરનાર) બંદાઓથી ખાલી ન થઈ અને ન ઈન્શા અલ્લાહ ! ખાલી રહેશે. આ ખૂબીઓથી સજ્જ અલ્લાહના મુક઼ર્રબીન (એટલે વલીઓ) ખુદાના બંદાઓને ખુદાએ વહદહૂ લા શરીકની બારગાહમાં મોઅદબ તથા મુક઼ર્રબ બનાવવાની સતત કોશિશ કરતા રહ્યા છે. આ ક્રમ અંબિયાએ કિરામથી શરૂ થાય છે, અને પછી આ કાયમી નબવી ફયઝાનને ઉલમાએ રાસિખીન, અવલિયાએ કામિલીન, સૂફિયાએ આમિલીન યથાશક્તિ પૂરી દુનિયામાં ફેલાવતા રહે છે. કેમ કે એ હઝરાત અંબિયાએ કિરામ علیہم السلامના સાચા વારસો તથા જાનશીન હોય છે. અને આ વારસો તે જ કમાલવાળાઓના હિસ્સામાં આવે છે જેમને દુનિયાના ખાલિક઼ે જાહેરી તથા બાતિની ઈલ્મોથી ખૂબ જ અધિક માત્રામાં ફયઝો તથા કરામતો અતા કરીને મઅરેફત તથા હક઼ીક઼તના અલંકારોથી સજ્જ કર્યા છે. એ જ જલીલુલ ક઼દર સમયની અજાડ હસ્તીઓમાંથી એક હસ્તીનું નામ ઈમામે અજલ, ક઼ુત્બે અકમલ, ઉસ્તાઝુલ ઉલમા, ઈમામુલ અવલિયા, આરિફ બિલ્લાહ, સુલ્તાનુલ આરિફીન હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہ છે. ઈતિહાસ તથા સિયરથી સંબંધિત હઝરાત સારી રીતે જાણે છે કે શયખ સૈયદ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہની ગણના અવલિયાએ કામિલીન, સરખીલે અસ્ફિયા, અગવાષો તથા અકતાબ (ગૌષો તથા કુતુબો)માં થાય છે. આપનો જન્મ ૧૫ રજબુલ મુરજજબ, હિ.સ. ૫૧૨ જુમેરાતના દિવસે મુશ્તરશદ બિલ્લા અબ્બાસીની (ખિલાફતના) જમાનામાં ઉમ્મે ઔબૈદા સ્થળના "હસન" નામના એક કસ્બામાં થઈ. આ સ્થળ બતાઈહમાં વાસિત તથા બસરાની વચ્ચે આવેલ છે.

આપે દીનો સુન્નિયતની તે ખિદમતો અંજામ આપી છે કે જેને ભૂલી જવી એ આપની મહાન ખિદમતોને ભૂલાવી દેવું છે. વિવિધ ઈલ્મો વિદ્યાકલાઓમાં આપની કિતાબો મૌજૂદ છે. આપને વિવિધ વિદ્યાકલાઓમાં નિપૂણતા હાંસલ હતી પણ જે વિદ્યાકલા થકી આપને ખ્યાતી મળી તે "તસવ્વુફ" છે. આ વિદ્યામાં આપની વ્યસ્તતા એટલી વધી કે આપે એક વિશિષ્ટ સ્થાન હાંસલ કરી લીધું, આપના ફઝાઈલ તથા કમાલો અગણિત છે. એ જ કારણે સિયર (જીવન ચરિત્ર) તથા ઈતિહાસની અસંખ્ય કિતાબોમાં આપની પ્રશંસા તથા ખૂબીઓનો ઉલ્લેખ જોવા મળે છે. અને આપના સમકાલિન તથા પછીના બુઝુર્ગોએ આપનો ઉલ્લેખ ઉચ્ચ ગુણો, ઉમદા ખાસિયતો તથા પ્રશંસાઓની સાથે કર્યો છે. નીચેના લખાણમાં કેટલાક ઈલ્મવાળાઓના કથનો તથા ફર્માનો નકલ કરી રહ્યા છીએ તેનો જુઓ.

**★ ઈમામે અજલ સૈયદી અબુલ હસન અલી** બિન યૂસુફ નૂરુલ મિલ્લત વદીન શતનૂફી رحمۃ اللہ علیہ "બહજતુલ અસ્રાર"માં ફર્માવે છે : "હઝરત સૈયદી અહમદ રિફાઈ رحمۃ اللہ علیہ મશાઈખના સરદારો તથા આરિફોના અગ્રેસરો અને મહક્કિક઼ોમાં મહાન હસ્તીઓ તથા મુક઼ર્રિબીનના સરદારોમાંથી છે જેમના મર્તબાઓ બુલંદ તથા મહાન અઝમતવાળા અને મહાન કરામતોવાળા અને અહવાલ રોશન, અને કાર્યો સામાન્ય આદતોથી અલગ અને નફસો સાચા, અજીબ ફતહ તથા ચમકાવી દેનારા કશ્ફ તથા અતિશય નૂરાની

દિલ અને બુઝુર્ગતર મર્તબાવાળા."

*(અલ અસ્રાર વ મઅદનુલ અન્વાર, પેજ–૨૩૫)*

**★ હઝરત શયખ અલી કારી** رحمۃ اللہ علیہ ફર્માવે છે : "સૈયદ અહમદ رحمۃ اللہ علیہએ તરીકે ઈલલ્લાહના માટે એવો રસ્તો અપનાવ્યો છે કે સાલિક (રાહે સુલૂકવાળા, સાચા સૂફીઓ) એના પર ચાલવા ચાહે તો આજિઝ આવી જાય. એ રસ્તાની વઝાહત (ખુલાસો) કરવા ચાહે તો તેમની ઝબાનો સાથ ન આપે. તેમણે પોતાના નફ્સને તવાઝોઅ તથા ઈન્કેસારી (આજીજી, નમ્રતા)નો પયકર બનાવ્યો તો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે તેમને મોઅઝ્ઝમ તથા મુકર્રમ કરી આપ્યા. તેમણે પોતાના નફ્સને પાછળ ધકેલ્યો તો પરવરદિગારે આલમે તેને અગ્રસ્થાને કરી આપ્યો. તેમણે પોતાના અહંકારને કચડી નાખ્યો તો રબ તઆલાએ તેમને એવા મુનવ્વર કરી આપ્યા કે અન્ય લોકો નૂર પામી રહ્યા છે. અલ્લાહ પાકે આપને એવા પહાડ બનાવ્યા કે લોકો એની પનાહ (શરણ) લઈ રહ્યા છે. આપ અલ્લાહ ﷻ અને તેના રસૂલ ﷺની નજીક ખૂબ જ ઈજ્જત તથા મર્તબાવાળા છે. હું જાહેરી રીતે એમનો શયખ છું, નહીં તો હકીકત એ છે કે એ મારા શયખ છે."

*(અલ મજાલિસે રિફાઈયા, પેજ–૨૩)*

**★ ઈમામ શહાબુદ્દીન અબુલ ફલાહ અબ્દુલ હય્ય** ઈબ્ને અહમદ ઈબ્ને મુહમ્મદ અલ અકરી હંબલી દમિશ્કી ફર્માવે છે : "આપ તવાઝોઅ (નમ્રતા) અપનાવનારા ખરાબીઓથી પાક સીનાવાળા હતા. દુનિયાથી બેનિયાઝ (બેપરવા) હતા. આપે કદાપિ માલનો સંગ્રહ કર્યો નથી."

**★ હઝરત શયખ અલી કારી** رحمۃ اللہ علیہ ફર્માવે છે : "સર્વ લોકો પોતાના મશાઈખ પર ફખ્ર કરે છે પણ હું સૈયદ અહમદ રિફાઈ પર ફખ્ર કરું છું, અને તેમની જાત યકીનન! ફખ્રને પાત્ર છે. અલ્લાહે આપના ઝરીયા સુન્નતને મજબૂતી અર્પી, તરીકતને જીવંત કરી અને હકીકતના મિનારાને બુલંદ કર્યો." *(ઈર્શાદુલ મુસ્લિમીન લિ તરીકતિ શયખુલ મુત્તકીન, પેજ–૮)*

★ તેમજ ફર્માવ્યું : જો હું ફર્માબરદાર ન હોત તો હું સૈયદ અહમદથી બયઅત થાત. એમાં શંકા નથી કે હું તેમનો જોવામાં તો (જાહેરી રીતે) શયખ છું, પણ હકીકતમાં તે મારા શયખ છે."

**★ કુત્બે રબ્બાની હુઝૂર શયખ અબ્દુલ કાદિર જીલાની** رضی اللہ عنہ ફર્માવે છે : "અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો એક બંદો (સૈયદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہ) છે જે મકામે અબદિય્યત પર બિરાજમાન છે, **જે પોતાના મુરીદોનાં નામ બદબખ્તોની યાદીમાંથી હટાવીને નેક બખ્તોની યાદીમાં નોંધાવી આપે છે."** *(અલ મઅરુફુલ મુહમ્મદિયહ, પેજ–૪૯)*

**★ ઈમામ રાફઈ કાઝી અબૂ શુજાઅ શાફઈ** رحمۃ اللہ علیہ ફર્માવે છે : "સૈયદ અહમદ રિફાઈ رحمۃ اللہ علیہ બુલંદ પાયા શખ્સિયત, જબલે રાસિખ (અડગ પહાડ), આલિમે જલીલ, મુહદ્દિષ, ફકીહ, મુફસ્સિર, સાહિબે રિવાયતે આલિયા વ ઈજાઝાતે રફીઆ, ઉમદા કારીએ કુર્આન, સારા હાફિઝે કુર્આન, હુજ્જતે કામિલા, દીન પર મજબૂતીથી જામેલા, પોતાના સમકાલિનોમાં કિતાબો સુન્નત (કુર્આન હદીષ)ના સૌથી મહાન આલિમ તથા આમિલ, બહરે શરીઅત (શરીઅતના સમંદર), સૈફુલ્લાહ અને પોતાના જદ્દે કરીમ (નાના જાન) રસૂલુલ્લાહ ﷺના અખ્લાકના સાચા વારસ હતા." *(અલ મઅરુકફુલ મુહમ્મદિયહ, પેજ–૪૪)*

**★ તારીખવેત્તા (ઈતિહાસકાર) ઈબ્ને અષીર જઝરી** લખે છે : "સૈયદ અહમદ રિફાઈ رحمۃ اللہ علیہ મર્દે સાલેહ અને આમ તથા ખાસ લોકોમાં અતિશય મકબૂલ (લોકપ્રિય) હતા. આપના

શાગિર્દોની સંખ્યા ગણત્રી બહાર છે.''

★ **ફકીહ સલાહુદ્દીન સફદી** ફર્માવે છે : ''આપ رحمۃ اللہ علیہ ઈમામ તથા પેશવા, આબિદ તથા ઝાહિદ અને અહલુલ્લાહ (અલ્લાહવાળાઓ)ના શયખ હતા.''

★ **મુહદ્દિષ અબ્દુસ્સમીઅ હાશમી વાસિતી** ફર્માવે છે : ''સૈયદ અહમદ રિફાઈ رحمۃ اللہ علیہ રબ્બુલ ઈઝ્ઝતની નિશાનીઓમાંથી એક નિશાની છે અને રસૂલુલ્લાહ ﷺના મોજિઝાઓમાંથી એક મોજિઝો હતા. આપ رحمۃ اللہ علیہએ ઈસ્લાહ તથા સુધારણાની કાર્ય પધ્ધતિ કિતાબ તથા સુન્નતથી લીધી છે. આપ رحمۃ اللہ علیہ અમલના ધણી હતા ન કે કૌલના. જો તમે તેમને જોઈ લીધા તો જાણે સર્વ અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ને જોઈ લીધા. અને અલ્લાહની જાતથી એ કાંઈ દૂરની વાત નથી કે એક શખ્સ એકલામાં પૂરી દુનિયાને સમાવી દે.'' *(ઉપર મુજબ, પેજ–૪૯)*

★ **શયખ મન્સૂર બતાઈહી** رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''મારા સર્વ સાથીઓ અને ખુદ સાથે પોતાની સરખામણી કરી તો આપ رحمۃ اللہ علیہને સૌથી ઉચ્ચતર પામ્યા.''

★ **ઈબ્ને ખલ્કાન** ફર્માવે છે : ''આપ رحمۃ اللہ علیہ મર્દે સાલેહ તથા શાફઈ મઝહબના ફકીહ હતા.

★ **ઈબ્ને અમ્માદ ખચલી** કહે છે : ''આપ رحمۃ اللہ علیہ શયખ, ઝાહિદ તથા ઈમામ હતા.''

★ **ઈબ્ને કાઝી શહબહ** ફર્માવે છે : ''ઈબ્ને કાઝી શહબાએ આપ رحمۃ اللہ علیہનો ઉલ્લેખ શાફઈ તબકામાં કર્યો અને શાફઈ ફકીહોમાં આપની ગણના કરી.''

★ **ઈમામ તાજુદ્દીન સુબકી** رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''આપ મહાન ઝાહિદ તથા ઉચ્ચ કક્ષાના આરિફીન અવલિયામાંથી હતા તથા ઉચ્ચ દરજાના સૈયદ અને ઉઘાડી કરામતોવાળા છે.''

★ **શયખ અબ્દુલ વહહાબ શઅરાની** رحمۃ اللہ علیہનો કૌલ છે : ''આપ ગૌષે અકબર, સમયના મશહૂર કુતુબ, અને તે તરીકતવાળાઓ તથા આરિફોના ઈમામોમાંથી એક છે જેમની ઈમામત તથા અકીદત ઉમ્મતની નજીક સિધ્ધ થયેલી છે.''

★ **હુઝૂર ગૌષે આ'ઝમ શયખ અબ્દુલ કાદિર જીલાની** رضی اللہ عنہએ ઈર્શાદ ફર્માવ્યો ''તેમના અખ્લાક માથાથી પગો સુધી શરીઅત તથા સુન્નતના અયન મુતાબિક છે અને એમનું દિલ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની સાથે મશગૂલ છે. તેમણે સર્વ કાંઈ છોડીને સર્વ કાંઈ પામી લીધુ.'' (એટલે રઝાએ ઈલાહીની ખાતર કાઈનાતને છોડી તો રબને પામી લીધા અને જ્યારે રબ મળી ગયો તો સર્વ કાંઈ મળી ગયું.) *(સીરતે સુલ્તાનુલ અવલિયા, પેજ–૨૦૦)*

★ **વલીયે કબીર હઝરત સૈયદના ઈબ્રાહીમ હવાઝની** رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''હું સૈયદ કબીરની શું તારીફ કરી શકું છું, તેમના શરીરનો દરેક વાળ એક આંખ બની ચૂક્યો છે જેના થકી તે જમણે ડાબે પૂર્વ પશ્ચિમ દરેક બાજુ જુએ છે.

*(સીરતે સુલ્તાનુલ અવલિયા, પેજ–૨૦૦)*

★ **આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ ફર્માવે છે : આપની ગણના અકતાબે અરબા (ચાર કુતુબો)થી એટલે તે ચારમાં થાય છે જે કુતુબોમાં આ'લા તથા વિશિષ્ટ ગણવામાં આવે છે. **પ્રથમ** હુઝૂર પુરનૂર સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ, **બીજા** સૈયદ અહમદ રિફાઈ, **ત્રીજા** સૈયદ અહમદ કબીર બદવી, **ચોથા** હઝરત સૈયદ ઈબ્રાહીમ દસૂકી رضوان اللہ تعالیٰ علیہم اجمعین.

*(ફતાવા રઝવિય્યહ, ૨૧/૫૫૦) (માહનામા અશરફિયા–મુબારકપુર, માર્ચ–એપ્રિલ–૨૦૨૩)*

www.barkatekhwaja.net

# નકારાત્મક વિચારધારાની
## બુરી અસરો

અઝ : મુફ્તી મુહમ્મદ સાજિદ રઝા મિસ્બાહી
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

ચિંતન, વિચારણા અને સંવેદનશીલતા ઈન્સાની ફિત્રત (માનવ પ્રકૃતિ) છે. સંજોગો, બનાવો તથા અનુભવો તથા નિરીક્ષણોના બારામાં સકારાત્મક (પોઝિટિવ) અથવા નકારાત્મક (નેગેટિવ) મંતવ્ય નક્કી કરવું પણ માનવ સ્વભાવ છે. માનવોમાં અમુક ખૂબ જ સંવેદનશીલ હોય છે અને અમુક અત્યંત કક્ષાના સુસ્ત હોય છે. સુસ્ત માણસ પર આગળ પાછળના સંજોગોની કોઈ અસર નથી થતી, તેમને પોતાના નફા નુકસાનનો પણ એહસાસ નથી થતો. એવા લોકોની જિંદગી નદીના વહેણની જેમ હોય છે જે પોતાની દિશામાં વહેતી રહેતી હોય છે.

સંવેદનશીલ (ઈમોશનલ) લોકોમાં અમુક સકારાત્મક (પોઝિટિવ) ચિંતન તથા વિચારધારાવાળા તથા રચનાત્મક (Constructive) દિમાગવાળા હોય છે. તેઓ દરેક કામમાં સકારાત્મક પાસુ શોધી કાઢે છે. પ્રતિકૂળ સંજોગો તથા બનાવોમાં પણ તેમને ભલાઈનું પાસુ દેખાય આવે છે. તેઓ નિરાશાવાદના અંધકારોમાં આશાઓના ચિરાગ રોશન કરી લે છે. એવા લોકો જિંદગીના કોઈ મોડ પર નિષ્ફળ નથી થતા. મોટી મોટી સમસ્યાઓ તેમની સફળતાના સફરમાં આડ નથી બનતી, તેઓ હમેશાં ખુશ રહે છે અને અન્યોને ખુશ જોવા ચાહે છે. કોઈની ખુશી કે કોઈની કામયાબી તેમની અંદર હસદ કે કીનો પેદા નથી કરતી. તેઓ ખોટી ટીકા ટીપ્પણીથી પણ પરહેઝ કરે છે, બદઝની, બદગુમાનીના ગુનાહથી પણ મેહફૂઝ રહે છે.

બીજી બાજુ માણસોનો એક વર્ગ નકારાત્મક (નેગેટિવ) ચિંતનો, ખયાલોની ખતરનાક બીમારીમાં સપડાયેલો હોય છે. નકારાત્મક વિચારધારાની આ બીમારી તેમના દિલો દિમાગને કમજોર કરી દે છે. તેમની ચિંતન વિચારણાની ક્ષમતા (કાબેલિયત) ગુમ થઈ જાય છે. તેમના ચિંતન વિચારણાનું વર્તુળ સીમિત થઈ જાય છે. સૃષ્ટિની વિશાળતાઓ તેમના માટે તંગ થઈ (સંકોચાય) જાય છે. એવા લોકોની દુનિયા ઘણી જ નાની હોય છે. નકારાત્મક વિચારધારાવાળા લોકોને કોઈનામાં પણ અચ્છાઈઓ કરતાં બુરાઈઓ અને ખામીઓ જ દેખાય આવે છે.

ગંદી તથા નાપાક વિચારણા, ગુસ્તાખીમય તથા પૂર્વગ્રહવાળો વર્તાવ, અસભ્ય વિચારો, ભાંગફોડવાળી વૃત્તિ, નફરત તથા અદાવત, ટીકા તથા અપમાન, શંકા કુશંકા, ધોકો પ્રપંચ, માનસિક અશાંતિ તથા અશાંતિ પ્રિયતા, ઉદાસીનતા તથા નિરાશા, અરૂચી તથા લાપરવાહી, હિંમત ભંગ થવું, સંતોષનો અભાવ, અરક્ષિત હોવાની ભાવના તથા સાહસ વૃત્તિનો અભાવ, અવિશ્વાસ, મદદ ન થવાની ધારણા વગેરે ખાસિયતો નકારાત્મક વિચારણાવાળા લોકોની અંદર ખૂબ જ પ્રમાણમાં જોવા મળે છે. અસલમાં નકારાત્મક વિચારધારા એ ડર, હાર, નિષ્ફળતા, નિરાશા, ગુસ્સો, કડવો સ્વભાવ, માયૂસી, પરેશાની, ગીબત, ચુગલખોરી, કીનો, મનમાં મેલ, ઈર્ષા, દુશ્મની અને અન્યોને નીચા દેખાડવાની કે ઝલીલ કરવાની ખ્વાહિશનું પરિણામ હોય છે.

એવા લોકો સમાજ તથા પબ્લિકના માટે અતિશય ખતરનાક હોય છે. તેમના કારણે પૂરી બિરાદરી બદનામ થાય છે. આખી તેહરીક તથા તન્ઝીમને અસર પહોંચે છે. એવા લોકો બનેલાં બનાવેલાં કામો આસાનીપૂર્વક બગાડી નાખે છે. સારા એવા એજ્યુકેટેડ લોકોને પણ આ તબકો

www.barkatekhwaja.in

(નિરાશાવાદી વર્ગ) મિસગાઈડ કરવામાં કામયાબ થઈ જાય છે. અમુક લોકોની નકારાત્મક વિચારધારા કેવળ તેમની પોતાની જાત સુધી સીમિત રહે છે, પરંતુ અમુક પોતાની નકારાત્મક, પૂર્વગ્રહી તથા લાલચુ વિચારધારા વડે અન્યોની જિંદગીમાં ઝહેર ભરી આપે છે. એવા લોકોને "નકારાત્મક લોકો" (Negative People) અથવા "ઝેરીલા લોકો" (Toxic People) પણ કહે છે. એવા લોકો સમાજના માટે ઝેરીલા હોવાની સાથોસાથ શરઈ દષ્ટિએ પણ ઘણા બુરા હોય છે. કુર્આને કરીમમાં ઈર્શાદ ફર્માવવામાં આવ્યો :

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اجْتَنِبُوْا كَثِيْرًا مِّنَ الظَّنِّ ۫ اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ وَّلَا تَجَسَّسُوْا وَلَا يَغْتَبْ بَّعْضُكُمْ بَعْضًا ؕ اَيُحِبُّ اَحَدُكُمْ اَنْ يَّاْكُلَ لَحْمَ اَخِيْهِ مَيْتًا فَكَرِهْتُمُوْهُ ؕ وَ اتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ تَوَّابٌ رَّحِيْمٌ ۝

"હે ઈમાનવાળાઓ ! ઘણા ગુમાનોથી બચો ! બેશક ! કોઈ ગુમાન ગુનોહ બની જાય છે, અયબ ન શોધો અને એકબીજાની ગીબત ન કરો. શું તમારામાં કોઈને ગમશે કે પોતાના મરેલા ભાઈનો ગોશ્ત ખાય ? તો એ માન્ય નહીં હોય. અને અલ્લાહની ડરો ! બેશક ! અલ્લાહ ઘણો જ તૌબા કૃબૂલ કરનારો મહેરબાન છે." *(સૂ. હુજુરાત–૧૨)*

અસલમાં બદગુમાની એ નકારાત્મક વિચારધારાની ઉપજ છે, જ્યારે કે સારુ ગુમાન સકારાત્મક (પોઝિટિવ) વિચારધારાનો લાઝમી તકાઝો છે. સકારાત્મક વિચારધારા (Positive Thinking)વાળો શખ્સ કદાપિ બદ ગુમાનીઓમાં સપડાય નથી શકતો. મુબારક હદીષોમાં પણ એવા લોકોની સખત બુરાઈ વર્ણવવામાં આવી છે. હદીષે પાકમાં છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ગુમાનથી બચો, કેમ કે ગુમાન સૌથી જૂઠી વાત છે."

*(સહીહ બુખારી, કિતાબુન્નિકાહ)*

## ★ નબી પાક ﷺની સકારાત્મક વિચારધારાનો નમૂનો ★

સરકારે દો આલમ ﷺની હયાત મુબારકનો અભ્યાસ કરવામાં આવે તો એ હકીકત સંપૂર્ણપણે જાહેર થઈ જાય છે કે નબી કરીમ ﷺએ હમેશાં પોઝિટિવ (સકારાત્મક) વિચારધારાને અપનાવી. તબ્લીગે દીનની રાહમાં કાફિરો તથા મુશ્રિકોએ આપના પર જુલ્મ તથા તકલીફોના પહાડ તોડયા, પરંતુ આપે હમેશાં પોઝિટિવ વલણ અપનાવીને તેમની હિદાયત માટે દુઆઓ કરી. ફતહે મક્કાના મોકા પર જ્યારે ચો તરફ ઈસ્લામ છવાઈ ગયો અને કુફ્રની હાર થઈ ચૂકી હતી છતાં આપે મક્કા મુકર્રમાના કાફિરો તથા મુશ્રિકોની ગુસ્તાખીઓ જબરદસ્તીઓને એકદમ માફ કરી આપીને જે અમલી રવૈયો અપનાવ્યો તે યકીનન ! દુનિયાના અસ્તિત્વ સુધી પૂરી માનવજાત માટે દીવાદાંડી સમાન છે. તાઈફની ગલીઓમાં આપને લોહી લોહાણ કરવામાં આવ્યા. રબ્બે કાઈનાતના હુકમથી પહાડોના ફરિશ્તાએ આપની ખિદમતમાં અર્ઝ કરી કે ઈજાઝત આપો તો એમના પર પહાડ ફેંકીને હમેશાં માટે નષ્ટ કરી દઈએ, પણ આપે મના કર્યું અને ઈર્શાદ ફર્માવ્યો, "આશા છે કે અલ્લાહ તઆલા તેમની નસલથી એવા લોકો પેદા કરશે જેઓ કેવળ અલ્લાહની ઈબાદત કરશે અને તેઓ શિર્ક નહીં કરે. (સહીહ મુસ્લિમ, ૨/૧૦૯) વિના શંકાએ આ સરકારે દો આલમ ﷺની સકારાત્મક (પોઝિટિવ) વિચારધારાનો એક ઉચ્ચ નમૂનો છે.

હવે અમે નીચેના લખાણમાં નકારાત્મક (નેગેટિવ) વિચારધારાના અમુક મહત્વનાં દીની દુનિયવી નુકસાનો પર અમુક અંશે વિગતવાર રોશની નાખીએ છીએ.

### ★ નકારાત્મક વિચારધારા પ્રગતિની રાહમાં મહાન આડ છે ★

માનસ શાસ્ત્રીઓનું કહેવું છે કે સકારાત્મક (પોઝિટિવ) વિચારધારા કામયાબીની જમાનત હોય છે અને માણસમાં આત્મ વિશ્વાસ પેદા કરે છે. જ્યારે નકારાત્મક વિચારધારાવાળા લોકો હમેશાં અસમંજસ (Uncertainity)નો શિકાર હોય છે. કોઈ પણ સમસ્યામાં તેઓ સહીહ નિર્ણય સુધી પહોંચવાથી લાચાર રહે છે, અને ગલત નિર્ણયો લઈને પોતાની જિંદગી બર્બાદ કરી નાખે છે. આપણી આસપાસ એવા અગણિત લોકો હોય છે જેમના નકારાત્મક વલણોથી તેમની ઓળખ સરળતાથી થઈ શકે છે. તેઓ કોઈ પ્રોજેકટને શરૂ કરતાં પહેલાં જ ખતરાઓ તથા સંભાળ નાઓના વમળોમાં ફસાયને કૃદમ પાછા હટાવી લે છે. દરેક કામમાં તેમને નિષ્ફળતાનો ડર સતાવવા માંડે છે. તેઓ ફાયદાઓ કરતાં નુકસાનો પર વિચાર કર્યા કરે છે. દા.ત. તેમને કોઈ બિઝનેસ શરૂ કરવો છે તો વિવિધ પ્રકારના વિચારો દિલમાં લાવે છે. તેઓ એવું નથી જોતા કે આ બિઝનેસ થકી કેટલા લોકોએ આર્થિક પ્રગતિના શિખરો સુધી પહોંચવામાં સફળતા મેળવી. બલ્કે તેઓ એના પર અધિક રિસર્ચ કરે છે કે આ બિઝનેસમાં કેટલા લોકો નિષ્ફળ જઈને તબાહીના શિકાર બન્યા. આ રીતે તેઓ પોતાનો ઈરાદો ત્યાં જ પડતો મૂકે છે અને આર્થિક પ્રગતિનો એક સુનેહરો મોકો ખોઈ બેસે છે. આ પણ એક હકીકત છે કે ઘણા બધા કામો ઘણા બધા લોકો કેવળ એ નકારાત્મક વિચારધારાને લીધે નથી કરવા પામતા કે અમારી પાસે આ કામના માટે મૂડી તથા માધ્યમો નથી. અથવા અમારી પાસે એવી શક્તિ નથી જે આ કામની પૂર્ણતા માટે જરૂરી છે. આવી નકારાત્મક વિચાર ધારા મેહરૂમીના એહસાસમાં વધારો કરે છે. અને આપણે મૌજૂદ સામગ્રીને પણ પોતાના કામના માટે ઉપયોગમાં નથી લઈ શકતા.

### ★ નેગેટિવ સોચનો એક નમૂનો જુઓ ★

નકારાત્મક (નેગેટિવ) વિચારોવાળા લોકો દરેક કામમાં કોઈ નકારાત્મક પાસુ કાઢી લે છે. દા.ત. એક લેખક કોઈ નકારાત્મક વિચારોવાળા પાસે પોતાની કિતાબ લઈને ચાલ્યો જાય તો તે એમને કહેશે કે, આજકાલ કિતાબો કોણ વાંચે છે ?! સોશ્યલ મીડિયાનો જમાનો છે, લોકો મોબાઈલ તથા ટેલીવિઝનમાં વ્યસ્ત રહે છે. અથવા એવું પણ કહી શકે છે કે કિતાબનો વિષય ઘણો જ પૂરાણો છે, એના પર તો સેંકડો કિતાબો લખાય ચૂકી છે, એ જ કિતાબો વાંચવા માટે પૂરતી છે તો પછી આ કિતાબની શું જરૂરત હતી ?! આ રીતે નકારાત્મક ખયાલોવાળા લોકો ન પોતાનું ભાવિ બર્બાદ કરે છે બલ્કે પોતાની આસપાસના લોકોના હોસલાને તોડી પાડવામાં પણ મહત્વનો રોલ ભજવે છે. (આ તો અમારી સાથે લગભગ રોજ જ થઈ રહ્યું છે ! –તંત્રી)

### ★ નકારાત્મક વિચારધારા સંબંધોમાં તિરાડો પાડવાનો સબબ છે ★

નકારાત્મક વિચારો ધરાવતા લોકો સંબંધોને નિભાવવામાં મોટાભાગે નિષ્ફળ રહે છે. બદઝની તથા બદગુમાની તેમની ગુટ્ટી (ગળથૂથી)માં પડી હોય છે. તેઓ નાની નાની વાતોથી ઘણા ખતરનાક પરિણામો કાઢી લે છે. દા.ત. એક નેગેટિવ સોચ રાખનાર શખ્સ પોતાના મિત્રને ફોન કરે છે. સંજોગોવસાત તે બાથરૂમમાં હોય છે અને બહાર આવીને ઓફીસે જવાની ઉતાવળમાં પોતાના દોસ્તના ફોનને ભૂલી જાય છે. ઓફીસનાં કામો દરમ્યાન ફરી ફોન આવે છે પરંતુ ઓફીસના નીતિ નિયમોનો લેહાઝ કરીને તે ફોન રીસીવ નથી કરી શકતો. પેલી બાજુ નકારાત્મક સોચવાળો મિત્ર કાંઈ કેટલીય જાતની બદગુમાનીઓ દિલમાં પેદા કરી લે છે ! તે વિચારે છે કે મારો દોસ્ત મને મહત્વ નથી આપી રહ્યો ! જાણી જોઈને મારા

www.barkatekhwaja.net

ફોનને ધ્યાનમાં નથી લેતો, મારા મિત્રને પૈસાનું અભિમાન થઈ ગયું છે ! મારો મિત્ર મારી સાથે દોસ્તી ચાલુ રાખવા નથી માગતો ! મારા મિત્રને કોઈએ બહેકાવી દીધો છે ! પછી એ જ પ્રમાણે બદ ગુમાનીઓના પાયા પર શિકવા શિકાયતની એક પૂરી ઈમારત ખડી કરી લેવામાં આવે છે. પછી ધીરે ધીરે દોસ્તીનો આ પાકીઝા સંબંધ તૂટવા માંડે છે, અને આ નેગેટિવ સોચ વરસોની દોસ્તીને ભસ્મીભૂત કરી નાખે છે.

પતિ તથા પત્ની વચ્ચે સંબંધોની કડવાશ થવામાં પણ નેગેટિવ સોચ અને તેના પરિણામે ઉદ્ભવનારી બદગુમાનીઓને મોટી દખલ હોય છે. ગલત તથા નકારાત્મક સોચ સગા ભાઈઓ, બહેનોમાં દુશ્મની, સાસુ વહુમાં લડાઈ કરાવે છે, પતિ પત્નીમાં એક બીજા પર વિશ્વાસની કમી પેદા કરે છે પછી લડાઈ અને છેવટમાં તલાક઼ તથા જુદાઈની નોબત આવી જાય છે.

જેથી હમેશાં આપણા સર્વ સગાં સંબંધીઓને ગુઝારિશ કરવી જોઈએ કે જો કદી કોઈ શિકાયત હોય તો ડાયરેક્ટ સંપર્ક કરો, શૈતાની અસરોથી પેદા થનારી બદગુમાનીઓના કારણે કોઈ નકારાત્મક ખયાલ દિલમાં ન વસાવશો. સારા સંબંધો અને સગાઈઓ અલ્લાહની નેઅમત છે, એને આ રીતે પાયમાલ કરવી એ નેઅમતોની નાક઼દરી સમાન છે.

### ★ નેગેટિવ સોચ ખરાબીને હવા આપે છે ★

નકારાત્મક વિચારોવાળા સકારાત્મક (Constructive) વિચારોથી માઈલો દૂર હોય છે. એવા લોકો કોઈ પણ સમાજમાં હોય અથવા કોઈ તેહરીક કે તન્ઝીમમાં હોય તેઓ હમેશાં નિરર્થક ટીકા ટીપ્પણના આદી (આદતવાળા) હોય છે. દરેક મામલામાં તેમની ટીકા ટીપ્પણનો નશતર ચાલુ રહે છે જે માહોલને ખરાબ કરવામાં અને ભાંગફોડીયા તત્વોને ઉત્તેજન આપવામાં મહત્વનો રોલ અદા કરે છે. એવા લોકો હજારો ખૂબીઓની વચ્ચે છુપાયેલી મામૂલી ખામીઓને પણ શોધી કાઢે છે ! પછી તે અગણિત ખૂબીઓની ચર્ચા કરવાને બદલે તે ખામીઓને હાઈ લાઈટ કરીને ખૂબીઓ પર પડદો નાખવાની કોશિશ કરે છે. જો કે એવા લોકોની કોશિશો મોટાભાગે સફળ નથી થતી અને તેઓ જ બેઈજ્જત થાય છે. **એવા લોકો કોઈ સારા કામ પર પ્રોત્સાહન આપવાના બે બોલ બોલવાને બદલે તે કામની અસરોને નાબૂદ કરવા અને એની વિરૂધ્ધ આમ લોકોનું મંતવ્ય સમારવા માટે વ્યસ્ત રહે છે ! તેમની જિંદગી એ જ કામોમાં પસાર થઈ જાય છે.** સારા તથા પોઝિટિવ લોકો એવા લોકોના સાયાથી પણ દૂર ભાગે છે. નેગેટિવ સોચવાળા લોકો દુનિયામાં તો વેરવૃત્તિવાળા રહે જ છે, પણ દુનિયાથી વિદાય થતાં થતાં બદનામીઓની મહોર પણ સાથે લઈને જાય છે.

### ★ નકારાત્મક વિચારધારા માનસિક, શારીરિક બીમારીઓનો સબબ છે ★

નકારાત્મક વિચારધારા તથા ભાવનાઓ શારીરિક તથા માનસિક તંદુરસ્તી પર અસર કરે છે. જે લોકો નકારાત્મક વિચારો ધરાવે છે તેમનામાં બીમાર રહેવાની શક્યતાઓ અધિક હોય છે. એ જ પ્રમાણે જે લોકો ખુશ રહે છે અને દરેક વાતને પોઝિટિવ રીતે જુએ છે તેઓ ખતરનાક બીમારીઓથી મેહફૂઝ રહે છે. આજે પશ્ચિમી દેશોમાં અસંખ્ય લોકો નેગેટિવ વિચારધારાના કારણે ડિપ્રેશન, સ્ટ્રેસ, ટેન્શન, માનસિક અસંતુલન વગેરેમાં સપડાયેલા છે, જેના ઈલાજ માટે મોટિવેશનલ સ્પીકર્સ, અને લાઈફ કોચીઝ વગેરે તેમની નેગટિવ સોચ ખત્મ કરવા અને પોઝિટિવ સોચ અપનાવવાની માનસિક ટ્રીટમેન્ટ આપી રહ્યા છે.

મેડિકલ સંશોધનના નિષ્ણાતોનું કહેવું છે કે નેગેટિવ સોચવાળા દિલની બીમારીઓમાં ખૂબ જ અધિક પ્રમાણમાં સપડાય છે.

વધુ પેજ ૧૪ પર...



www.barkatekhwaja.net

# અહલે બયતથી મહોબ્બત
## અને તેનો બદલો

**અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

### ★ આપણી ખુશનસીબી અને શીઆની ગુમરાહી ★

આપણે અહલે સુન્નત વલ જમાઅતના છીએ અને આપણને સુન્ની કહેવામાં આવે છે. એની વિરોધમાં એક ખ્યાતિ પામેલ મોટો ફિરકો શીઆ લોકોનો છે. જેમનો દા'વો એવો છે કે માત્ર અમે જ અહલે બયતે રસૂલના સાચા માનવાવાળા અને એમના શુભેચ્છક છીએ, અમને છોડીને આ ઈજ્જત કોઈને પ્રાપ્ત નથી અને પ્રાપ્ત થઈ શકતી પણ નથી. તેઓની માન્યતા મહબ્બત અને પ્રેમમાં એટલી આગળ વધીને છે કે તેઓ અહલે બયતના જે ઈમામોને માને છે તેમને જ માને છે તેમને છોડીને કોઈની ઈમામત માન્ય રાખતા નથી. હઝરત અબૂબક્ર સિદ્દીક જેમની વિશેષતા એ છે કે, નબીઓ પછી અલ્લાહની મખ્લૂકમાં ઉચ્ચતર પદ આપનું છે અને આપની ખિલાફત પર અને પ્રથમ ખલીફા હોવા પર ઉમ્મતની એકમતી છે. પણ શીઆ લોકો તેમને માનતા નથી બલ્કે તેમને પણ ગાળો આપે છે અને તેમને ન બોલવાની વાતો બોલીને પોતાના ઈમાનને નષ્ટ કરી આપ્યું છે, આમ બીજા ખલીફા હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ, ત્રીજા ખલીફા હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને પણ માનતા નથી, અને વધુ પડતા સહાબાને તેઓ ગાળો આપે છે, અને એટલું જ નહીં તેમની બદ્અકીદગી સીમા પારની છે. અને આપણી ખુશ કિસ્મતી એ છે કે આપણે અહલે બયતને પણ માનીએ છીએ, સઘળા સહાબાને પણ માનીએ છીએ, અને માનવાનો જે કાયદાનો વર્તુળ છે એ વર્તુળમાં રહીને માનીએ છીએ, પાગલ થઈને નહીં. માનવું કમાલ નથી, હદમાં રહીને માનવું કમાલ પણ છે અને ઈમાન પણ છે. અલ્લાહને માનવું ઈમાનનો એક ભાગ છે પણ અલ્લાહને મખ્લૂક માફક માનવો કુફ્રનો ભાગ છે, રસૂલે પાકને માનવું ઈમાનનો એક ભાગ છે પણ ખુદા માફક માનવું કુફ્રનો ભાગ છે, તો સ્પષ્ટ થયું કે માનવું કમાલ નથી અને માનવું ઈમાન નથી પણ જે કાયદાનું વર્તુળ બનાવવામાં આવ્યું છે એમાં રહીને માનવું જ ઈમાન છે. માનવા પર જે કંઈ બશારતો અને ખુશ ખબરીઓ સંભળાવવામાં આવી છે તે વર્તુળમાં રહીને માનવાવાળાઓને જ લાગુ પડે છે. અને એ પ્રમાણે માન્યતા આપણી છે. એટલે આપણને અહલે સુન્નત વલ જમાઅત કહેવામાં આવે છે. આ'લા હઝરત મુજદ્દિદે ઈશ્કો મહ્બ્બત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

અહલે સુન્નત કા હય બેળા પાર અસ્હાબે હુઝૂર
નજ્મ હંય ઔર નાવ હય ઈતરત રસૂલુલ્લાહ કી

### ★ અહલે સુન્નતનો બેડો પાર ★

એટલે કે આપણી માન્યતામાં સહાબા ન્યાયી અને ઈન્સાફ પરસ્ત, સત્ય અને હક્ક છે, અને અહલે બયત પણ નબીની નિકટતાને લઈને અને એમની બાબત વર્ણવવામાં આવેલ હદીષોને લઈને વિશેષતા ધરાવે છે, અમે સહાબાને પણ માનીએ છીએ, એમના પૈકી કોઈની બુરાઈ અને ગુસ્તાખી નથી કરતા. સર્વને એમની શાનના લાયક માન મરતબો આપીએ છીએ, અને અહલે બયઅતને માનવાનું જે એક કાયદાનું વર્તુળ છે તેમાં રહીને, એમને પણ માનીએ છીએ,

એટલે અહલે સુન્નત સફળ અને કામયાબ છે, એમનાથી અલગ થનાર નિષ્ફળ અને નાકામ છે.

**★ ઔલાદમાં ઉચ્ચતમ હસનૈન ★**

અહલે બયત એટલે ઘરના લોકો, એમાં નબીએ પાકની સઘળી પત્નીઓ, હઝરાતે પંજ તન પાક અને નબીએ પાકે જેમને પોતાના તરફથી પોતાના અહલે બયતમાં સ્વીકારી લીધા છે એ સર્વને કહેવામાં આવે છે, પણ ઔલાદે રસૂલ હોવાનો પ્રશ્ન તો એની વિગતનું વર્ણન થઈ ગયું કે **હઝરાતે હસનૈન અને એમની ઔલાદને સૈયિદ કહેવામાં આવે છે.** ઔલાદે રસૂલ હોવાને લઈને ઉચ્ચતમ પદ હઝરાતે હસનૈનનું છે. અને વંશના આધારે બાપ થકી જે હઝરાતે હસનૈનમાંથી કોઈ એક સાથે મળે તેને જ સૈયિદ કહેવામાં આવશે, એમને છોડીને સૈયિદ હોવાનું પદ બીજા કોઈને પ્રાપ્ત રહેશે નહીં. રસૂલે પાકની ઔલાદમાં માત્ર **હસની** અને **હુસૈની** સાદાતનો જ સમાવેશ છે.

**★ આપણા નબીની વિશિષ્ટતા વંશ બાબતે ★**

**હદીષોના આધારે ઈસ્લામમાં વંશનો આધાર બાપ પર છે મા પર નથી.** એટલે જો કોઈનો બાપ ગૈર સૈયિદ હોય તો **માતાના સૈયેદા હોવાથી એને સૈયિદ કહેવામાં આવશે નહીં.** જો પિતા સૈયિદ હોય અને માતા સૈયિદ ન હોય તો પણ ઔલાદને સૈયિદ કહેવામાં આવશે. એટલે જ કે ઈસ્લામમાં વંશનો આધાર માતા પર નથી પિતા પર છે, **માત્ર આપણા નબીની વિશેષતા છે કે આપનો વંશ પોતાની પુત્રી હઝરતે ફાતિમાથી ચાલ્યો**, આપને છોડીને દુનિયામાં કોઈને આ વિશેષતા પ્રાપ્ત નથી, એટલે દરેકનો વંશ એના પિતાથી જ સંબંધિત રહેશે.

**★ નિઃશંક ! ઔલાદે રસૂલ ★**

રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلمની ઔલાદ નિઃશંક ! ફઝીલત અને વિશેષતા ધરાવે છે, નબીએ અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم થી વંશના આધારે સંબંધિત હોવાને લઈને તેઓ ઈજ્જત ધરાવે છે પણ જમાનો જેટલો દૂર જતો જાય છે વંશમાં વધારો થતો જાય છે, અને ખોટા દાવેદારોની પણ કમી નથી જેને લઈને કેટલીક શંકાઓ ઉપસ્થિત થાય છે. એટલે વર્તમાનકાળમાં કહેવા પર માની લેવું અને ઈજ્જત કરી લેવું અક઼ીદતના આધારે છે, એમાં યકીનના દરજ્જે પહોંચવું મુશ્કેલ છે. પણ હઝરાતે હસનૈન અને એમની નિકટની ઔલાદ અને એમના વંશમાં કોઈ જ શંકા નથી તેઓ નિઃશંક ! નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلمની ઔલાદ છે. તો તેઓ ઔલાદ પણ છે અને એમની ઔલાદ હોવામાં યકીન પણ છે એટલે અકીદતના આધારે આપ વધારે માન્ય છે. અહીંયા શંકાને જગા મળી શક્તી જ નથી.

અલ્હમ્દુલિલ્લાહ ! અહલે બયતની મહોબ્બત એ "અહલે સુન્નત વ જમાઅત"નું જ મુક઼દર છે અને દરેક સુન્ની અલ્હમ્દુલિલ્લાહ ! અહલે બયતથી મહોબ્બત ધરાવે છે. અને સુન્ની કેમ અહલે બયતે પાકથી મહોબ્બત ન ધરાવે કેમ કે જ્યારે ખુદ નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું :–

**★અહલે બયતની ફઝીલત પર એક દૃષ્ટિ ★**

"ઔલાદ દુનિયામાં ફૂલ છે જેને અલ્લાહ તઆલા પોતાના બંદાઓમાં વહેંચે છે. અને **દુનિયામાં મારાં બે ફૂલ હસન તથા હુસૈન છે."** (رضی اللہ عنہما)

એક દિવસે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ (પોતાના કાકા) હઝરત અબ્બાસ رضی اللہ عنہને ફર્માવ્યું, કાકા ! આપની ઔલાદને મારી પાસે લઈ આવો. તે સર્વ ઘરવાળાંને લઈને હાજર થયા. તો હુઝૂર ﷺએ

પોતાની નૂરાની ચાદરમાં તેમને ઢાંકી લીધાં અને દુઆ કરી, "હે અલ્લાહ ! જેવી રીતે મેં એમને મારી ચાદરમાં છુપાવ્યાં છે, એ જ પ્રમાણે કયામતના દિવસે તેમને તું તારી રહ્મતની ચાદરમાં છુપાવી લે જે. આ મારાં અહલે બયતમાંથી છે. એના પર દુનિયાના દરેક દરેક રજકણે આમીન કહી. (સુબ્હાનલ્લાહ !)

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ વર્ણવે છે કે મેં જયારે પણ ઈમામ હસન رضی اللہ عنہની તરફ નિગાહ ઉઠાવી કે મારી આંખોથી આંસૂં ટપકવા માંડે છે. એટલા માટે કે એક દિવસે આપ નબી علیہ الصلوٰۃ والسلامની ગોદમાં બેસીને આપની દાઢી મુબારકથી પ્યાર કરી રહ્યા હતા. અને હુઝૂરે અકરમ ﷺ મહ્બ્બતભેર તેમને ચૂમતા તથા પોતાની ઝબાન મુબારક આપના મોઢામાં નાખી દેતા અને ફર્માવ્યું, "ઈલાહી ! હું આનાથી મહોબ્બત કરું છું, તું પણ એનાથી મહોબ્બત ફર્માવ અને જે એની સાથે મહોબ્બત રાખે તેને મહોબ્બત કર." આ શબ્દો આપે ત્રણવાર કહ્યા.

નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. અલ્લાહ તઆલા એને મહબૂબ રાખે જેણે હુસૈનથી મહોબ્બત રાખી."

*(તિર્મિઝી શરીફ બહવાલા નુઝહતુલ મજાલિસ–૨)*

આ સિવાય અનેક ફઝીલતો જેમ કે ફરિશ્તા એમની હિફાઝત કરે, પારણુ ઝુલાવે વગેરે અહલે બયતની ફઝીલત દર્શાવતી હદીષો અગણિત આવેલી છે જેને આ ટૂંકા લેખમાં સમાવવું શક્ય નથી. હવે એ જુઓ કે હુઝૂર ﷺની અહલે બયતની ખિદમતનો બદલો શું મળે છે, એના વિશે અમુક દષ્ટાંતો જોઈએ.

### ★ એક મજૂસી (અગ્નિપૂજક)ને ઈમાન તથા જન્નત નસીબ થયાં ★

બલ્ખ શહેરમાં કોઈ અલ્વીની વફાત થઈ તો તેની પત્ની સમરકંદ ચાલી ગઈ. ત્યાં જામેઅ મસ્જિદમાં પોતાનાં બાળકોને છોડીને ખોરાકની તલાશમાં બહાર નીકળી. અને તે શહેરના સૌથી અમીર શખ્સને જોયો તો તેને આ પ્રમાણે સવાલ કર્યો કે હું અલ્વી ખાતૂન છું, મારે બાળકોના માટે ખાણાની જરૂરત છે, તમો મને થોડુક સરખુ ખાવાનુ આપો. તે શખ્સે કહ્યું કે તમો બે ગવાહ રજૂ કરો કે ખરેખર તમે અલ્વી છો. તેણી બોલી, હું પરદેશી છું. આ સાંભળતાં અમીરે મોં ફેરવી લીધું અને ચાલતો થયો.

ત્યાર બાદ એક મજૂસીને તેણીએ જોયો તો તેને સર્વ હકીકત જણાવી. તેને દયા આવી અને તેણે ખાણુ આપી દીધું. જયારે રાત પડી તો તે માલદાર મુસલમાને નબી કરીમ علیہ الصلوٰۃ والسلامની ખ્વાબમાં ઝિયારત કરી કે આપ એક અતિ ખૂબસૂરત મહેલની પાસે ઉભેલા છે. તે બોલ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ આ મહેલ કોનો છે ? આપે ફર્માવ્યું, એક મુસલમાનના માટે છે. તેણે કહ્યું, હું પણ મુસલમાન છું ! આપે ફર્માવ્યું, તમો તમારી મુસલમાનીના ગવાહ લાવો ! આ સાંભળતાં જ તે પરેશાન થયો. આપ ﷺએ ફર્માવ્યું, તારી પાસે એક પરદેશી અલ્વી ખાતૂન આવી હતી, તેણીએ સવાલ કર્યો તો તેં નથી કહ્યું કે ગવાહ લાવો !

ખ્વાબમાં આ મન્ઝર જોતાં જ તે જાગ્યો અને તે સ્ત્રીના બારામાં શોધખોળ કરવા લાગ્યો. ખબર પડી કે મજૂસીના ઘરે છે, તો ત્યાં પહોંચ્યો અને મજૂસીને વિનંતિ કરવા લાગ્યો કે આ અલ્વી ખાતૂનની હું ખિદમત કરવા ચાહું છું, મારી સાથે રવાના કરી આપ, અને એના બદલામાં હું તને એક હજાર દીનાર આપીશ. મજૂસી બોલ્યો, હું રસૂલુલ્લાહ ﷺની સામેનો મહેલ એક હજાર દીનારમાં વેચીશ નહીં ! અને સાંભળ ! ગઈ રાતે જ્યાં સુધી હું મારાં બાળકો સહિત મુસલમાન ન થયો ત્યાં સુધી સૂતો નથી. નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ મને બશારત આપી છે કે તું બીવી બચ્ચાં સહિત જન્નતી છે. (સુબ્હાનલ્લાહ !)

www.barkatekhwaja.net

### ★ એક અન્ય મજૂસીને કલમો નસીબ થયો ★

મજૂસી (અગ્નિપૂજક)ના ઘરેથી ખાવાની સુગંધ આવી રહી હતી. પડોશમાં એક અલ્વી ખાતૂને કેટલા દિવસથી ખાવા ખાધુ ન હતું. તેણીએ કોઈને કહી દીધું કે આ મજૂસીના ખાણાની ખુશ્બુએ ખૂબ જ તંગ કરી રાખેલ છે. એ વાત મજૂસીના કાનો સુધી પહોંચી તો તેણે પોતાનું ખાણુ તે સૈયદઝાદીને ત્યાં મોકલી આપ્યું. સાહબઝાદીએ તેને દુઆ આપી કે, "ઈલાહી ! એનો હશ્ર મારા નાનાજાનની સાથે થાય !" પછી કોઈ સાલેહ ઈન્સાનને નબી કરીમ ﷺ ખ્વાબમાં મળ્યા અને ફર્માવ્યું, મજૂસીને જઈને બશારત આપો કે અલ્વી ખાતૂનની દુઆ અલ્લાહ તઆલાએ તારા હક્કમાં કુબૂલ કરી લીધી છે. જેવી કે તે સાલેહ મર્દે જઈને તેને ખુશખબર સંભળાવી તો તરત જ તે પોકારી ઉઠયો, અશહદુ અલ્લાઈલાહ ઈલ્લલ્લાહુ વ અશહદુ અન્ન મુહમ્મદન અબ્દુહૂ વરસૂલુહ ! અને મુસલમાન થઈ ગયો.

### ★ હજ્જના માટે ફરિશ્તો નિયુક્ત કરી આપ્યો ! ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رضی اللہ عنہ પોતાના પિતાથી રિવાયત કરે છે કે એક સાલેહ માણસ દર વરસે હજ્જના માટે જતો હતો. એકવાર હજ્જની ચીજો ખરીદવા બગદાદ શરીફના બજારમાં પહોંચ્યો તો તેને એક ખાતૂને કહ્યું, હું સૈયદઝાદી છું ! મારાં યતીમ બાળકો ચાર દિવસથી ભૂખ્યાં છે, એનો કાંઈક ખયાલ કરશો ! આ સાંભળતાં જ તેણે હજ્જ માટે જમા કરેલા સર્વ દીનારો તે સૈયદઝાદીના હવાલે કરી આપ્યા. જ્યારે લોકો હજ્જથી પરત આવ્યા તો તે તેમને મળવા માટે ગયો. તે જે કોઈ હાજીને મળ તો તો મુલાકાત વખતે કહેતો, અલ્લાહ તઆલા તમારો હજ્જ કુબૂલ કરે. તો જવાબમાં તેને પણ હાજી સાહબો કહેતા કે અલ્લાહ તઆલા તમારો હજ્જ પણ કુબૂલ કરે. આ સાંભળીને તેને આશ્ચર્ય થયું. એ જ રાત્રે એને નબી કરીમ ﷺની ઝિયારત નસીબ થઈ. આપે ફર્માવ્યું, તારે આશ્ચર્ય કરવું ન જોઈએ, કેમ કે મેં અલ્લાહ તઆલાથી તારા માટે દુઆ કરી છે કે તારા ચહેરા જેવો એક ફરિશ્તો પેદા કરે જે દર વરસે કયામત સુધી તારા તરફથી હજ્જ કરતો રહે, હવે તમારું દિલ ચાહે તો હજ્જ કરો કે અહીં રહો.

જોયું તમે ? આ છે અહલે બયતની ખિદમતનો બદલો ! અને કેમ ન હોય જ્યારે રહમતુલ લિલ્ આલમીન ﷺ ફર્માવે છે કે, "જે મારા અહલે બયતની ખિદમતમાં રહેશે જો તે દુનિયામાં બદલો ન આપી શકે તો આખેરતમાં એનો બદલો હું આપીશ."

*–(નુઝહતુલ મજાલિસ, ભાગ : ૨, પેજ : ૬૮૬)*


આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, ગુજરાત,
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : રૂા. ૫૦૦/– (ટપાલ/કુરીયર ખર્ચ રૂા.૧૦૦ અલગ)

| બેંકની વિગત | બેંક ઓફ બરોડા દયાદરા બ્રાન્ચ | A/c. No. 34620100000303, Razvi Kitab Ghar | IFSC Code : BARB0DAYADR | PhonePe Paytm/GPay Mo. 94274 64411 |
|---|---|---|---|---|

યુનિવર્સિટીની વાટ લેનારા

# મદ્રસાના તલબા માટે

કાર્યાલય

*અય શર્મિંદાએ સાહિલ–ઉછલ કર બેકરાં હો જા*

*(ડો.ઈકબાલ)*

(હે કિનારા પર રહેનારા ટીપા ! સમુદ્રમાં પડીને અસીમ સમુદ્ર બની જા)

હિંદુસ્તાનમાં મદ્રસાઓના ઘણા ફરાગત પામનારા તલબા યુનિવર્સિટીઓમાં પોતાની તાલીમ ચાલુ રાખવાની ખ્વાહિશ ધરાવે છે. સૌ પ્રથમ એ યક઼ીન પેદા કરે કે દુનિયામાં કોઈ પણ કામ મુશ્કેલ નથી. બસ,પોતાનામાં વિશ્વાસ તથા થોડો હોંસલો પેદા કરવાની જરૂરત છે, ત્યાર બાદ રહી જાય છે અનથક મહેનત અને હોશમંદી. આ સમસ્યાને હલ કરવા માટે દેશની મોટાભાગની યુનિવર્સિટીઓએ જાતે જ એવા પ્રોગ્રામોની ઓળખ આપવાનું શરૂ કરી આપ્યું છે જેનો મકસદ રિવાજ પ્રમાણેના તાલીમી માહોલથી આવનારા તલબાના માટે પ્રવેશને આસાન બનાવવું છે.

રાજયની કે કેન્દ્રની કોલેજો અથવા યુનિવર્સિટીઓમાં પ્રવેશની દરખાસ્ત આપવા માટે મદ્રસાના ફારિગ થયેલા તલબાને બારમીના સમાન એક માન્ય સર્ટિફિકેટ પ્રાપ્ત કરવું જરૂરી હોય છે જે એમની તાલીમી લાયકાતને જાહેર કરતુ હોય. અમુક મદ્રસાઓની સનદોને કેટલીક યુનિવર્સિટીઓ પોતાને ત્યાં પ્રવેશને માટે સ્વીકારે તો છે પરંતું કેટલીય વાર ત્યાંથી તાલીમની પૂર્ણતા પછી પણ નોકરી મેળવવામાં તેમને પરેશાનીઓનો સામનો કરવો પડે છે. એનુ કારણ એ જ હોય છે કે તેમની પાસે દસમી તથા બારમીની ડિગ્રીઓ નથી હોતી. એટલા માટે બેહતર એ જ છે કે સરકારી સંસ્થાઓથી મંજૂર થયેલ ડિગ્રી હાંસલ કરવાની કોશિશ કરવામાં આવે કે જેથી આવનારા દિવસોમાં કોઈ પણ પ્રકારનો સામનો કરવો ન પડે. એના માટે CBSE નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓપન સ્કૂલિંગ અથવા અન્ય સરકારી બોર્ડના થકી સ્વીકૃત (માન્ય) સંસ્થાઓની પરીક્ષા આપીને ડિગ્રી મેળવી શકાય છે. એ સંસ્થાઓના પોતાના કોર્સ તથા પોતાના નિસાબ છે. NCERT કોર્સ નિશ્ચિત કરનાર રાષ્ટ્રીય સંસ્થા છે અને CBSC પરીક્ષા થકી દસમી તથા બારમીની ડિગ્રી પૂરી પાડનાર રાષ્ટ્રીય સંસ્થા છે. મદ્રસાઓના સ્ટુડન્ટસ્‌ને કેમ કે ડિગ્રીની જરૂરત હોય છે એટલા માટે તેમણે તાલીમ દરમિયાન જ એવી સંસ્થાઓથી સંપર્ક રાખવો જોઈએ જ્યાંથી તેમને દસમી તથા બારમીની ડિગ્રી મળી શકે. એના બારામાં નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓપન સ્કૂલિંગ સૌથી સારી સંસ્થા છે જયાંથી મદ્રસાઓ દરમિયાન જ દસમી તથા બારમીની પરીક્ષા આપીને ડિગ્રી પ્રાપ્ત કરી શકાય છે. એના હેઠળ જામિઆ મિલ્લિયા ઈસ્લામિયા, મૌલાના આઝાદ નેશનલ ઉર્દૂ યુનિવર્સિટી અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના તરફથી બ્રીજ કોર્સથી પણ ફાયદો ઉઠાવી શકાય છે જે અત્યાર સુધીનો સૌથી બેહતરીન વૈકલ્પિક સાબિત થયો છે.

ડિગ્રીઓ હાંસલ કર્યા બાદ વાત આવે છે તે યુનિવર્સિટીઓમાં દાખલો પામવા માટે અમલી કોશિશોની, તો પ્રથમ એ જાણી લેવું જોઈએ કે કોઈ પણ સારા કોર્સમાં પ્રવેશ હાંસલ કરવાના માટે જરૂરી છે કે અંગ્રેજી ભાષાની સારી જાણકારી હોય, કેમ કે લગભગ દરેક યુનિવર્સિટીમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી જ છે. સાથો સાથ જનરલ નોલેજ, ગણિત તથા સાયન્સ પણ બેહદ જરૂરી વિષયો છે. તેના માટે કોચિંગ કલાસોની મદદ લઈ શકાય છે.

જો તમે અરબી ભાષા પર જ સારી મહેનત કરી લીધી છે અને તમને એ ભાષામાં ખયાલ પ્રદર્શિત કરવાની લાયકાત આપ ધરાવો છો તો એ પોતે પોતાનામાં મોટી વાત છે અને કેવળ એક લાયકાતથી આપની સામે નોકરી, બિઝનેશ તથા કારોબારના સારા એવા મોકાઓના માર્ગો ખુલી શકે છે. બસ એટલો ખયાલ રાખશો કે અંગ્રેજીની પણ થોડી ઘણી જાણકારી

www.barkatekhwaja.net

હોય તો નુરુન અલા નૂર છે. અરબ દેશો ઉપરાંત યૂરોપી દેશોમાં પણ વિવિધ ક્ષેત્રોમાં આપ અનુવાદકની સેવાઓ હાંસલ કરી શકો છો. મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલો અને આલમી મંડી (માર્કેટ)માં પણ ચાન્સ મળી શકે છે. જો તમે થોડી સરખી મહેનત કરીને તમારી ભાષા સુધારી લો છો અને સ્ટાન્ડર્ડ સંસ્થાઓથી ડિપ્લોમા, એડવાન્સ ડિપ્લોમા વગેરે સર્ટિફિકેટ હાંસલ કરી લો છો તો આ કદમ તમારા માટે અસાધારણ રીતે કામનો સાબિત થઈ શકે છે. અખાતી દેશોની સરખામણીમાં હિંદુસ્તાનમાં સસ્તો ઈલાજ મળતો હોવાના કારણે નાના મોટા ઓપરેશન માટે અરબ દેશોથી આવનાર બીમારોની મોટી સંખ્યાને અરબી અનુવાદકની તાત્કાલિક જરૂરત હોય છે અને દિલ્હી એનસીઆરની અમુક મોંઘી હોસ્પિટલો પણ કાયદેસર રીતે અરબી અનુવાદકોની સેવા લે છે. એના હેઠળ **NCPUL**થી ફન્કસનલ અરબીક કોર્સો અને કોમ્પ્યુટર કોર્સોથી પણ ફાયદો ઉઠાવી શકાય છે. આ સંસ્થા સરકારી છે એટલા માટે એની ડિગ્રીઓ પણ અસામાન્ય મહત્વ ધરાવે છે.

અરબી ભાષામાં લખવા વાંચવા અને ખયાલો પ્રદર્શિત કરવાની ક્ષમતા ધરાવવાના કારણે અરબ કન્ટ્રીઓમાં પણ પ્રવેશનો માર્ગ ખુલે છે. અરબ દેશોની જામિઆતમાં પ્રવેશ, ઓન લાઈન ફોરમ તથા રેકોમન્ડેશનના આધારે પણ મળે છે. મદ્રસા તથા જામિઆના ફારિગો તખસ્સૂસાતના માટે જામેઅ અઝહર કાહિરા વગેરેમાં દાખલો લઈ શકે છે. તેમની વેબ સાઈટ પર દર વરસે જાહેરાતો આવે છે. તેમના થકી આપવામાં આવેલી લિંકો થકી પ્રવેશ માટે એપ્લાય કરી શકીએ, છીએ. જેમાં સર્વ પ્રમાણિત ડિગ્રીઓ અપલોડ કરવાની હોય છે. ત્યાંની યુનિવર્સિટીઓના તરફથી જો મંજૂરી મળી જાય છે તો સંબંધિત દેશની એમ્બેસી સંપર્ક કરવાનો હોય છે અને શિક્ષણ મંત્રાલયથી સમર્થન લેવાનું હોય છે.

જ્યાં સુધી હિંદુસ્તાનની યુનિવર્સિટીઓમાં પ્રવેશની વાત છે તો સૌ પ્રથમ કોર્સોની પસંદગી તથા પ્રવેશની કાર્યવાહી કરવાની હોય છે. મદ્રસાના ફારિગ થયેલા તલબા મોટા શહેરો જેમ કે લખનૌ, દિલ્હી, અલીગઢ અને હૈદરાબાદ વગેરેમાં ચાલતા કોચિંગ કલાસોમાં જોડાઈને અને જૂના ટેસ્ટ પેપરોના થકી પરીક્ષાઓની તૈયારી કરી શકે છે.

હિંદુસ્તાનમાં કેટલીક એવી યુનિવર્સિટીઓ છે જે અન્યોની સરખામણીમાં મદ્રસાના ફારિગ થયેલાઓને અધિક આવકારે છે. એમનામાં ખાસ કરીને જામિઆ મિલ્લિયા ઈસ્લામિયા, જામિઆ હમદર્દ, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી અને મૌલાના આઝાદ નેશનલ ઉર્દૂ યુનિવર્સિટી વગેરેનાં નામો લઈ શકાય છે. તલબા એ યુનિવર્સિટીઓના બારામાં માહિતી મેળવે જેમનામાં તેઓ દરખાસ્ત આપવાની ઈચ્છા ધરાવતા હોય, જેથી એ નિશ્ચિત કરવામાં આવી શકે કે તેમની માગણીઓ તથા નીતિ નિયમો શું છે ? એવું નથી કે તેમના સિવાય અન્ય યુનિવર્સિટીઓ મદ્રસાના તલબા માટે વધુ લાભકારક નથી, બેહતર એ જ છે કે આપ વર્ગીકરણના હિસાબે સારી યુનિવર્સિટીઓની પસંદગી કરો અને એક સાથે કમસે કમ ત્રણથી ચાર જગાએ દરખાસ્ત કરો.

એ યુનિવર્સિટીઓમાં આપના માટે ઉર્દૂ અરબી, ઈસ્લામિક સ્ટડીઝના ઉપરાંત પણ ઘણા બધા વિભાગો છે. એટલા માટે તેમના અન્ય વિષયોના બારામાં પણ ચર્ચા વિચારણા કરો. કેમ કે સાયન્સને છોડીને આપ કોઈ પણ વિષયની પસંદગી કરી શકો છો, જેમાં સૌ પ્રથમ તો હ્યુમેનિટાઈઝ્ડ સોશ્યલ સાયન્સ છે. મદ્રસાઓના જે તલબા (સ્ટુડન્ટસ) હ્યુમેનિટિઝ અને સોશ્યલ સાયન્સમાં દિલચસ્પી ધરાવે છે તેઓ ઈતિહાસ, રાજનીતિ, સમાજવાદ, માનસ શાસ્ત્ર, અર્થ શાસ્ત્ર, ફિલોસોફી અને સાહિત્યિક જેવા કોર્સોમાં પ્રવેશની દરખાસ્ત આપી શકે છે. આ કોર્સ લિબરલ આર્ટ અને સામાજિક ઈલ્મોમાં વિશાળ ક્ષેત્ર પૂરુ પાડે છે. અને તલબાને તાલીમ, તેહકીક, જર્નાલિઝમ (પત્રકારત્વ) અને પબ્લિકની સેવાઓ જેવા ક્ષેત્રોમાં કેરીયર માટે તેયાર કરે છે.

એ જ પ્રમાણે વિવિધ ભાષાઓમાં સાહિત્યના ક્ષેત્રમાં પણ સરળતાથી પ્રવેશ મળી જાય છે. તે તલબા જેમને અંગ્રેજી, તર્કી, ફ્રેન્ચ, અરબી, ઉર્દૂ, હિંદી તથા ફારસી વગેરે ભાષાઓમાં દિલચસ્પી છે અથવા કોઈ ભાષાને શીખવામાં તેમનો કોઈ ભૌતિક લાભ સંબંધિત છે તેઓ પોતાની પસંદીદા ભાષાઓના કોર્સોમાં પ્રવેશની દરખાસ્ત આપી શકે છે. આ કોર્સ ભાષા તથા સાહિત્યની ઊંડી સમજ અને અનુવાદ ખુલાસો અને લેખન તથા તક્રીરમાં સારી મહારત તથા લાયકાતની પ્રાપ્તિમાં સહાયક છે.

મદ્રસાના તલબા આજકાલ ક઼ાયદાના કોર્સમાં પણ પ્રવેશ મેળવી રહ્યા છે. તે તલબા જેઓ કાયદામાં દિલચસ્પી ધરાવે છે તેઓ LLBમાં દરખાસ્ત કરી શકે છે. આ કોર્સ હિંદુસ્તાની કાયદાકીય વ્યવસ્થા, સિવિલ ક઼ાનૂન, ફોજદારી ક઼ાનૂન, અને આંતર રાષ્ટ્રીય કાયદા જેવા વિષયોને સમાવે છે અને તલબાને ક઼ાયદાકીય ધંધામાં કેરીયર બનાવવાના માટે તૈયાર કરે છે.

તાલીમનો વિભાગ પણ મહત્વનો વિભાગ છે. મદ્રસાના જે તલબા દર્સ તથા તદરીસ (ટીચિંગ)માં દિલચસ્પી ધરાવે છે તેઓ B.A. કરીને બેચ્લર ઓફ એજ્યુકેશન (બી.એડ) માટે દરખાસ્ત આપી શકે છે. અથવા ગ્રેજ્યુએશન વગર ડિપ્લોમા ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (ડી. એલ. એડ)માં પ્રવેશ મેવળી શકે છે. આ કોર્સ તાલીમી નિયમો અને ટીચિંગમાં મજબૂત પાયાઓ પૂરા પાડે છે અને તલબાને ઉસ્તાદો, સહાયકો તથા શૈક્ષણિક વ્યવસ્થાપકોના તરીકે કેરીયરના માટે તૈયાર કરે છે.

મેનેજમેન્ટ પણ એક સારો વિકલ્પ બની શકે છે. જે તલબા કારોબાર તથા મેનેજમેન્ટમાં રસ ધરાવે છે તેઓ મેનેજમેન્ટના કોર્સ (જેમ કે બેચલર ઓફ બિઝનેશ એન્ડ એડમિનિસ્ટ્રેશન (BBA)માં પ્રવેશ માટે દરખાસ્ત આપી શકો છો. આ કોર્સ એકાઉન્ટ, ફાઈનાન્સ, માર્કેટિંગ અને માનવ માધ્યમો જેવા વિષયોને આવરી લે છે. વર્તમાન સમયનો તક઼ાઝો એ પણ છે કે કોઈ ટેકનિકલી પધ્ધતિ જરૂર હાંસલ કરી લે, જો કેવળ કોમ્પ્યુટરની વાત કરીએ તો એમાં હજારો કોર્સો છે. આ બાબતે રોજગારથી જોડવા અને લોકોને સ્વાવલંબી બનાવવાના માટે ઘણી બધી યુનિવર્સિટીઓ ઈન્ટર પ્રિનોરશીપ ડેવલપમેન્ટ હેઠળ વિવિધ પ્રકારની મહારત પર આધારિત પ્રોગ્રામ ચલાવે છે જેમાં નવયુવાનોને ટેલરીંગ, બેંકિંગ અને ઈલેક્ટ્રીક વગેરેનાં નાના મોટા સર્ટિફિકેટોના કોર્સ કરાવવામાં આવે. તેની ફી પણ ઘણી મામૂલી હોય છે, બલ્કે કેટલીક જગાઓ પર તો ફી પણ નથી લેવામાં આવતી. જે લોકો ઉચ્ચ શિક્ષણ નથી મેળવવા ચાહતા અને કારોબારમાં ધ્યાન લગાડવા ચાહે છે તેમના માટે આ એક બેહતરીન ઓપ્શન થઈ શકે છે કેમ કે એમાં પ્રવેશના માટે કેવળ આઠમી પાસ અને અમુક જગાએ તો વાંચતાં આવડતુ હોય એટલા પર આપને એના લાયક સમજી લેવામાં આવે છે.

આજના કોલમમાં આ થોડીક ટૂંકી વાતો નિર્દેશરૂપે રજૂ કરવામાં આવી છે. જો તમે મદ્રસાઓની તાલીમ પછી યુનિવર્સિટીની વાટ પકડવા ચાહો છો તો આપના માટે આ વાતો યક઼ીનન લાભદાયી થશે, નહીં તો આપનો મજબૂત ઈરાદો, મહેનત, લગન અને આપનો પોતાનો જઝબો બલ્કે જુનૂન જ સર્વ કાંઈ છે.

આજકાલના ખાસ સંજોગોમાં એ વાત પણ ઘણી જરૂરી થઈ જાય છે કે કોઈ પણ પ્રકારની માયૂસી (ઉદાસીનતા), કમજોરી અને સંજોગો સામે હથિયાર હેઠાં મૂકી દેવાની માનસિકતા તદ્દન પેદા ન થવા દો. પોઝિટિવ સોચ, સખત મહેનત અને લાભદાયી આયોજન સાથે આગળ વધતા રહો, કેમ કે જિંદગીમાં એ જ લોકો કામયાબ થાય છે જેઓ કાલના માટે આજે જ આયોજનો કરે છે અને પછી એના પર એકાગ્રતાથી અમલ કરે છે. *(માહનામા અશરફિયા–મુબારકપુર, માર્ચ/એપ્રિલ–૨૦૨૩)*

## ઈખરમાં શાનદાર સુન્ની ઈજતેમા યોજાયો

**ઈખર** : (તા. આમોદ) ખાતે તા. ૧૧–૦૬–૨૦૨૩ રવિવારે ઈશા બાદ મસ્જિદે ગરીબ નવાઝની બાજુના વિશાળ મેદાનમાં સુન્ની ઈજતેમા "પયગામે ખલીલુલ્લાહ હઝરત ઈબ્રાહીમ علیہ السلام"ના ટાઈટલ હેઠળ યોજાયો જેમાં ઔલાદે ગૌષે આ'ઝમ, આલે રસૂલ, ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ હઝરત ખલીલુલ્લાહ علیہ السلامની જિંદગીથી સંબંધિત વાક્યાઓનો ઉલ્લેખ કર્યો હતો જેના આધારે સુન્ની અકીદાની હક્કાનિયતની મજબૂત દલીલો પેશ કરી હતી તથા નેક અમલોવાળી જિંદગી જીવવા પણ આપે તાકીદી નસીહતો કરી હતી. બહોળી સંખ્યામાં વિશાળ મેદાનમાં અહલે સુન્નતની અવામે હાજરી આપી હતી. બહેનોએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી ફયઝાને ખલીલી હાંસલ કર્યો હતો. એ જ દિવસે અસરની નમાઝ બાદ સાપા (તા. કરજણ)ની મસ્જિદમાં પણ હઝરતે ઈમામ અફરોઝ બયાન કર્યું હતું.

**ચાંચવેલ** : (તા. વાગરા) ખાતે તા. ૯–૬–૨૦૨૩ જુમ્આના રોજ ઈશા બાદ અહમદ વલી નાથાની નેક દુખ્તરની શાદીના પ્રસંગે મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ મૌલાના સાદિક રઝવી સાહબ (મુંબઈ)એ તશરીફ લાવીને શાનદાર ઈસ્લાહી બયાન શાદીના વિષયે કર્યું હતું.

www.barkatekhwaja.net

## સુન્ની દા'વતે ઈસ્લામી થકી હજજ તર્બિયતી કેમ્પ યોજાયા

**ભરૂચ** : પીર છત્તર મસ્જિદ ખાતે તા. ૪–૬–૨૦૨૩ સવારના નવ વાગ્યાથી ચાર વાગ્યા સુધી હાજી સાહેબાન માટે સુન્ની દા'વતે ઈસ્લામી આયોજીત હજ્જ તર્બિયતી કેમ્પ યોજાયો હતો. જેમાં ઘણી સંખ્યામાં પુરૂષ હાજીઓ તેમજ બહેનોએ હાજરી આપી હજ તથા ઝિયારત વિશે વિવિધ મસાઈલ તથા તેના તરીકા વિશે જાણકારી પ્રેક્ટિકલ રીતે પણ મેળવી હતી. હજની ફઝીલત તથા અન્ય મસાઈલ બાબતે હઝરત મૌલાના અલ્તાફ મિસ્બાહી–ચાંચવેલી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ) સાહબે માલૂમાતી બયાન કર્યું હતું. મુફતી સલીમ મિસ્બાહી (પીપળીયાવાળા)એ કેટલાક સવાલોના જવાબો આપ્યા હતા. ત્યાર બાદ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ હાફિઝ અબ્દુર્રહીમ બરકાતીએ મસાઈલ તથા પ્રેક્ટિકલી હજ્જનો તરીકો શીખવ્યો હતો. બપોરના વિરામમાં હાજી સાહેબાનને માટે જમવાની વ્યવસ્થા પણ રાખી હતી. તે ઉપરાંત **બોડેલી, લુવારા, વડોદરા, મોડાસા, જેતપુર, જામ ખંભાલિયા** વગેરે સ્થળોએ પણ "હજ તર્બિયતી કેમ્પો"નું આયોજન થયું જેમાં હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ હાજીઓની તર્બિયત કરી હતી.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

**દયાદરા** : ખાતે જનાબ મુબારક અહમદ ચાંદની સુપુત્રી ફાતિમા (ઉમર ૫ વરસ)નો ઈન્તેકાલ મંગળવાર તા. ૨૩–૫–૨૦૨૩ મુ. ચાંદ ૨–ઝીલકઅદા, હિ.સ. ૧૪૪૪ના રોજ થયો.

**લંડન** : ખાતે હાજી યાકૂબ મસ્તુ દયાદરાવાળાનો ઈન્તેકાલ જુમેરાત તા. ૫–૭–૨૦૨૩, ૧૫ ઝી કઅદા હિ.સ. ૧૪૪૪ના રોજ થયો. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે* ***દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ*** *ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ધ્રોલ ખાતે જનાબ હાફિઝ આદમ રઝવીનો ઈન્તેક઼ાલ

ધ્રોલ : મુકામે અમીને શરીઅત એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ (જિ. ભાવનગર)ના પ્રમુખ હાફિઝ આદમ રઝવી (વોરા સમનીવાળા)નો તા. ૯–૬–૨૦૨૩, જુમ્આના રોજ, મુ. ચાંદ ૧૯ ઝી ક઼અદા હિ.સ. ૧૪૪૪ના થયો છે જેમની દફનવિધિ ધ્રોલ મુકામે શનિવારે અસર બાદ રાખવામાં આવી. મર્હૂમ એક ખુશ ઈલ્હાન ક઼ારી તથા અચ્છા નઅતખ્વાં પણ હતા. તૂતીએ કાઠિયાવાડથી ઓળખાતા હતા. મેં જનાબ હાફિઝ આદમ કંબોલ્વી સાહબને ત્યાં શાદી પ્રસંગે કંબોલી મુકામે આ'લા હઝરતે લખેલ નઅત "ફિરકે ગલી ગલી તબાહ..." મર્હૂમ હાફિઝ સાહબના કંઠથી સાંભળી હતી, જે યાદગાર છે. ઉમદા મુક઼ર્રિર, મદ્રસાના કુશળ સંચાલક સાથોસાથ ખુશ અખ્લાક઼ ઉમદા સ્વભાવના ઈન્સાન હતા. લગભગ ૪૦–૫૦ વરસોથી ધ્રોલ ખાતે આપ મજકૂર ટ્રસ્ટના સંચાલનમાં હતા જ્યાં દીની તાલીમની સાથોસાથ ધો. ૧૨ સુધી સ્કૂલ ચાલે છે. દીની તાલીમ સ્કૂલ સાથે બહેનો માટે પણ છે તેમજ હલદરવા (પાલેજ પાસે) તેમજ સૌરાષ્ટ્રમાં એની બ્રાન્ચો પણ ચાલે છે. સારાંશ સારી એવી આપની ખિદમતો છે. અલ્લાહ કરીમ ક઼બૂલ ફર્માવે, આપની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, ઘરવાળાં તથા સાથી મિત્રો, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*

www.barkatekhwaja.net

## જાણો... દુનિયાનો સૌથી શિક્ષિત વ્યક્તિ મુસ્લિમ છે

(કે.બી.સી. ન્યુઝ–ભાવનગર, તા. ૨૪–૦૫–૨૦૨૩, બુધવાર) ભારતીય "અબ્દુલ"ને પંચરપુત્ર કહીને અપમાનિત કરવાવાળા લોકોને એક આફ્રિકી "અબ્દુલે" ખૂબ જ મોટો અને જબરદસ્ત જવાબ આપ્યો છે.

દુનિયામાં સૌથી વધુ ભણેલ અને શિક્ષિત વ્યક્તિ કોણ છે ? આ વ્યક્તિ અમેરિકા, યુનાઈટેડ સ્ટેટ્સ અને યૂરોપ જેવા દેશોમાં નથી જ્યાં વિશ્વની મહાન યુનિવર્સિટી જ છે. પણ આ વ્યક્તિ પછાત કહેવાતા આફ્રિકી દેશ સિયેરા લિયોનથી છે જેનું નામ છે ડૉ. અબ્દુલ કરીમ બાંગુરા. દુનિયામાં સૌથી વધુ ભણેલા અને શિક્ષિત વ્યક્તિ તરીકે ડૉ. અબ્દુલ કરીમ બાંગુરાને માનવામાં આવે છે.

ડૉ. અબ્દુલ કરીમ લેખક, એકેડમિક એડમિનિસ્ટ્રેટર, રિસર્ચર અને વૈજ્ઞાનિક છે. તેમની પાસે કુલ મળીને પાંચ પીએચડી છે. અબ્દુલ કરીમનો જન્મ ૨૬ ઓગસ્ટ ૧૯૫૩ના દિવસે સિએરા લિયોનના બો પ્રાતમાં થયો. તેમનું પિતાનું નામ અલી કુંડા બાંગુરા હતું જે પોતે એક ઈન્જીનીયર હતા.

એક ઈન્ટરયુમાં તેમણે જણાવ્યું હતું કે તે પોતાના પિતાથી ઘણા પ્રભાવિત છે. તેમણે કહ્યું કે મારા મર્હૂમ પિતાએ મને લખવા માટે ખૂબ જ મદદ કરી હતી. તેમણે મને હમેશાં અન્યાય વિરુદ્ધ અને શોષણ વિરુદ્ધ લડવાનું શિખવ્યું, સાથે જ બતાવ્યું કે હમેશાં શોષિત વ્યક્તિ અને કમજોર વ્યક્તિ સાથે ઉભા રહેવું જોઈએ.

જો અબ્દુલ કરીમની પીએચડી ડિગ્રીની વાત કરીએ તો તેમની પાસે પીએચડી ઈન પોલિટીક્લ સાઈન્સ, પીએચડી ઈન ડેવલપમેંટ ઈકોનોમિક્સ, પીએચડી ઈન લિંગવિસ્ટિક, પીએચડી ઈન કોમ્પ્યુટર સાઈન્સ અને પીએચડી ઈન મેથેમેટિક્સ છે.

વધુમાં બીએ ઈન ઈન્ટરનેશનલ સ્ટડીજ, એમ ઈન ઈન્ટરનેશનલ અફેયર્સ અને એમએસ ઈન લિંગવિસ્ટિકની ડિગ્રી પણ છે. અબ્દુલ કરીમે ૩૫ પુસ્તકો અને ૨૫૦ સ્કોલી આર્ટિકલ લખ્યા છે. તે કુલ મળીને ૧૮ ભાષાઓ બોલી શકે છે. જેમાં ઈંગ્લીશ ટેમને, મેડે કરે, કુલા, કોનો, લિંબા, શેર્બો સ્વાહિલી, સૈની, ફ્રેંચ, અરબી, હિબ્રુ, જર્મન અને સ્વીડિશ સામેલ છે. હમણા તાજેતરમાં તેમણે અમેરિકાની નાગરિક્તા મેળવી છે. આમ એક કાળો "અબ્દુલ" આફ્રિકાથી અમેરિકા થઈ પૂરા વિશ્વમાં 'નંબર વન" થઈ ગયો...!!